બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા *(માસિક)*

**ઓકટોબર-૨૦૨૫**

રબીઉલ્ આખર – જમાદિઉલ્ અવ્વલ
હિજરી સન : ૧૪૪૭

વર્ષ : ૨૨, અંક : ૧૦, સળંગ અંક : ૨૬૧

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/– |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/– |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/– |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/– |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)

## ● અનુક્રમણિકા ●

| | | |
|---|---|---|
| 01 | **સહાબાએ કિરામ** رضوان اللہ تعالٰی علیہم اجمعین **નો ઈશ્કે રસૂલ** | 04 |
| 02 | મીલાદુન્નબી صلی اللہ علیہ وسلم મનાવવા વિશે વહાબિયત પહેલાંના અરબ ઉલમાના ફત્વાઓ... | 05 |
| 03 | મસ્જિદોમાં નમાઝ બાદ જોરથી ઝિક્ર તથા દુરૂદો સલામ પઢવા વિશે | 09 |
| 04 | નબી વલીથી મદદ માગવી ન શિર્ક છે ન બિદઅત ! | 12 |
| 05 | દરબારની આ શાન છે તો સરકારનો આલમ શો હશે ?! | 20 |
| 06 | સર્વ શ્રેષ્ઠ અખ્લાકવાળા આપણા નબી صلی اللہ علیہ وسلم | 25 |
| 07 | નબી કરીમ صلی اللہ علیہ وسلم નું રાજ્ય કારોબારનું બંધારણ | 32 |
| 07 | નબીયે રહમત صلی اللہ علیہ وسلم અને બાળકો | 38 |
| 09 | લિબાસે રસૂલ صلی اللہ علیہ وسلم | 41 |

## નઅતે મુસ્તફા صلی اللہ علیہ وسلم

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

હમારે દર્દે જિગર કી કોઈ દવા ન કરે,
કમી હો ઈશ્કે નબી મેં કભી ખુદા ન કરે
રૂખે નબી સે હય ફિર લાફ ઝિંદગી ગુલ કો
ખુદા કિસી કો બસ ઈત્ના ભી ના–સઝા ન કરે
ઈશારા કર દેં અગર વો કમાને અબરૂ કા
હમારા તીરે દુઆ, ફિર કભી ખતા ન કરે
કદે નબી કે સિવા કુછ હમેં નહીં ભાતા
હમારે આગે કોઈ ઝિક્રે સરોકા ન કરે
હમારે દેખે હૂએ હંય મદીને કે ઝર્રે
સુના દો મહેર કો, અબ દા'વ–એ–ઝિયા ન કરે
નહીં મૈં રોતા હૂં, કુછ યાદે બાગો–ગુલશન મેં,
હમારે રોને પે, ઐ ગુલ, કોઈ હંસા ન કરે
ખિલેગા ગુન્ચ–એ–દિલ, ગુલ કી બાદે સમન સે,
હઝાર બાર અર્ક રેઝિયાં સબા ન કરે
યે દિલ કો ભાયા ગુલ, ઝખ્મ ઈશ્ક઼ કા લિખા
હઝાર ફૂલે ચમન, ક઼સ્દે ઈન્તેહા ન કરે
**'રઝા'**એ નામા સિયાહ કા, કહાં ઠિકાના હય
શફાઅત ઉસ કી જો મેહશર મેં મુસ્તફા ન કરે

# સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો ઈશ્કે રસૂલ

તંત્રી લેખ..

ઈશ્કે રસૂલની દોલત નસીબદારોને જ મયસ્સર થાય છે, અને એમાં સૌથી વિશેષ નસીબદાર સહાબાએ કિરામ હતા. સહાબાએ કિરામના સીનાઓ પર અન્વારે રિસાલત ડાયરેક્ટ પડયા હતા. તેમણે પોતાના ઘરબાર, પોતાની માલમતા, પોતાનું સર્વસ્વ હુઝૂરે અન્વર ﷺની ખાતર લૂટાવી દીધું.

સિદ્દીકે અકબર رضی اللہ عنہને જુઓ. હજી ઈસ્લામની શરૂઆત હતી મક્કાની વસ્તી કાફિરોથી ભરાયેલી હતી. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ આપ ﷺની મહોબ્બતથી ચૂર હતા. નબી પાક ﷺથી અરજ કરી કે મને ઈજાઝત આપો કે હું લોકોને જાહેરમાં આપની રિસાલતની ખબર આપુ અને આપનાથી ફયઝયાબ થવાની દાવત આપું. નબી ﷺએ ફર્માવ્યું, હે અબૂબક્ર ! થોડી સબ્રથી કામ લો ! અત્યારે આપણે સંખ્યામાં ઓછા છીએ. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ પર હ઼ાલનો ગલ્બો છવાયેલો હતો, તેમણે ફરી આગ્રહ કર્યો ત્યાં સુધી કે હુઝૂર ﷺએ ઈજાઝત આપી દીધી તો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ કશાય ખૌફ તથા ખતરાને ગણકાર્યા વિના લોકોને અલ્લાહ અને તેના રસૂલની તરફ દાવત આપી. અલબિદાયા વન્નિહાયામાં હાફિઝ ઈબ્ને કષીર લખે છે : હુઝૂર ﷺના એલાને નબુવ્વત બાદ હઝરત અબૂબક્ર પ્રથમ ખતીબ છે જેમણે અલ્લાહ અને રસૂલની તરફ લોકોને બોલાવ્યા.

મક્કાના મુશ્રિકો આપના પર તૂટી પડયા. આપને સખત મારપીટ કરી. આપના કબીલાવાળાઓએ વચ્ચે પડીને આપને છોડાવ્યા અને ઘરે લાવ્યા. બેહોશ થઈ ગયા હતા અને લોકોને જાન જવાનો ખતરો લાગ્યો. દિવસભર બેહોશ રહ્યા. જ્યારે સાંજે હોશ આવ્યો તો આપના ઘરવાળાં કબીલાવાળા આપની પાસે હતા. હોશમાં આવતાં જ પ્રથમ વાત તેમણે એ પૂછી કે, રસૂલુલ્લાહ ﷺ ક્યાં છે અને કઈ હાલતમાં છે ?! તેમના કબીલાના લોકો આ સાંભળી ગુસ્સે થઈને એવું કહેતા કહેતા ચાલ્યા ગયા કે જેમના લીધે તમને આ માર તથા બેઈજ્જતી વેઠવી પડી તો હોશમાં આવતાં જ ફરી તેમનો જ હાલ પૂછો છો ?! તે આંધળાઓને શું ખબર કે તેમની ખાતર સખ્તીઓ વેઠવામાં જે લિજ્જત છે તે દુનિયાદારોને ફૂલોના બિસ્તર પર પણ હાંસલ નથી થતી ! સૌ આપનો બોયકોટ કરવાની ધમકી આપી ચાલ્યા ગયા.

આપની માએ ખાવાનું કાઢીને કહ્યું કે દિવસભરના ભૂખ્યા છો, થોડુ ખાય લો ! અબૂબક્રે કહ્યું, મા ! ખુદાની કસમ ! હું ખાણુ ચાખીશ નહીં ન પાણી પીશ જ્યાં સુધી હુઝૂર ﷺનો દીદાર ન કરી લઉં. હઝરત ઉમરનાં બહેન ઉમ્મે જમીલે આવીને કહ્યું કે, હુઝૂર ﷺ સહી સલામત છે અને દારે અરકમમાં છે. અબૂબક્ર ઝખ્મોથી ચૂર હતા, ચાલવાની શક્તિ ન હતી. માના સહારે બારગાહે રિસાલતમાં હાજર થયા. હુઝૂર ﷺ તેમના પર ઝુકી પડયા, અને તેમને ચૂમ્યા. હુઝૂરની આંખો આંસુથી ભરાયલી હતી. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતમાં પોતાની સર્વ તકલીફો ભૂલી ગયા.

એક સહાબીની આંખો જતી રહી. લોકો ખબર લેવા માટે આવ્યા તો કહેવા લાગ્યા, આ આંખો તો મને એટલા માટે પ્યારી હતી કે એનાથી રસૂલે કરીમ ﷺની ઝિયારત થતી હતી. જ્યારે તે જ ન રહ્યા તો આ આંખોના જવાનો શું ગમ ?! કેટલાક સહાબા તો એવા પણ હતા કે જીવનનો સર્વ કારોબાર છોડી છાડીને હુઝૂરની ખિદમત માટે પોતાને વક્ફ કરી ચૂક્યા હતા. અનુસંધાન વધુ માટે ટાઈટલ પેજ-૩ પર જુઓ..

# મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે.... / વહાબિયત પહેલાંના અરબના ઉલમાના ફત્વાઓ...

કાર્યાલય

નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ
સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !

વર્તમાનકાળના સઊદી નજદી વહાબી જેમણે સેંકડો વરસથી હિજાઝ મુકદસની ભૂમિ અરબ પર જે સુન્ની ઉષ્માની તુર્કી હુકૂમત હતી જેમના સમયમાં સેંકડો વરસો સુધી નબીએ કરીમ ﷺની મીલાદ શરીફ શાનો શૌકતથી મક્કા–મદીના તેમજ અરબ દેશોમાં મનાવવામાં આવતી હતી. તે સુન્ની ઉષ્માની હુકૂમતને અંગ્રેજોના જોરે બગાવત કરીને જબરદસ્તી લગભગ **ઈ.સ. ૧૯૨૩** પછી પચાવી પાડી અને આ મુહમ્મદ અબ્દુલ વહહાબ નજદી ગુસ્તાખે રસૂલના ચેલાઓ સઊદીઓએ વહાબિયતનો ફેલાવો કર્યો. હુઝૂર ﷺની ગુસ્તાખીઓ કિતાબોમાં લખી તેમજ હરમૈન શરીફૈનના મોતબર્રક સ્થળો, અહલે બયત તથા હઝરત ઉષ્માનગની તથા અન્ય સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین નાં મઝારોને બુલડોઝરો વડે તોડી જન્નતુલ મા'લા તથા જન્નતુલ બકીઅને મેદાનમાં ફેરવી દીધાં. અને નબી વલીની તા'ઝીમને તથા તેમનાથી મદદ માગવાને શિર્ક ઠરાવ્યું, મીલાદુન્નબી ﷺ મનાવવાને હરામ ઠરાવ્યું.....વગેરે. આજે હિંદુસ્તાનમાં તેમના ચેલાઓ વહાબી, ગૈર મુકલ્લિદ, દેવબંદી..... વગેરે એવું કહીને લોકોને ગુમરાહ કરવાનો પ્રયત્ન કરે છે કે, ''અરે ! જ્યાંથી ઈસ્લામનો ઉદ્‌ભવ થયો ત્યાં તો મીલાદુન્નબી (ﷺ) નથી મનાવાતો, ત્યાંના ઉલમા તો હરામ કહે છે, તો પછી આપણે કઈ રીતે મનાવી શકીએ ?!'' પણ વહાબિયત પહેલાં હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમાના મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે શું હુકમો છે તેને વાંચો અને વહાબી દેવબંદીઓના દુષ્પ્રચારથી ફેલાતી ગુમરાહીને દૂર કરો.

## મીલાદુન્નબી ﷺ વિશે વહાબિયત પહેલાંના અરબના ઉલમાના ફત્વાઓ

અત્રે અરબના ઉલમાના ફત્વા ટૂંકાણમાં રજૂ કરીએ છીએ જેને હિ.સ. ૧૨૮૮ (ઈ.સ. ૧૮૭૧)માં મોલ્વી અબ્દુર્રહીમ સાહબ દહેલ્વી મેળવી લાવ્યા હતા અને તેને કિતાબ ''રૌઝતુન્નઈમ''માં અંતના ભાગમાં છાપ્યા હતા. સવાલ આ પ્રમાણે છે :

**સવાલ** : શું કહો છો તમે, અલ્લાહ તમારા પર રહમ કરે કે હઝરત ﷺનો મૌલુદ પઢવો અને ખાસ ઝિક્રે વિલાદતના સમયે કયામ કરવો, દિવસ નક્કી કરવો, મકાનને ડેકોરેટ કરવું (સજાવવું), ખુશ્બુ લગાડવી, કાંઈક કુર્આનમાંથી પઢવું, મુસલમાનોને ખાવા ખવડાવવું જાઈઝ છે કે નહીં ? એના પર સવાબ મળે છે કે નહીં !

## મક્કા શરીફના ઉલમાનો જવાબ

**જવાબ** : મીલાદ શરીફ વર્ણવેલ રીતે કરવામાં આવે તો સારા મુસ્તહબોમાંથી છે. એનો ''મુન્કિર'' (નકારનારો) ''બિદઅતી'' છે. કેમ કે તેણે ઈન્કાર કર્યો એવી ચીજનો જે અલ્લાહ અને મુસલમાનોની નજીક સારી છે. જેમ કે ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની હદીષમાં આવ્યું છે કે, ''જે ચીજને મુસલમાન સારી જાણે તે અલ્લાહની નજીક પણ સારી છે.'' અને મુસલમાનોથી મુરાદ કામિલ મુસલમાન છે જેઓ આમિલ પણ હોય. અને અરબ

તથા મિસ્ર તથા શામ (સીરિયા) અને રોમ તથા ઉન્દલુસના સર્વ ઉલમાએ મીલાદ શરીફને સારી જાણી છે. પૂર્વજ બુઝુર્ગોથી આજ સુધી એ ''ઈજમાઅ'' થઈ ગયો છે. અને જે ચીજ ઈજમાઅથી સાબિત થાય તે હક્ક઼ હોય છે. હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, ''મારી ઉમ્મત ગુમરાહી પર એકમત થશે નહીં.'' જેથી શરીઅતના હાકિમે જોઈએ કે મીલાદ શરીફના મુન્કિર (નકારનાર)ને શિક્ષા આપે. અને અલ્લાહ ખૂબ જાણનાર છે.

**ફત્વો આપનાર મક્કા શરીફના ઉલમાનાં નામો :** ★ સિરાજે હન્ફી : અબ્દુર્રહમાન ★ મુફતીએ શાફઈ : અહમદ દહલાન ★ મુફતીએ હંબલી : હસન ★ અબ્દુર્રહમાન જમાલ : હનફી ★ હસન તૈયબ : હનફી ★ મુહમ્મદ શરક઼ી : મુફતીએ માલિકી ★ સુલૈમાન ઈસા ★ અબ્દુલ ક઼ાદિર ખૂકીર ★ ઈબ્રાહીમ અલ્ફિતન ★ મુહમ્મદ જારુલ્લાહ ★ અહમદ દાગિસ્તાની ★ અબ્દુલ ક઼ાદિર શમ્સ ★ અબ્દુર્રહમાન આફંદી ★ અહમદ અબુલ ખૈર ★ અબ્દુલ ક઼ાદિર સખીની ★ મુહમ્મદ સઈદ ★ અબ્દુલ મુત્તલિબ ★ અહમદ કમાલ ★ મુહમ્મદ સઈદ અલ્અદીબ ★ અલી જૂદા ★ સૈયદ અબ્દુલ્લાહ કૌશક ★ હુસૈન અરબ ★ ઈબ્રાહીમ નવ મૂસા ★ અહમદ અમીન ★ શયખ ફિરદૌસ ★ અબ્દુર્રહમાન અજમી ★ અબ્દુલ્લાહ મશાત ★ અબ્દુલ્લાહ ક઼માશી ★ મુહમ્મદ બિલ્સબીલ ★ મુહમ્મદ સિયૂતી ★ અલી રહીતી ★ મુહમ્મદ સાલેહ ઝવારી ★ અબ્દુલ્લહ ઝવારી ★ મુહમ્મદ હબીબુલ્લાહ ★ અહમદ ખરાવી ★ અબ્દુલ્લાહ ઝવારી ★ સુલૈમાન ઉક઼બા ★ ઉમર સૈયદ શતી ★ અબ્દુલ હમીદ દાગિસ્તાની ★ મુસ્તફા અફીફી ★ મન્સૂર ★ મન્શાવે ★ મુહમ્મદ રાઝી.

## મદીના મુનવ્વરાના ઉલમાનો જવાબ

''તો જાણી લો કે જે કાંઈ કહેવામાં આવે છે મીલાદ શરીફમાં ખાવા ખવડાવવું અને પાક ચીજોનો ખર્ચ કરવો અને વિલાદત શરીફના ઝિક્ર વખતે ઉભા થવું અને ખુશી પ્રદર્શિત કરવી (જેમ કે પેંડા, મીઠાઈ વહેંચવી) એમાં શંકા નથી કે આ **સારી બિદઅત** તથા **મુસ્તહબ** છે અને **મહાન ફઝીલતવાળુ મુસ્તહબ કાર્ય** છે. એનો **ઈન્કાર તે જ કરશે કે જે બિદઅતી હશે** જેથી એનું કહ્યું સાંભળવું જોઈએ નહીં. બલ્કે ઈસ્લામનો હાકિમ એને તઅઝીર એટલે સજા આપે. અને અલ્લાહ સારી રીતે જાણે છે. અને રહમતે કામિલા મોકલે અલ્લાહ આપણા સરદાર મુહમ્મદ ﷺ પર, અને એમની આલ પર અને અસ્હાબ પર, અને સલામ મોકલે.

**જવાબ આપનાર મદીના શરીફના ઉલમા :** ★ મુહમ્મદ અમીન ★ જઅફર હુસૈની બરઝંજી ★ અબ્દુલ જબ્બાર ★ જમાલુદ્દીન સૈયદ ★ ઈબ્રાહીમ બિન ખિયાર ★ યુસૂફ સૈયદ ★ સૈયદ મુહમ્મદ અલી ★ સૈયદ અબ્દુલ્લાહ બિન સૈયદ અહમદ ★ મુહમ્મદ ઈબ્ને અહમદ રિફાઈ ★ ઉમર બિન અલી ★ અલી હરીરી ★ સૈયદ મુસ્તફા ★ અહમદ સિરાજ ★ હસન અદીબ ★ અબ્દુલ બરકાત ★ અબ્દુલ ક઼ાદિર મશાત સૈયદ સાલિમ અહમદ અહબશી ★ મુહમ્મદ નૂર સુલૈમાની ★ અબ્દુર્રહીમ અલ્બરઈ ★ મુહમ્મદ ઉષ્માન કરદી ★ ક઼ાસિમ ★ અબ્દુલ અઝીઝ હાશમી ★ યૂસુફ રૂમી ★ મુહસિન ★ મુબારક ઈબ્ને સઈદ ★ હામિદ ★ મુહમ્મદ ★ હાશિમ બિન હસન ★ અબ્દુલ્લાહ ઈબ્ને અલી ★ અબ્દુર્રહમાન સફૂરી.

## જિદ્દાના ઉલમાનો જવાબ

''તો જાણી લો કે મૌલુદ શરીફ પઢવું (સવાલમાં) વર્ણવેલ રીતે એ શરીઅતની રૂએ સારી બિદઅત તથા મુસ્તહબ છે. **ઈન્કાર એનો એ જ કરશે જેના દિલમાં નિફાક઼નો હિસ્સો હશે.** અને કેવી રીતે ઈન્કાર કરે છે ?! જ્યારે અલ્લાહ તઆલા ફર્માવે છે :–

ذٰلِكَ ۚ وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ ﴿٣٢﴾

''અને જે અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ

કરે તો એ દિલોની પરહેઝગારીથી છે.'' (સૂરએ હજ્જ, ૨૨/૩૨) અને અલ્લાહ સારી રીતે જાણે છે.

**જવાબ આપનાર જિદ્દાના ઉલમા :** ★ અલી બિન અહમદ બા સબરૈન ★ અબ્બાસ બિન જઅફર બિન સિદ્દીક઼ ★ અહમદ ફત્તાહ ★ મુહમ્મદ સુલૈમાન ★ અહમદ હબ્લસ ★ મુહમ્મદ સાલેહ ★ અહમદ ઉષ્માન ★ અહમદ બિન અજલાન ★ મુહમ્મદ સદક઼ા ★ અબ્દુર્રહીમ બિન મુહમ્મદ ઝુબૈદી.

## હદીદાના ઉલમાનો જવાબ

વર્ણવેલ વસ્તુઓ સાથે મીલાદ શરીફ પઢવી જાઈઝ છે, બલ્કે મુસ્તહબ છે, કરવાવાળાને સવાબ મળશે. ઘણા બધા આલિમોએ કિતાબો લખી છે અને લોકોને મીલાદ શરીફ મનાવવા પ્રોત્સાહિત કરેલ છે. અને તેમણે કહ્યું છે કે **મીલાદ શરીફનો મુન્કિર (નકારનાર) કોઈ નથી હોતો સિવાય બિદઅતી. એટલે કે બિદઅતી જ મીલાદ શરીફનો ઈન્કાર કરે છે.** જેથી શરીઅતના હાકિમો (ઈસ્લામી બાદશાહે) જોઈએ કે ઈન્કાર કરનારને સજા આપે.

**જવાબ આપનાર હદીદાના ઉલમા :** ★ અલ ફક઼ીર ઈલલ્લાહ યહયા બિન કરમ ★ અલી શામી ★ અલી બિન અબ્દુલ્લાહ ★ મુહમ્મદ બિન સાલિમ આલીશ ★ મુહમ્મદ ઈબ્રાહીમ હશીરી ★ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ ★ મુહમ્મદ બિન દાઉદ બિન અબ્દુર્રહમાન ★ અલી ઈબ્ને ઈબ્રાહીમ ઝુબૈદી ★ અલી ઈબ્ને મુહમ્મદ હબ્બાબ ★ અહમદ બિન મુહમ્મદ ઈબ્નુલ ખલીલ ★ અબ્દુર્રહમાન બિન અલી હઝરમી.

## મીલાદ શરીફ વિશે ચારેવ મઝહબ તથા મસ્લકના ઉલમાના જવાબો

**સવાલ :** મીલાદ શરીફ મનાવવું તથા ક઼યામ કરવો જાઈઝ છે કે નહીં ?

**જવાબ :** મુસલમાનોનો સર્વ ઈસ્લામી શહેરોમાં એના પર અમલ છે. અને **જે જાહિલ બદબખ્ત મના કરે તેનો કોઈ વિશ્વાસ નથી.** *(મુફ્તીએ હનફી–મક્કા)*

- ❑ જમહૂર (બહુમતિ) આગલા પાછલાઓએ આ અમલને સારો જાણ્યો. *(બીજા હનફી મુફ્તી)*
- ❑ જે હનફીએ લખ્યું તે ઘણુ જ દુરુસ્ત છે. *(મુફ્તી માલિકી)*
- ❑ મૌલાનાનો જવાબ અમન મઝહબ છે. કોઈને એમાં ઈન્કાર નથી. *(બીજા માલિકી મુફ્તી)*
- ❑ મીલાદ શરીફનો અમલ સારો છે, કેમ કે એમાં એહસાન છે, અને કુર્આનની કિ઼રાઅત તથા અલ્લાહનો ઝિક્ર તથા ખુશી આનંદ એ હુઝૂર ﷺની મહોબ્બત દર્શાવે છે, અને બેદીનો તથા કાફિરોને જલાવવું છે. તેઓ જોઈને રશ્ક (એક પ્રકારની ઈર્ષા) કરે છે. અને મીલાદ શરીફ તથા ક઼યામ હમેશાં મુસલમાન કરતા રહ્યા છે. અમુકે મુસ્તહબ શબ્દથી અને અમુકે સારી બિદઅત દર્શાવેલ છે. *(મુફ્તીએ શાફઈ)*
- ❑ હા ! મૌલુદનો અમલ મુસલમાનોના ઈજમાઅથી જાઈઝ છે. અને વિલાદતના ઝિક્રના સમયે ઉભા રહેવું અદબ છે, સારું છે. કોઈ શરીઅતની બાબતની વિરૂધ્ધ નથી. અને ઈમામ અહમદના અમલથી એનું જાઈઝ હોવું નીકળે છે કે એમની સમક્ષ ઈબ્રાહીમ બિન તહમાનનો ઝિક્ર થયો. તકીયાથી કમર અલગ કરીને સીધા થઈને બેઠા અને ફર્માવ્યું કે એવું ન જોઈએ કે સાલેહ લોકોનો ઝિક્ર થાય અને અમે તકીયો લગાડીને બેસી રહીએ ! ઈબ્ને અક઼ીલે કહ્યું, એટલા માટે જ્યારે બાદશાહનો હુકમ સંભળાવવામાં આવે છે તો લોકો ઉભા થઈ જાય છે, તો પછી મૌલુદ શરીફમાં ક઼યામનો મસ્અલો તો એનાથી અફઝલ જ થયો. બસ,

જેણે કૃયામ ન કર્યો જ્યારે લોકો એ જ મૌલુદ (કૃયામ કર્યો) તો તેણે જુલ્મ કર્યો, તે ધમકાવવાના પાત્ર છે. *(હંબલી મુફ્તી)*

- ❑ ચારેવ મઝહબોના ઉલમાનો એના પર ઈજમાઅ છે, પછી જે એમનાથી વિખૂટો થઈને એકલો બને તેનો કૌલ મરદૂદ છે *(ખતીબો મુદર્રિસે હરમ)*
- ❑ ઘણો જ સાચો જવાબ છે. એનો વિરોધી તે જ થશે જેની બીનાઈ (આંખોની દષ્ટિ) હક્ક તઆલાએ મિટાવી. *(ઈમામે મસ્જિદુલ હરામ)*
- ❑ મક્કાના મુફતીઓએ જે કાંઈ જવાબ આપ્યો છે એના પર વિશ્વાસ છે અને એમની તરફ રુજૂઅ કરવું (એને માનવું) વાજિબ છે. *(મૌલાના રહમતુલ્લાહ)*
- ❑ જે કાંઈ આ કાગળ (મીલાદ શરીફ, કૃયામ વિશે) લખ્યું છે સહીહ છે, કાંઈ શક નથી. (મોલ્વી મુહમ્મદ અબ્દુલહક્ક. આ આલિમ હિંદુસ્તાનથી હિજરત કરીને અરબમાં સ્થાયી છે. આલિમ, આમિલ, સૂફી, સાહિબે કલ્બે સલીમ, અલ્લાહ તઆલા એમના ઈલ્મમાં બરકત કરે)

યાદ રાખશો કે અમો આ જૂના તથા નવા ફત્વા હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમાના એટલા માટે નકલ કરી આપ્યા કે અમુક ઉલમાએ એહલે સુન્નત એના તરફ છે કે મક્કા મદીનાના ઈજમાઅને દલીલ માને છે, ત્યાં સુધી કે ઈમામ બુખારીએ તો એ ઠરાવી આપ્યું કે દલીલ (હુજ્જત) છે. બુખારીનું લખાણ એ દર્શાવી રહ્યું છે કે હરમૈનની એકમતિ ઈજમાઅ છે.

આ ઉપરાંત બગદાદ શરીફના એ સમયના ઉલમાના અનેક ફત્વા મીલાદ શરીફ મનાવવું જાઈઝ હોવા વિશે આવેલા છે. તે ઉપરાંત દિલ્હી, બરેલી, રામપુર, ફિરંગી મહલના ફત્વાઓ મીલાદ શરીફ મનાવવાનું જાઈઝ હોવા પર આપ્યા હતા જે 'ગાયતુલ મરામ' નામની કિતાબમાં **હિ.સ. ૧૨૭૧ (ઈ.સ.૧૮૫૭)**માં છપાયા હતા. વધુ વિગત માટે તથા અસલ અરબી ફત્વા જોવા માટે વાંચો કિતાબ : ''અન્વારે સાતિઆ દર બયાને મૌલુદો ફાતિહા'' *(પેજ નં. : ૩૬૩ થી ૩૮૩, પ્રકાશક : અલ્મજમઉલ ઈસ્લામી–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

**વાંચકોને અંતિમ ગુઝારિશ :** સારાંશ કે આ સઊદી, નજદી, વહાબી અને હિંદો પાકના વહાબી ગૈર મુકલ્લિદ, દેવબંદી, મૌદૂદી... વગેરે ''અહલે સુન્નત વ જમાઅત''થી અલગ થયેલા નવા અકીદાવાળા નવા ગુમરાહ ફિર્કાઓ છે જેથી એમના ગલત પ્રોપેગન્ડાઓથી બચીને સુન્નિયત પર મજબૂત રહો.

સાથોસાથ એ ગુઝારિશ છે કે જે કામો શરીઅતમાં કોઈ જાતના વિવાદ વિના હરામ છે, જેમ કે બેન્ડ બાજા, ઢોલ ત્રાંસા વગેરેનાં જુલૂસો જેમાં બેપર્દા બેહયા સ્ત્રીઓ પણ ભળે છે, તથા ડી.જે. પર યુવાનો ડાન્સ વગેરે કરે છે, ફટાકડા ફોડવા વગેરે નાજાઈઝ હરામ કામો કરીને મીલાદુન્નબી ﷺ હરગિઝ ન મનાવો. બલ્કે શિસ્તપૂર્ણ રીતે જુલૂસમાં નઅતે પાક, સલાતો સલામ પઢવામાં આવે, સ્ત્રીઓની તેમાં ભેળસેળ ન હોય તથા મીલાદુન્નબી ﷺના જલસાઓમાં તિલાવતે કુર્આન, મેહફિલે નઅત તથા આપ ﷺનો તથા અલ્લાહના નેક બંદાઓ ઝિક્ર, સલાતો સલામ, દુઆઓ પછી ન્યાઝની વહેંચણી વગેરે શરીઅતના વર્તુળમાં રહીને જ કરવામાં આવે તો ફયઝાને મુસ્તફા ﷺથી માલામાલ પણ થઈ શકશો. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકા સૌને નેક હિદાયત આપે. (આમીન). *(વધુ માટે વાંચો કિતાબ : ''અહલે સુન્નતના હક્કનો ચમકાર'' અમારી વેબસાઈટ www.barkatekhwaja.net)*

# મસ્જિદોમાં
# નમાઝ બાદ જોરથી ઝિક્ર તથા દુરૂદો સલામ પઢવા વિશે

લેખક : રઈસુલ્ કલમ હઝરત અલ્લામા અર્શદુલ્ કાદરી رحمۃ اللہ علیہ | અઝ :કાર્યાલય

મસ્જિદોમાં નમાઝ બાદ જોરથી દુરૂદો સલામ પઢવા બાબતે કેવળ કાશ્મિર જ નહીં અન્ય ઠેકાણે પણ આવા વાંધા વહાબીઓ, દેવબંદીઓ વગેરે તરફથી કરવામાં આવે છે તો તેમના માટે આ સવાલ તથા જવાબ સમજવા માટે પૂરતો છે જે હઝરત અલ્લામા અર્શદુલ કાદરી علیہ الرحمۃ والرضوان એ ખૂબ જ સરળ ભાષામાં આપ્યો છે. "બરકાતે ખ્વાજા" ના વાંચકોના લાભાર્થે જેનો અનુવાદ કરી રજુ કરીએ છીએ. –*તંત્રી*

**સવાલ** : લગભગ પાછલાં સાતસો (૭૦૦) વરસોથી (એટલે કે જ્યારથી કાશ્મિરમાં ઈસ્લામ જાહેર થયો) અહીંની લગભગ સર્વ મસ્જિદો તથા દરગાહોમાં ફર્ઝ તથા સુન્નત નમાઝો પછી તમામ સુન્ની મુસલમાનો સંક્ષિપ્તમાં ઝિક્ર અઝકાર તથા દુરૂદ શરીફ **સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ ! વ સલ્લમ અલૈક યા હબીબલ્લાહ!** જોરથી ખૂબ જ એહતેરામ તથા અકીદતની સાથે પઢે છે અને ઉપર્યુક્ત દુરૂદની સાથે નઅત શરીફ જેમાં રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'રીફ તથા તૌસીફ અને હુઝૂરને હયાતુન્નબી જાણીને તેમનાથી રૂહાની ફૈઝ હાંસલ કરવાના માટે મદદ માટે પોકાર પણ કરે છે અને સાથોસાથ **અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા હબીબલ્લાહ !** નો વિર્દ પણ કરે છે. એ જ નિયમ પર સદીઓથી અમારા કાશ્મિરના મીર વાઈઝ ખાનદાનના આ'લા પાયાના રૂહાની ઉલમા તથા ફાઝિલો તથા અસ્લાફ (જેમાં દેવબંદી મસ્લકના પાછલા આલિમો પણ સામેલ છે) અમલ કરતા રહ્યા છે.

હવે વિનંતિ એ છે કે કેટલાયે વરસોથી શાનો શૌકતની સાથે ઉપરોક્ત દુરૂદ શરીફ (સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !) પર કેટલાક લોકો મોટાભાગે ઈમામ સાહબો તથા નમાઝીઓને ટોકતાં વાંધો ઉઠાવે છે કે હદીષોની રોશનીમાં આ દુરૂદની કોઈ સનદ મૌજૂદ નથી, ન તો હિંદુસ્તાન અથવા પાકિસ્તાનની કોઈ બરેલ્વી અથવા સુન્ની મસ્જિદમાં આ દુરૂદને મોટા અવાજે પઢવામાં આવે છે, આ દુરૂદ કેવળ કાશ્મિરની વાદી સુધી જ સીમિત છે. આ દુરૂદને ધંધાદારી મોલ્વીઓ અને કબ્રપૂજક મુલ્લાઓએ કાશ્મિરમાં ચાલુ કર્યું છે તેમજ આ દુરૂદને મસ્જિદોમાં મોટા અવાજે પઢવાથી શોર તથા ઘોંઘાટ પેદા થાય છે જેનાથી મસ્જિદના નમાઝીઓને નમાઝમાં ખલેલ પડે છે પરિણામે મસ્જિદની બેહુર્મતી થાય છે.

હુઝૂર પુરનૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝની અંદર અને નમાઝથી ફારિગ થયા બાદ કેવળ અને કેવળ દુરૂદે ઈબ્રાહીમ પઢવાની તા'કીદ કરી છે જેનો ઉલ્લેખ સહીહ બુખારી તથા મુસ્લિમ તથા અન્ય

હદીષોની કિતાબોમાં મળે છે.

હવે સ્થિતિ એટલે સુધી પહોંચી ચૂકી છે કે ક્રમે ક્રમે દુરૂદે હુઝૂરી જેનો ઉલ્લેખ ઉપર થયો છે તે મોટાભાગની મસ્જિદોમાં ધીરેથી કે જોરથી પઢવાનો રિવાજ ખત્મ થતો જઈ રહ્યો છે.

આપને વિનંતિ છે કે મહેરબાની કરીને પ્રથમ ફુરસદમાં વિગતવાર વર્ણવેલ દુરૂદ જોરથી કાશ્મિરની મસ્જિદોમાં પઢવાના જાઈઝ હોવા બાબતે સંતોષકારક જવાબ લેખરૂપે એનાયત કરશો તો નવાઝિશ થશે. વસ્સલામ.

**(પ્રશ્નકર્તા)** : *સૈયદ મુહમ્મદ અમીન અલ્વી, માજી પ્રમુખ, વર્લ્ડ ઈસ્લામિક મિશન–કાશ્મિર, મુહમ્મદ અબ્દુલ્લાહ દીવ, નાઈબ પ્રમુખ, વર્લ્ડ ઈસ્લામિક મિશન–કાશ્મિર, ડો. મુહમ્મદ રમઝાન ઉવૈસી, મગર મિલબાગ, સરપરસ્ત વર્લ્ડ ઈસ્લામિક મિશન શફાઅત અહમદ હુસૈની, મુહમ્મદ મકબૂલ મીર કુતુબખાના ગૌષિયા, પુલવામિયહ્ ખુર્શિદ જાન કુરૈશી–શ્રીનગર, કાશ્મિર થકી (૭–મે, ૧૯૯૧)*

## ★ અલ્‌જવાબ ★

કાશ્મિરના સહીહુલ અકીદા સુન્ની મુસલમાનો ! વ અલૈકુમુસ્સલામ વ રહ્‌મતુલ્લાહિ વ બરકાતુહ !

**(૧)** એક પરદેશની સફરથી આવ્યા બાદ દિલ્હીમાં જમા થયેલ ટપાલમાં આપનો પત્ર મળ્યો. દુરૂદે હુઝૂરીથી મના કરનારાઓ પર મને સખ્ત અફસોસ છે કે ફર્ઝ તથા સુન્નત નમાઝો પૂર્ણ થયા બાદ જે દુરૂદ શરીફ સાતસો વરસોથી કાશ્મિરની વાદીમાં પઢવામાં આવી રહ્યું છે તેના માટે કહે છે કે તે નાજાઈઝ છે ! સાતસો વરસોના લાંબાકાળમાં જે હજારો આલિમો તથા મશાઈખ તથા ફકીહો તથા ઔલિયાએ દુરૂદના જાઈઝ હોવા પર અમલી રીતે મોહર મારી છે તેના બારામાં એ ફૈંસલો કરવો ઉઘાડી ગુમરાહી ગણાશે કે તેઓ તમામે તમામ એક નાજાઈઝ તથા હરામ ચીજને પાળનાર પોષનાર હતા ! સાતસો વરસના સર્વ ઉલમા તથા મશાઈખને ગુમરાહ ઠરાવવાના બદલે એ ફૈંસલો કરવો આપણા માટે આસાન છે કે આજે જે તબકો (અમુક કિતાબો તથા પુસ્તિકાઓ પઢીને) આ દુરૂદનો મુખાલિફત (વિરોધ) કરી રહ્યો છે તે ગુમરાહ તથા બદ્અકીદા છે. ઈલ્મ તથા તકવો, ખુદાનો ડર અને હક્ક ગોઈમાં આજના લોકો પાછલા સાતસો વરસના આલિમો તથા આમ લોકોથી હરગિઝ નથી વધી શક્તા.

**(૨)** દુરૂદે ઈબ્રાહીમીનું મનકૂલ હોવું હરગિઝ એ વાતને જરૂરી નથી કરતું કે એના સિવાય દુરૂદ શરીફના જેટલા અન્ય તરીકા છે જેને પઢવું નાજાઈઝ તથા હરામ છે ! ૧૪૦૦ વરસની લાંબી મુદતમાં હદીષ તથા ફિકહના ઈમામો તથા ઉમ્મતના મહાન બુઝુર્ગોની લાખો કિતાબો આપણી સમક્ષ છે તેના શરૂઆતના ખુત્બામાં જેટલા પણ દુરૂદો સલામના શબ્દો લખવામાં આવ્યા છે ન તો તે દુરૂદે ઈબ્રાહીમીમાં છે અને તો દુરૂદે ઈબ્રાહીમીની જેમ હદીષની કિતાબોમાં નકલ થયેલ છે. સર્વ લેખકોએ પોત પોતાની પસંદના પ્રમાણે કિતાબના પ્રારંભમાં દુરૂદો સલામના શબ્દો લખ્યા છે. તો શું એના આધારે કાશ્મિરના આ નવા મુઅલ્લિમો ૧૪૦૦ વરસના સર્વ લેખકોને બિદઅત તથા ગુમરાહીના શિકાર ઠરાવશે ?!

અને એટલા દૂર શા માટે જઈએ ! ખૂદ વર્તમાનકાળના હજારો લેખકો છે જેમાં દેવબંદીઓ, અહલે સુન્નત બરેલ્વી, અહલે હદીષ, જમાઅતે ઈસ્લામી, નદવીઓના આલિમો પણ દુરૂદો સલામના જે શબ્દો વાપરે છે તે ન તો દુરૂદે ઈબ્રાહીમી છે અને ન તો દુરૂદે ઈબ્રાહીમીની જેમ હદીષની કિતાબોમાં નકલ થયેલ છે. પરંતુ તેમ છતાં તેમની વિરૂધ્ધ કોઈ ટીકાની જીભ નથી ખોલતુ, ન લેખકોને બિદઅતી તથા ગુમરાહ ઠરાવવામાં આવે છે.

**(૩)** તદ્ઉપરાંત આજે ઉર્દૂ, ફારસી તથા અરબીમાં હજારો મન્ઝૂમ દુરૂદો સલામ છે જેના શબ્દો હદીષની કિતાબોમાં નકલ થયેલા નથી તેમ છતાં કોઈ પણ તેને હરામ અથવા નાજાઈઝ નથી કહેતું, કેવળ હિંદુસ્તાન તથા પાકિસ્તાનમાં જ નહીં બલ્કે રૂએ ઝમીનની સર્વ મુસ્લિમ ઉમ્મતે કશાય નકાર વિના તેને સ્વીકારી લીધેલ છે. જે લોકો આ આધાર પર કાશ્મિરમાં ચાલતા દુરૂદો સલામને નાજાઈઝ તથા હરામ કહી રહ્યા અને કહે છે કે આ દુરૂદ શરીફ ન તો કિતાબ તથા સુન્નતના પ્રમાણે છે અને ન સલફ તથા ખલફની રિવાયતોના મુજબ છે તો એમનું આવું કહેવું કેવળ તેમની અજ્ઞાનતા તથા પોતાના ગુમરાહ કરનારા દિમાગની ઉપજ છે, જેનો કોઈ ઈલાજ નથી !

**(૪)** ફર્ઝ તથા સુન્નત નમાઝના ખત્મ થયા બાદ મોટા અવાજથી દુરૂદો સલામ પઢવાને જો નાજાઈઝ તથા હરામ ઠરાવવામાં આવે તો મસ્જિદોમાં નમાઝ બાદ મોટા અવાજે વાઅઝ તથા તકરીરો કરવી પણ નાજાઈઝ તથા હરામ થશે. જ્યારે કે જે લોકો બુલંદ અવાજથી દુરૂદો સલામ પઢવાની મનાઈ કરી રહ્યા છે તેઓ પણ કાશ્મિરની મસ્જિદોમાં મોટા અવાજે એલાનો પણ કરે છે અને વાઅઝ તથા તકરીરો પણ કરે છે અને તેમને કોઈ પણ મના નથી કરતું કે એનાથી નમાઝમાં ખલેલ પડે છે !


**સારાંશ** કે જે લોકો કાશ્મિરમાં રીવાજ પામેલ દુરૂદો સલામને નાજાઈઝ કહી રહ્યા છે તેમની પાસે મના કરવાના માટે કુર્આન તથા હદીષથી કોઈ દલીલ મૌજૂદ નથી. તો હવે તેનું કારણ એ સિવાય અન્ય કાંઈ નથી કે મુસલમાનોનાં દિલોમાં તેઓ મહબ્બતે રસૂલ તથા હુબ્બે ઔલિયાનો કોઈ જઝબો જીવંત હાલમાં જોવા ચાહતા નથી.

**(૫) યાદ રાખશો** કે **યા રસૂલલ્લાહ !** અને **યા નબીયલ્લાહ !** ની સાથે દુરૂદો સલામના શબ્દો કાશ્મિરના સહીહુલ અકીદા આલિમો તથા મુસલમાનોના ઉપસ્થિત કરેલા નથી બલ્કે આ શબ્દોને અત્તહિય્યાતમાં પણ સામેલ કરી દેવામાં આવેલ છે, જેથી કરીને નમાઝી મસ્જિદોમાં આ શબ્દોની સાથે હુઝૂરને સલામ કરે. અને એ પણ સાંભળી લો કે આ શબ્દોની સાથે રસૂલે કરીમ ﷺ ની બારગાહમાં સલાતો સલામની પેશકશ કેવળ કાશ્મિરની મસ્જિદો સાથે ખાસ નથી, બલ્કે મસ્જિદે નબવી શરીફ હુઝૂર અકરમ ﷺના રોઝા પાક પર આ જ શબ્દો સાથે આખા જગતના મુસ્લિમો હુઝૂરને સલામ પેશ કરે છે.

કાશ્મિરી મુસલમાનોના માટે વિચારવાપાત્ર વાત એ છે કે જ્યારે વહાબી નજદીઓની સત્તા હેઠળ આ સલામ ત્યાં બંધ ન થઈ શકી ! તો કશ્મિરની વાદીમાં જ્યાં આશિકાને રસૂલની સત્તા છે ત્યાં આ સલામ કઈ રીતે બંધ થઈ શકે છે ?! હવે જોવાનું એ છે કે કાશ્મિરના ગૈરતમંદ તથા સરફરોશ મુસલમાનો થોડાક મોલ્વીઓને ખાતર પોતાના રસૂલને છોડે છે અથવા પોતાના રસૂલને ખાતર તે મોલ્વીઓને ઠુકરાવી દે છે ?! સાતસો વરસનો સરમાયો જો આ રીતે લૂંટાતો રહ્યો તો થોડાક વરસો બાદ કાશ્મિરના મુસલમાનો પાસે શું બાકી રહી જશે ?! તેમણે જોઈએ કે પોતાના અકીદા અને પોતાના બુઝુર્ગોના મસ્લકની હિફાઝતના માટે તેઓ પોતાની સફોને વ્યવસ્થિત કરે અને બાતિલ કુવ્વતોની સાઝિશોને નિષ્ફળ બનાવે. વસલ્લાહુ તઆલા અલા ખૈરિ ખલ્કિહી મુહમ્મદિંવ વ આલિહી વસહ્‌બિહી અજમઈન.

**–(લખનાર) અર્શદુલ કાદરી,**

*(બાની વ મોહતમિમ જામિઆ હઝરત નિઝામુદ્દીન ઔલિયા–દિલ્હી, સ્ટ્રીટ નંબર–૨૨–ઝાકિર નગર, દિલ્હી–૨૫, બહવાલા રઈસુલ કલમ નંબર જામે નૂર, દિલ્હી–ઈ.સ. ૨૦૦૨)*



# નબી–વલીથી મદદ માગવી

કાર્યાલય

# ન શિર્ક છે ન બિદઅત !

ઘણા જ અફસોસની વાત છે કે વર્તમાનકાળમાં લોકો દુનિયા કમાવાની લાયમાં કે એશ આરામથી રહીને દીનથી બેપરવા બનીને જીવવામાં ઈમાન તથા અકીદા તેમજ અમલો વિશેનું જ્ઞાન કે જે "ફર્ઝે અયન" છે તેને સમજવા શીખવાની પણ દરકાર નથી કરતા અને છેવટે ગુમરાહીના કે ગુમરાહ ફિર્કાના શિકાર બનીને પોતાની આખેરતને બર્બાદ કરી મૂકે છે. હાલમાં જ કહેવાતા સુન્નીઓ થકી કેટલાક ઠેકાણેથી મને આવી બોલી બોલાતી સાંભળવામાં આવી કે, "આજકાલના આપણા મોલ્વી આલિમો જ હવે શિર્ક તથા બિદઅતમાં પડી ચૂક્યા છે અને નબી તથા વલીથી ડાયરેક્ટ મદદો માગી રહ્યા છે !" આવું કહેવાતા સુન્ની ભાઈ કહી રહ્યા છે ! **આ છે વહાબી દેવબંદીઓ સાથે સગાઈ તથા મેલજોલ તથા દોસ્તીનું પરિણામ !** શિર્ક કરનાર ઈસ્લામથી જ નીકળી જાય છે, એવું એમને જ્ઞાન હોવું જોઈએ, જેથી એમના આ બોલવાનો અર્થ શો થયો તે પોતે સમજે ! આવું બોલનારે "શિર્ક" તથા "બિદઅત" કોને કહેવાય તે પ્રથમ શીખવું તથા સમજવું જોઈએ ! જો સુન્ની બાઅમલ આલિમથી સોહબત રાખી હોત, તથા દીની કિતાબો, સીરતની તથા અકીદાની કિતાબો ઘરમાં વસાવી વાંચી હોત તો આ દિવસો તેમના ન હોત. આવો ! કુર્આન, હદીષ તથા ઉલમાના અક્વાલ થકી એની સત્યતાને સમજીએ જેથી આપણા આવા કાચા કાનવાળા ભાઈઓને સીધો માર્ગ મળે.

### ★ કુર્આન પર ઈમાનવાળાને કુર્આનનો સંદેશ ★

મુસલમાનની રહનુમાઈનું મૂળ **કુર્આન** છે જેથી આવો ! પ્રથમ તેનાથી હિદાયત પામીએ. સૌ પ્રથમ એ વાત સમજી લો કે તમો અલ્લાહ સિવાય કોઈપણ વ્યક્તિ કે વસ્તુથી મદદ માગો કે મદદ લો જેમ કે આપણી રોજનીશી છે, તો **એ અલ્લાહની જ મદદ છે, તે વ્યક્તિ કે ચીજો તો અલ્લાહની મદદના ઝરીયા કે વસીલા જ છે.** હકીકી અસલ મદદગાર તો ખુદા છે પણ ખુદાએ જ એમાં એવી લાયકાત પેદા કરી છે જેથી તે ચીજ કે વ્યક્તિ મદદ કરવાને પાત્ર છે. હવે સાંભળો ! આપણો રબ કુર્આને પાકમાં શું આદેશ આપે છે ? :

**يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَالصَّلٰوةِ "મદદ માગો સબર તથા નમાઝથી."** *(પારા : ૨, સૂરએ બકરહ, આયત : ૧૫૩)*

તો કહો ! **ખુદા સિવાય કોઈનાથી મદદ માંગવી શિર્ક છે તો શું ખુદા શિર્કનો હુકમ આપી રહ્યો છે ? અથવા શું સબર તથા નમાઝ ખુદા છે કે જેનાથી મદદ માંગવાનો હુકમ થયો ?** વિચારો !

બીજી આયતમાં છે :

**وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى "આપસમાં એકબીજાની મદદ કરો ભલાઈ અને પરહેઝગારી પર."** *(પારા : ૬, સૂરએ માઈદા, આયત : ૨)*

બોલો ભાઈ ! જો અલ્લાહ સિવાય ગૈરુલ્લાહથી કોઈ રીતની મદદ ન લઈ શકાય તો આ હુકમનો શો અર્થ કરશો ? **શું કુર્આન શિર્કનો હુકમ કરવા નાઝિલ થયું કે શિર્કને મિટાવવા ?** સાબિત થયું કે આપણી સમજનો કુસૂર છે. જેથી ઈમાનના બારામાં, શિર્ક તથા બિદઅતના બારામાં સાચા અર્થમાં અભ્યાસ કરો, કોઈની કહેલી સાંભળેલી

વાતોને ન વળગી પડો ! બલ્કે કુર્આનના આદેશ પ્રમાણે જ ચાલો.

વળી હઝરત ઈસા عليه السلامનો એ દાવો જેનું વર્ણન કુર્આનમાં છે કે, **"હું આંધળાને દેખતા કરું છું, મુર્દાને જીવંત કરું છું અલ્લાહના હુકમથી."** *(સૂરએ આલે ઈમરાન, આયત : ૪૯)* તો શું તેમનો આ દાવો કરવું "શિર્ક" હતું ?! યક઼ીનન ! માનવુ પડશે કે અલ્લાહ તેના મહબૂબ બંદાઓને ઈખ્તિયાર આપે છે.

અલ્લાહના રસૂલ ﷺના બારામાં ખૂદ અલ્લાહ તઆલા જ ફર્માવે છે : **وَ يُعَلِّمُكُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ** **"આ નબી તેઓને કિતાબ તથા હિકમતનો ઈલ્મ અતા કરે છે."** *(સૂરએ બક઼રહ, આયત : ૧૫૧)*

શું આ મદદ નથી ? કિતાબ તથા હિકમતનો ઈલ્મ ઈન્સાનની દુનિયા તથા આખેરત બંનેવ માટેની મહાન મદદ છે. શું આને પણ શિર્ક કહેશો ? **કુર્આન તો કહે છે કે રસૂલ આપે છે અને તમે તેમનાથી માંગવાને શિર્ક સમજો છો ?! તો તમો કયા દીન પર છો ?** તમારી માન્યતાનો ધર્મ હરગિઝ ઈસ્લામ નથી ! માટે સમજો અને તમારી ગલત માન્યતાથી તૌબા કરી તમારી તથા આવનારી નસલની આખેરતને બચાવી લો.

### ★ શું આ હદીષો પણ બિદઅત કે શિર્કની તા'લીમ આપે છે ?! ★

અલ્લાહની કિતાબ કુર્આન બાદ જેનો માર્ગ જન્નતનો માર્ગ છે તે છે **હદીષ** ! તેનાથી હિદાયત પામીએ. અલ્લાહ સિવાય તેની મખ્લૂક઼માંથી કેટકેટલી ચીજોથી મદદ લઈ શકાય છે કે માંગી શકાય છે, તેને દર્શાવતી હદીષો તો અસંખ્ય છે. આવો ! અમુક હદીષોનો અભ્યાસ કરી ખોટા વહેમોને દૂર કરીને ઈમાન તાજુ કરીને અલ્લાહને રાજી કરીએ તથા શયતાનને નિરાશ કરી દઈએ.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે કે, "સવાર, રાત અને રાતના આખરી પહોરની **ઈબાદતથી મદદ ચાહો."** (બુખારી, નિસાઈ) હવે કહો ! શું "ઈબાદત" ખુદા છે ? સાબિત થયું કે **ખુદાની "ઈબાદત" એ ખુદાની મદદ માંગવાનો ઝરીયો તથા વસીલો છે.** એ જ પ્રમાણે **નબી, વલી પણ ખુદાની મદદના ઝરીયા તથા વસીલા છે જેથી તેમનાથી માગવું શિર્ક નથી, ન બિદઅત છે.**

આવો ! તમારું ઈમાન તાજુ થઈ જાય એવી ઔર એક સ્પષ્ટ હદીષ સાંભળો ! :–

**સહીહ મુસ્લિમ** તથા **અબૂ દાઊદ** તથા **ઈબ્ને માજહ** તથા **મોઅજમે કબીર**, તિબ્રાનીમાં રબીઅહ ઈબ્ને કઅબ અસ્લમી رضی اللہ عنہથી છે. હુઝૂરે પુરનૂર સૈયદે આલમીન علیہ الصلوٰۃ والسلامએ (રબીઅહ رضی اللہ عنہને) ફર્માવ્યું : **"માગ શું માગે છે કે હું તને અતા કરીશ !"** અર્ઝ કરી (રબીઅહએ), **"હું હુઝૂરથી સવાલ કરું છું કે જન્નતમાં હુઝૂરનો સંગાથ અતા ફર્માવો."** હુઝૂરે ફર્માવ્યું, **"વધુ કાંઈ !"** અર્ઝ કરી કે, **"બસ ! મારી મુરાદ તો આ જ છે !"** ફર્માવ્યું, "મારી મદદ કર પોતાના નફ્સ પર સજદાઓની અધિક્તાથી."

સુબ્હાનલ્લાહ ! આ દુનિયાના જૂઠા લોકો જેમ થૂંક નથી ઉડાડયું ! અલ્લાહના મહબૂબ ﷺને અલ્લાહના આપવાથી તાક઼ાત છે તેથી જ કહ્યું, **"માગ ! શું જોઈએ છે ?"** એક હદીષમાં છે : **"અલ્લાહ આપવાવાળો છે અને હું વહેંચવાવાળો છું."** હજી પણ નબી علیہ الصلوٰۃ والسلامથી માગવામાં તમને વસવસો છે ?! **કુર્આન તથા હદીષમાં ફર્માવ્યું કે રસૂલે પાક ﷺ આપે છે અને અહીં રસૂલે પાક ﷺએ ખૂદ ફર્માવ્યું કે માગ !** હજી પણ તમને આ બિદઅત જણાય છે ? શિર્ક જણાય છે ? **શું અલ્લાહ વ રસૂલ શિર્કના હુકમો**

**કરી રહ્યા છે ?!** હે લોકો ! દિમાગને ઠેકાણે લાવો ને સમજો ! ક્યાં ગુમરાહીમાં ભટકવા જઈ રહ્યા છો ?!

હવે એ પણ વિચારો કે **રસૂલે ખુદા** ﷺ **અલ્લાહની અતાથી જન્નત આપી શકે છે અને માગનારને જન્નતમાં પોતાનો પડોશી પણ બનાવી શકે છે.** વિચારો ! જન્નત તે છે જેની નેઅમતોની તુલનામાં દુનિયાની કુલ નેઅમતો નથી થઈ શકતી એવી અકલ્પ્ય નેઅમતોવાળી જન્નત હુઝૂર આપી શકે છે તો દુનિયાની ચીજો આપવી એ તો ખૂબ જ મામૂલી વાત કહેવાય ! તો તે કેમ ન આપી શકે અને તેમનાથી કેમ ન માગી શકાય ?!

## ★ ઉપરોક્ત હદીષ વિશે મહાન ઉલમાનાં કથનો ★

શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (જેમને માનતા હોવાનો દેવબંદી પણ દાવો કરે છે તે) આ હદીષ હેઠળ ખુલાસામાં ફર્માવે છે કે :–

“સવાલ મુત્લક઼ (બિન શર્તી) છે, ''સલ'' એટલે ''માગ !'' કોઈ વસ્તુનો ઉલ્લેખ નથી (કે આ માગ કે તે માગ, આટલુ માગ કે તેટલુ માગ) **જેથી જાણવા મળ્યું કે બધાં કામો** હુઝૂર ﷺના ઈખ્તિયારમાં છે, જે કાંઈ આપ ચાહે જેને ચાહે ખુદાના હુકમથી અતા ફર્માવી આપે.” *(બહવાલા : બરકાતુલ ઈમ્દાદ લિ અહ્‌લિલ્ ઈસ્તિમ્દાદ, અઝ : આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

હે ભાઈઓ ! કહો ! મોહક્કિ઼કે અલલ ઈત્લાક઼ **હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ **પણ શિર્કની કે બિદઅતની તા'લીમ આપી રહ્યા છે જેથી કહી રહ્યા છે કે, ''હુઝૂર** علیہ الصلوۃ والسلام**ના ઈખ્તિયારમાં બધાં કામો છે જે ચાહે જેને ચાહે રબની અતાથી આપી દે !''** શેઅરનો અર્થ : ''દુનિયા અને આખેરત આપની સખાવતથી છે અને લોહો ક઼લમનો ઈલ્મ આપના ઈલ્મોમાંનો એક ટુકડો છે.'' (સુબ્હાનલ્લાહ !)

**અલ્લામા (મુલ્લા) અલી ક઼ારી** رحمۃ اللہ علیہ મિર્ક઼ાતમાં આ હદીષના ખુલાસામાં ફર્માવે છે :–

''હુઝૂર علیہ الصلوۃ والسلامએ જે માંગવાનો મુત્લક઼ (અબાધિત) હુકમ આપ્યો તેનાથી ફલિત થાય છે કે **અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને કુદરત (શક્તિ) આપી છે** કે અલ્લાહના ખજાનાઓમાંથી જે કાંઈ ચાહે અતા ફર્માવે.'' સુબ્હાનલ્લાહ ! વધુ ખુલાસો સાંભળવો છે ?! સાંભળો ! ફર્માવે છે : ''ઈમામ ઈબ્ને સબઅ વગેરે ઉલમાએ હુઝૂર ﷺની મુબારક વિશિષ્ટતાઓમાં ઉલ્લેખ કર્યો છે કે **જન્નતને ખુદા તઆલાએ હુઝૂર ﷺની જાગીર બનાવી દીધી છે કે તેમાંથી જે ચાહે જેને ચાહે અતા કરે.''** *(બહવાલા : બરકાતુલ ઈમદાદ)*

**ઈમામે અજલ સૈયદી ઈબ્ને હજર મક્કી** رحمۃ اللہ علیہ ''જૌહરે મુનઝ્ઝમ''માં ફર્માવે છે, ''બેશક ! નબી ખુદા તઆલાના ખલીફા છે. ખુદા તઆલાએ પોતાના કરમના ખજાનાઓ અને પોતાની નેઅમતોનાં દસ્તરખાન હુઝૂર علیہ الصلوۃ والسلامના દસ્તે કુદરતનાં ફર્માબરદાર (આજ્ઞાંકિત) અને હુઝૂર પુરનૂર ﷺના હુકમ હેઠળ અને આપના ઈરાદા તથા ઈખ્તિયાર હેઠળ કરેલ છે, જેને ચાહે અતા ફર્માવે અને જેને ચાહે નથી આપતા.''

આ વિશેના ખુલાસાઓ દીનના ઈમામો તથા મહાન આલિમો તથા અવલિયા, આરિફોનાં કથનોમાં હદ્દે તવાતૂર પર છે. (એઓની એટલા પ્રમાણમાં ગવાહીઓ છે કે કોઈ શંકા રહેતી જ નથી) જે કોઈ એની ઈમાની રોશનીથી દિલ જગમગાવવા ચાહે તે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ ''સલ્તનતે મુસ્તફા ફી મલકૂતે કુલ્લિલ્વરા''નો અભ્યાસ કરે.

**હવે કહો શું ઉપરોક્ત હદીષમાં મહાન**

**સહાબી રબીઅહ** رضی اللہ عنہ**એ ડાયરેક્ટ હુઝૂર** علیہ الصلوۃ والسلام**થી જન્નત જ માગી ! તેટલું જ નહીં પણ જન્નતમાં રસૂલ** ﷺ**નો સાથ પણ માગીને શિર્ક કર્યું ?! શું તેમને પણ શિર્ક કોને કહેવાય તે ખબર ન હતી ?!** અને જો તેમણે ભૂલ કરી હોત તો રસૂલે પાક ﷺ તૌબા કરાવતે કે નહીં ?! કે, ''મારાથી માંગો છો ! તમે શિર્ક કર્યું ?!'' પણ નહીં ! રસૂલે પાક ﷺએ તેમને માગ્યા મુજબ આપવાનો વાયદો કરી આપ્યો. સુબ્હાનલ્લાહ ! સાબિત થયું કે નબી પાક علیہ الصلوۃ والسلام**થી** માગવું શિર્ક નથી કે બિદઅત નથી .

### ★ વલીઓથી મદદ માગવા વિશેની હદીષો ★

હુઝૂર ﷺ ફર્માવે છે, ''ફઝ્લ (મહેરબાની) મારા રહમ દિલ (કરમ–દયા કરનાર) ઉમ્મતીઓની પાસે શોધો, તેઓના સાયામાં ચૈન પામશો કેમ કે તેમનામાં મારી રહમત છે.'' *(ઈબ્ને હબ્બાન તથા ખરાએતીએ મકારિમે અખ્લાક઼માં રિવાયત કરી તેમજ કઝાઈએ મુસ્નદે શહાબમાં, હાકિમે તારીખમાં)*

બીજી હદીષ છે : ''તમારી હાજતો મારા રહમદિલ ઉમ્મતીઓથી માગો, રોજી પામશો, મુરાદ પામશો.'' *(ઓક઼ૈલી અને તિબ્રાનીએ અવસતમાં)* ત્રીજી હદીષમાં છે : ''અલ્લાહ ફર્માવે છે, ફઝ્લ મારા રહમ દિલ બંદાઓથી માગો તેમના દામનમાં એશ કરશો, કેમ કે મેં મારી રહમત તેમનામાં રાખી છે.'' *(ઓક઼ૈલીએ અબૂ સઈદ ખુદરીથી, બહવાલા : બરકાતુલ ઈમ્દાદ)*

હુઝૂર ﷺ ફર્માવે છે : ''મારા નરમ દિલ ઉમ્મતીઓથી ભલાઈ તથા એહસાન માગો, એમની ઈનાયત (મહેરબાની)ના સાયામાં આરામ કરશો. *(હાકિમે મુસ્તદરકમાં હઝરત અલી* رضی اللہ عنہ*થી)*

**ઈન્સાફની આંખો ક્યાં છે ?!** જરા ઈમાનની નિગાહોથી જુઓ ! આ હદીષો કેવું સાફ સાફ ફર્માવે છે કે **રસૂલુલ્લાહ** ﷺ**એ પોતાના નેક ઉમ્મતીઓથી મદદ માગવા, તેમનાથી ભલાઈ તથા એહસાન માગવા**નો હુકમ આપ્યો કે તમારી જરૂરતો પૂરી કરશો, રોજી પામશો, મુરાદો પામશો, તેમની મદદના દામનમાં ચૈન પામશો, તેમની ઈનાયતના સાયામાં એશ કરશો.

**યા અલ્લાહ** ! તો પછી મદદ હાંસલ કરવી બીજી કઈ ચીજનું નામ છે ? એનાથી વધીને બીજી કઈ રીતે મદદ હાંસલ થતી હશે ?! **વળી અવલિયા હઝરાતથી વધીને કયો ઉમ્મતી નેક તથા રહમ દિલ (કરમ કરનાર) હશે કે એમનાથી મદદ માગવી શિર્ક ઠરાવીને અન્ય લોકોથી હાજતો માગવાનો હુકમ આપવામાં આવે !** હજી સંતોષ નથી થયો કે નબી વલીને મદદ માટે પોકારી શકાય કે નહીં ? તો લો આ ત્રણ હદીષો વધુ સાંભળી લો !

### ★ બંદાઓને મદદ માટે પોકારવાની તા'લીમ હદીષમાં ★

હુઝૂર ﷺ ફર્માવે છે કે, ''જ્યારે તમારામાંથી કોઈની કોઈ ચીજ ખોવાઈ જાય અને મદદની જરૂરત હોય, અને એવી જગ્યાએ હોય જ્યાં કોઈ હમદમ (સાથી) ન હોય તો તેણે જોઈએ કે આ પ્રમાણે પોકાર કરે, **હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! ''હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો !''** કે અલ્લાહના કેટલાક બંદાઓ છે જેમને તે નથી જોઈ શકતો તેઓ તેની મદદ કરશે. વલ્હમ્દુલિલ્લાહ ! *આને તિબ્રાનીએ ઉતબહ ઈબ્ને ગઝવાન* رضی اللہ عنہ*થી રિવાયત કરી.*

બીજી હદીષ છે : હુઝૂર ﷺ ફર્માવે છે કે જ્યારે જંગલમાં જાનવર છૂટી જાય તો એવો પોકાર કરે કે,

**"હે અલ્લાહના બંદાઓ તેને રોકી દો !" તો અલ્લાહના બંદાઓ તેને રોકી દેશે.** *ઈબ્નુસ્સનીએ અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી.*

ત્રીજી હદીષમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે કે આ પ્રમાણે પોકાર કરે, **અચનૂની યા ઈબાદલ્લાહ ! "મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ !"** *એને ઈબ્ને અબી શયબા અને બઝ્ઝારે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી.*

આ ત્રણેવ હદીષો કે જે ત્રણ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ રિવાયત કરી જૂના (ક઼દીમ) જમાનાથી દીનના મહાન ઉલમા رحمۃ اللہ علیہم اجمعین ની માન્યવર (સ્વીકૃત) છે તથા તેમણે તેના પર અમલ પણ કર્યો અને દર્શાવ્યા પ્રમાણે સહીહ અનુભવી પણ છે. *(બરકાતુલ ઈમ્દાદ)*

જે વ્યક્તિ એવું કહે છે કે, "આપણા આલિમો (ઉલમા) શિર્ક તથા બિદઅતમાં પડેલા છે !" (મઆઝલ્લાહ !) તે હજી વાંચે અને પોતાની વાણીથી તૌબા કરે. આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ની કિતાબ "બરકાતુલ ઈમ્દાદ" બનામે "બુઝુર્ગોની મદદોની બરકતો" ગુજરાતીમાં પણ અમારા કાર્યાલયમાં મળે છે તેનો અભ્યાસ કરે જેમાં મહાન ઉલમાની યાદી તથા કિતાબોનાં નામો જ એટલાં છે કે કેટલાંય પાનાં ભરાય જાય, જેમણે નબી વલીથી મદદ માગવા સંબંધે રિવાયતો રજૂ કરેલ છે.

**હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ ના મિશ્કાત શરીફના તર્જુમાનો અભ્યાસ કરો કે તેમાં તેમણે આ મસ્અલામાં અવલિયાએ કિરામ હઝરાત رحمۃ اللہ علیہم اجمعین થી શું વર્ણન કર્યું છે ? ફર્માવે છે : "કામિલ બુઝુર્ગોની રૂહોથી મદદ હાંસલ કરવા તથા ફાયદો ઉઠાવવાના વિશે કશ્ફવાળા મશાએખથી જે કાંઈ રિવાયત થયેલ છે તે હસ્રથી ખારિજ છે (એટલે તે બધી આયતો એકી સાથે રજૂ કરવી શક્ય નથી) અને જે કાંઈ તેમની પુસ્તિકાઓ તથા કિતાબોમાં વર્ણન થયેલ છે જે હઠધર્મી સિવાય દરેકના ઈમાનને તાજુ કરી આપવા સમર્થ છે, કોઈ વાંચે તો ખરો તેને !"

## ★ શું ગ઼ૌષે આ'ઝમનું આ ફર્માન શિર્કની તા'લીમ આપે છે ?! ★

મહાન મહાન ઉલમા જેવા કે ઈમામે અજલ આરિફ બિલ્લાહ ઈમામ અબુલ હસન નૂરુદ્દીન અલી ઈબ્ને જરીર લખ્મી શતનૂફી, તેમજ ઈમામે અકરમ શયખુલ ફુક઼હા હઝરત સૈયદના ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને અસ્અદ યાફઈ શાફઈ મક્કી, તેમજ ફાઝિલે અજલ ફક઼ીહે અકમલ મોહદ્દિષે અજમલ શયખુલ હરમુલ મોહતરમ મૌલાના અલી ક઼ારી હનફી હરવી મક્કી, તેમજ હઝરત મૌલાના અબુલ મઆલી મુસ્લેમી મઆલી, તેમજ શયખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી વગેરે رحمۃ اللہ علیہم اجمعین ની મહાન કિતાબો "બહજતુલ અસ્રાર શરીફ, ખુલાસતુલ મુફાખિર, તન્ઝિહુલ ખાતિરુલ ફાતિર, તોહફાએ ક઼ાદરિય્યહ્, અખ્બારુલ અખ્યાર, ઝબ્દતુલ આષાર" વગેરેમાં **ગ઼ૌષ આ'ઝમ શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની** رضی اللہ عنہ નો આ ક઼ૌલ નક઼લ થયેલો છે :–

**"જો કોઈ મુસીબતમાં મારાથી મદદ માગે તો તે મુસીબત તેનાથી દૂર થાય. જો તકલીફમાં મારું નામ લઈને પોકારે તો તે તકલીફ દૂર થાય.** અને જો ખુદા તઆલાની બારગાહમાં કોઈ હાજત માટે મને વસીલો બનાવે તો તે હાજત પૂરી થાય. અને જો બે રકાત નમાઝ પઢે અને દરેક રકાતમાં અલ્હમ્દુ પછી ૧૧ વાર કુલ્હુવલ્લાહ શરીફ પઢે પછી સલામ ફેરવીને રસૂલુલ્લાહ ﷺ ને યાદ કરે. પછી બગદાદ શરીફની દિશામાં ૧૧ ક઼દમ ચાલે અને મારું (ગ઼ૌષ પાક)નું નામ લે અને પોતાની હાજતનો ઉલ્લેખ કરે, તો બેશક ! અલ્લાહ તબારક વ તઆલાના હુકમથી તે હાજત પૂરી થાય."

**બતાવો ! શું આ શિર્કની તા'લીમ છે ? આ બિદઅત છે ? અને ઉપરોક્ત મહાન ઉલમા તથા ગૌષે પાક رضی اللہ عنہ વિશે તમારો શો ખયાલ છે ? તેઓ પણ શિર્ક તથા બિદઅતથી અજાણ હતા ?!** મુસલમાનો ! કોઈના ખોટા વસવસાઓના રવાડે ન ચઢી જાવ ! અને ઉલમાએ અહલે સુન્નતની કિતાબો વાંચતા રહો. **શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ 'ફત્હુલ અઝીઝ'માં સ્પષ્ટતા કરે છે કે, **''ગયરે ખુદાથી મદદ માગવી તે જ નાજાઈઝ છે કે જે ગૈરને અલ્લાહની મદદનો મઝહર (મદદ પામવાની જગા) ન જાણે બલ્કે ખૂદ પોતાની જાતથી જ મદદનો માલિક જાણીને તેના પર ભરોસો કરે. પણ જો ખુદાની મદદનો મઝહર (ઝરીયો) સમજીને ગૈરથી મદદ માગે તો શિર્ક નથી, હુર્મતને તો જવા દો મકામે મઅરેફતથી પણ વિરુદ્ધ નથી. ખૂદ નબીઓ તથા વલીઓએ ગૈરથી આવી મદદ માગી છે.**

જો નબીઓ વલીઓથી મદદ માગવી શિર્ક હોત એ કાયદો બનાવીને કે, ''ગૈરુલ્લાહથી મદદ માગવી શિર્ક છે'' તો બીમાર પડવાથી ડોકટરની મદદ માટે દોડીએ, મારપીટ થાય તો પોલીસની મદદ માટે દોડીએ, ફૈંસલા માટે કોર્ટના જજ પાસે જઈએ તેમજ અસંખ્ય ગૈરુલ્લાહની રોજના કામોમાં આપણે મદદ લઈએ છતાં મુસલમાન રહીએ ! અને નબી વલીથી મદદ માગી કે મુશ્રિક ! **لاحول ولا قوۃ الا باللہ** આ ગુમરાહી નથી તો શું છે ? સારાંશ કે નબી વલી તથા જેની પણ મદદ આપણે માગીએ તેઓ અલ્લાહની અતાથી મદદ કરવા શક્તિમાન છે અને કરે છે એ અકીદો હશે તો હરગિઝ શિર્ક નથી બલ્કે ઉપરોક્ત લખાણોમાં કુર્આન, હદીષ તથા ઉલમા, બુઝુર્ગોના કથનોએ સાબિત કર્યું કે એ બધું જાઈઝ છે. કોઈ જાહિલથી અતિ જાહિલ પણ નબી વલીને ખુદા નથી સમજતો કે ખુદાની અતા વિના જાતે જ મદદ કરે છે એવું નથી સમજતો. જેથી મુસલમાનો પર ખોટી બદ્‌ગુમાની કરી તેમને મુશ્રિક કહીને પોતાની આખેરત ન બગાડો. અને કદાચ કોઈ બદબખ્ત એવું સમજતો હોય તો એ મુદ્દલે ઈસ્લામથી નીકળી ગયો. આ ઈસ્લામી કુર્આની અકીદો છે, જેથી કોઈએ આજકાલના વહાબીઓના ઉભા કરેલા ખોટા શૈતાની વસવસામાં પડી ગુમરાહીમાં ન તણાવું જોઈએ.

## ★ બુઝુર્ગોનાં ઈમાની નૂરથી ભરેલાં કથનો ★

હુઝૂરે અકદસ ﷺથી મદદ માગવી એ સહાબાએ કિરામની સુન્નત છે. **સહાબાએ કિરામે હુઝૂરથી જન્નત માગી, દુકાળથી છૂટકારા માટે મદદ માગી ફરિયાદો કરી, દુનિયાની દૌલત માગી, આંખોની બીનાઈ માગી, આંખોની બહાર નીકળી ગયેલ ડોળાને ફરી તેના ઠેકાણે બેસાડવા મદદ માગી અને હુઝૂરે તેને આંખમાં મૂકી થૂંક મુબારક લગાડયું તો તે ઠીક થઈ ગયો, તૂટેલ ટાંગ પર હાથ ફેરવ્યો તો પળમાં સાજો થઈ ગયો.** વગેરે બનાવોથી સહીહ હદીષની કિતાબો ભરેલી પડી છે★. અત્રે અંતમાં અમુક મહાન ઉલમાએ કિરામના ઈમાન અફરોઝ કથનો રજૂ કરું છું જેને વાંચો અને દિલમાં નૂરે ઈમાનને ભરી દો !

**અશિઅતુલ લમ્આત**, બાબુસ્સુજૂદમાં હઝરત રબીઅહ ઈબ્ને કઅબ رضی اللہ عنہની હદીષની શરહ (ખુલાસા)માં **હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''બધાં કામો

★ *આવા બનાવો માટે વાંચો કિતાબો ''સલ્તનતે મુસ્તફા'' તેમજ ''રહમતે ખુદા બ વસીલાએ અવલિયા'' અઝ : મુફતી અહમદ યારખાં નઈમી* رحمۃ اللہ علیہ *જે અમારા કાર્યાલયે* ***દયાદરાથી*** *મફતમાં મળે છે.*

હુઝૂર عليہ الصلوٰۃ والسلام ના હાથમાં છે, જેને જે ઈચ્છે પોતાના રબના હુકમથી આપી દે. **જો દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોઉ તો હુઝૂરની બારગાહમાં આવો અને જે ઈચ્છો માગો."**

**અલ્લામા યૂસુફ ઈબ્ને ઈસ્માઈલ** "શવાહિદુલ હક્ક"ના પેજ ૧૫૨ ૫૨ ફર્માવે છે : "હુઝૂર ﷺ આપે છે અને મના કરે છે અને માગનારાઓની જરૂરિયાત પૂરી પાડે છે અને **મુશ્કેલીમાં સપડાયેલાઓની મુશ્કેલી દૂર કરે છે** અને હુઝૂર عليہ الصلوٰۃ والسلام શફાઅત કરશે અને જેને ઈચ્છશે જન્નતમાં દાખલ કરી આપશે.

**ઈમામ કસ્તલાની "મવાહિબે લદુન્નિયા"** ભાગ : ૧, પેજ : ૧૯૫માં ફર્માવે છે : "હુઝૂર عليہ الصلوٰۃ والسلام ની કુન્નિયત અબુલ કાસિમ છે, કારણ કે **જન્નતી લોકોને આપ જન્નત વહેંચે છે."**

**અલ્લામા તકીઉદ્દીન સુબકી "શિફાઉસ્સિકામ"** પેજ : ૧૬૫ ૫૨ ફર્માવે છે : "શંકા રાખ્યા વગર સમજો કે હુઝૂર ﷺ જન્નતમાં એવી રીતે હશે જેવી રીતે બાદશાહનો વઝીર, કે **કોઈના સુધી કોઈ ચીજ આપના ઝરીયા વિના પહોંચશે નહીં."**

**ઈમામ બુસૈરી** رحمۃ اللہ علیہ **"કસીદા બુર્દા શરીફ"**માં ફર્માવે છે :–

**ફઈન્નક મિનજુદિક દુન્યા વઝર્રતિહા–વમિન ઉલૂમિક–ઈલ્મિલ્લૌહિ વલ્કલમી.** એટલે કે, **"યા રસૂલલ્લાહ !** ﷺ **દુનિયા તથા આખેરત આપની સખાવતથી છે** અને **લોહ તથા કલમનો ઈલ્મ આપના ઈલ્મોમાંનો એક ભાગ છે."**

## ★ 'યા' વડે પોકારી મદદ માગવી એ સહાબા તથા બુઝુર્ગોનો અકીદો છે ★

★ ઈમામ બુખારીએ આ રીતે બાબ(પ્રકરણ) પાડયું છે કે, "જો કોઈનો પગ સુન મારી જાય (લકવો થાય) તો તે શું કહે ?" આ પછી નીચેની હદીષ નકલ કરી છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને સઅદ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો પગ સૂઈ ગયો (બ્હેર મારી ગયો.) કોઈએ કહયું કે તેની યાદી કરો જે આપને વધુ પ્રિય હોય ! ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે બુલંદ અવાજથી ''યા મુહમ્મદાહ્ !'' કહ્યું ને તુર્ત જ શિફા થઈ ગઈ.'' *(બુખારી શરીફ)*

★ હલબનો બાદશાહ યુકન્ના જે ઘણો ઉદાર તેમજ જહાંદીદા હતો. જ્યારે તે રૂમી લશ્કર સાથે મુસ્લિમો ૫૨ ચઢી આવ્યો ત્યારે મુસ્લિમોએ તેના લશ્કરની સંખ્યા વધુ જોતાં અંદાજો કર્યો કે, હવે બચવાની કોઈ શકયતા નથી. કારણ કે મુસલમાનોના લશ્કરની સંખ્યા ઘણી નાની અને અલ્પ પ્રમાણમાં હતી. આવી મુંઝવણભરી અવસ્થામાં હઝરત કઅબ બિન જમરાહ رضی اللہ عنہ કે જેઓ ઈસ્લામી લશ્કરના સેનાપતિ અને સહાબીએ રસૂલ હતા. તેઓ **''યા મુહમ્મદ, યા મુહમ્મદ, યા નસ્રૂલ્લાહિ અન્ઝિલ''**ના ના'રા લગાડતા અને મુસ્લિમોને સાંત્વન આપતા હતા. *(ફુતૂહુશ્શામ)*

★ હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ એ હુઝૂર ﷺ ને પુકાર્યા કે **'યા રહમતલલિલ્ આલમીન અદરિક લિ ઝયનિલ આબિદીન મહબૂસ અયદીઝ્ઝાલિમીન ફી મવકબિ વલ મુરદહીમી.** "હે રહ્મતલ્લિલ્ આલમીન! ઝૈનુલ આબેદીનની મદદે પહોંચો ! આ ભીડ ભાડમાં તે જાલિમોના હાથોમાં કેદ છે."

★ **ઈમામે આ'ઝમ અબૂ હનીફા** رضی اللہ عنہ કસીદએ નોઅમાનિયામાં ફર્માવે છે : **"યા રસૂલલ્લાહ ! હું આપની દૈન એટલે અતા (આપવા)નો**

**આશાવાદી છું અને દુનિયામાં અબૂ હનીફાનો આપના સિવાય કોઈ નથી.''**

- હિંદુસ્તાનના તમામ વલીઓના સરદાર ખ્વાજએ ખ્વાજગાં, **હઝરત ખ્વાજહ મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી** رحمۃ اللہ علیہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આવી રીતે પુકાર્યા : **રસૂલલ્લાહ શફાઅત અઝ તૂ મન દારમ ઉમ્મીદ બા વજૂદે સદ હઝારાં જુર્મ દર રોઝે હિસાબ.** "યા રસૂલલ્લાહ ! લાખો ગુનાહો હોવા છતાં કિયામતના દિવસે આપથી શફાઅતની ઉમ્મીદ રાખું છું."
- **હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ આ રીતે મદદ માગે છે : ''યા રસૂલલ્લાહ ! દરેક હાલતમાં અમારા ઉપર કરમ ફર્માવો અમે બેસરો સામાન છીએ. અમારું સરસામાન આપનો લુત્ફો કરમ છે.

*–(અખ્બારુલ અખ્યાર બહવાલા રહનુમાએ હક્ક઼)*


## ★ જો નબી વલીથી મદદ માગવી શિર્ક છે તો...... ! ★

જો નબી વલીથી મદદ માગવી શિર્ક છે તો આ શિર્ક આખેરત સુધી ચાલશે. એ નથી થઈ શકતું કે અત્યારે તો શિર્ક છે પરંતુ આખેરતમાં અયને તૌહીદ થઈ જાય, કેમ કે શિર્ક તો દરેક સમયે શિર્ક જ રહેશે. આખેરતમાં પણ કોઈ ગયરુલ્લાહથી મદદ માગે તો શિર્ક જ થશે. મહેશરની મુસીબતથી વધીને કઈ મુસીબત હશે ! તેનાથી બચવા સૌ લોકો આદમ علیہ السلام ની ખિદમતમાં આવશે કે આપ અબુલ બશર આદમ છો, આપ અમારી શફાઅત કરો ! આદમ علیہ السلام એ નહીં ફર્માવે કે તમે શિર્ક કરી રહ્યા છો ! મારી પાસે શું માગો છો ! જાવ ખુદાની પાસે ! નહીં, બલ્કે તેઓ પણ ગયરની રાહ દેખાડશે અને ફર્માવશે, **નફ્સી નફ્સી ઈઝહબૂ ઈલા ગયરી.** તો પછી તમારા ફત્વાની રૂએ તો (મઆઝલ્લાહ !) હઝરત આદમ علیہ السلام પણ મુશ્રિક થયા, અને તેમની પાસે જનારા પણ મુશ્રિક થયા. પણ ના ! કેમ કે હઝરત આદમ علیہ السلام તો મુશ્રિક થઈ જ નથી શકતા. પછી સૌ લોકો હઝરત આદમ علیہ السلام ના માર્ગદર્શનથી અનુક્રમે હઝરત નૂહ, હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા, અને છેવટે હઝરત ઈસા علیہم السلام ની પાસે જશે, દરેક એવું જ કહેશે કે **ઈઝહબૂ ઈલા ગયરી.**

હવે તેઓને ખયાલ આવશે કે ચાલો ! હુઝૂરે અકરમ ﷺ ની બારગાહમાં જઈએ. જ્યારે ત્યાં પહોંચશે તો નબી કરીમ ﷺ એવું નહીં કહે કે, તમે તો મુશ્રિક છો ! ફલાણા ફલાણા નબી પાસે ગયા પછી મારી પાસે આવ્યા છો ! જાવ ! ખુદા પાસે ! બલ્કે ફર્માવશે કે હઝરત આદમ, હઝરત નૂહ, હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા અને હઝરત ઈસા علیہم السلام એ નફ્સી નફ્સી ઈઝહબૂ ઈલા ગયરી એટલા માટે કહ્યું હતું કે મારા સુધી પહોંચી જાવ. અને એ કામને માટે તો હું છું, કેમ કે અલ્લાહ તઆલાએ મને જ એ મર્તબો અતા ફર્માવ્યો છે. (સુબ્હાનલ્લાહ !)

સારાંશ કે અલ્લાહની અતાથી નબી વલીને દરેક પ્રકારની કુદરતો મળેલી છે જેથી તેમનાથી માગવું શિર્ક નથી બલ્કે ઈમાનવાળાઓનું કામ છે, માટે શોખથી પુકારો, **''યા રસૂલલ્લાહ ! અલમદદ ! યા ગૌષ ! અલમદદ ! યા ખ્વાજા અલમદદ ! યા મખ્દૂમ ! અલમદદ ! યા આ'લા હઝરત અલમદદ ! યા મુફ્તીએ આ'ઝમ !અલમદદ ! ''** અને ઈમાનને તાજુ કરો. અને જેઓ આટલી સાબિતી પછી પણ હઠધર્મીમાં રહે તો તે પોતાનો અંજામ ખૂદ વિચારી લે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺ ના સદકામાં મુસલમાનોને દરેક પ્રકારની ગુમરાહીથી બચાવે. (આમીન)

*–(બરકાતે ખ્વાજા મંથલી, જુન–૨૦૧૨)*



# દરબારની આ શાન છે તો
# સરકારનો આલમ શો હશે ?

યે કિસ શહનશાહે વાલાકી આમદ હૈ<br>
બોલો મરહબા ! બોલો મરહબા ! બોલો મરહબા !

રોસુલ ઉન્હીં કા તો મુઝ્દા સુનાને આએ હૈં<br>
ઉન્હીં કે આનેકી શાદી રચાને આયે હૈ

–(હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃ اللہ علیہ)

૧૨ રબીઉલ અવ્વલ શરીફના મુબારક દિવસે દુનિયામાં કોણ તશરીફ લાવ્યું ! આ ઈમાનવાળા બંદાઓમાં ખુશીની બહાર શાની ખીલી ઉઠી છે ! એવું તો કોણ આવ્યું કે ચો તરફ રોશની સાથે "મરહબા ! મરહબા !"ની પુકારો ગુંજી રહી છે ?! અરે ! કરોડો વ્યક્તિઓ દુનિયામાં આવી અને ગઈ, આવો શોર તો કોઈના આગમન પર નથી જાયો ! છેવટે આ છે કોણ કે કાયનાતમાં હલચલ મચાવી દીધી છે !

### ★ ઈમાનવાળાઓ પર અલ્લાહનું એહસાન ★

તો સાંભળો ! આ તે મહાન હસ્તી છે જેના માટે આ શોર કેવળ મખ્લૂક જ નથી મચાવી રહી, બલ્કે રબ્બે કાયનાત પાક પરવરદિગાર ખૂદ કુર્આનમાં એલાન ફર્માવી રહ્યો છે કે :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ
اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ

**(અર્થ)** : "બેશક ! અલ્લાહ તઆલાએ ઈમાનવાળાઓ પર એહસાન કર્યું જ્યારે કે તેમનામાં એક "મહાનતાવાળો રસૂલ" તેમનામાંથી મોકલ્યો."

હે લોકો ! વિચારો આ દુનિયા કેટલી વિશાળ છે ? તેમાં કેટલી માલ મતા છે, ખજાનાઓ, કેટલી ખૂબસૂરતીઓ છે, કેવાં કેવાં સ્થળો છે ?! આવી મહાન જણાતી દુનિયા માટે પણ રબ ફર્માવે છે કે **"કુલ મતાઉદુન્યા કલીલ"** આ દુનિયાને રબ મામૂલી જણાવે છે ! તો હવે વિચારો કે જેને રબ તઆલા **મહાન** બતાવે તેની મહાનતા તથા મર્તબાનો અંદાઝો કોણ લગાડી શકે છે ?!

### ★ બદ્‌બખ્તોની બોલી આવી હોય છે ! ★

છતાંય આ દુનિયામાં એવા બદ્‌બખ્તો પણ છે તથા કેટલાય એવા જહન્નમ રશીદ થઈ ગયા જેમનો અકીદો હતો કે, "હુઝૂર તો આપણી જેવા બશર છે." મઆઝલ્લાહ ! જેમ કે દેવબંદીઓના પેશ્વા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે કે :–

- ✪ "મખ્લૂક નાની હોય કે મોટી તે અલ્લાહની શાન આગળ ચમાર (મોચી)થી પણ અધિક નીચ છે." *(તકવિયતુલ ઈમાન)*
- ✪ "બધા અંબિયા તથા ઔલિયા તેના (અલ્લાહ) નજીક અલ્પ રજથીયે વધુ અશક્ત છે." *(તકવિયતુલ ઈમાન)*
- ✪ અને એ વાતમાં (ગયબ જાણવામાં) અવલિયા, અંબિયા તથા જિન તથા શૈતાન તથા ભૂત અને પરીમાં કાંઈ ફરક નથી. *(તકવિયતુલ ઈમાન)* આ છે બદ્‌બખ્ત ! કે અવલિયા–અંબિયાને જિન, શૈતાન, ભૂત, પરી સાથે ખડા કરી દીધા!

ઉપરોક્ત કુર્આનનું એલાન જુઓ અને પછી આ દેવબંદી મોલ્વીનું લખાણ જુઓ અને વિચારો કે રબ તો પોતાના રસૂલને મહાનતાવાળા

રસૂલ દર્શાવે છે, અને આ કહેવાતા મુસલમાન કેવા હલકા શબ્દો વડે આપની ઓળખ આપે છે ?! માટે એવા લોકોથી દૂર રહો, જેમની આ બોલી હોય અથવા આવું બોલનાર લખનારને તેઓ પોતાનો પેશ્વા ગણતા હોય, ભલે જાહેરમાં ગમે તેવા ઢોંગી અમલો હોય, કેમ કે તેમની નમાઝો, હજ્જો તથા સર્વ અમલો ધૂળમાં મળી ચૂક્યા છે.

**★ જાન હૈ વો જહાન કી..... ★**

અરે રસૂલે પાક ﷺ નો તો એ મર્તબો છે કે રબ્બે કાયનાત ફર્માવે છે કે :– لَوْلَاكَ لَمَا خَلَقْتُ الْاَفْلَاكَ એટલે કે "હે મહબૂબ ! જો તમને પેદા ન કરત તો દુનિયાને જ પેદા ન કરત."

રબ તઆલા તો ફર્માવે છે કે આખી સૃષ્ટિનું સર્જન હે મેહબૂબ ! તમારા ખાતર જ કર્યું છે, તમને પેદા ન કરત તો દુનિયાને જ પેદા ન કરત ! આટલી મહાનતા આપની દર્શાવી રહ્યો છે, તો કોઈ માનવી શું આપની હસ્તીની પ્રશંસા કરી શકે ?!

આવો દોસ્તો ! રબ્બે કરીમે આપની હસ્તીને કેટલી મહાનતા આપી છે તેને સમજવા કેવળ આપ જે જગાએ આરામ ફર્માવી રહ્યા છે તે શહેરનું શું મહત્વ છે કેવળ તેનો જ આજે અભ્યાસ કરી લઈએ અને ઈમાનને તાજગી બખ્શીએ.

**★ મદીના પાકની ફઝીલત ★**

મદીના મુનવ્વરાનાં ઘણાં નામો છે. નામોની અધિકતા જ જાહેર કરી રહી છે કે આ શહેર શરીફની કેટલી અઝમત છે. જેનાં નામો વધારે હોય તેની ઉચ્ચતા પણ વધારે હોય છે. પૃથ્વીના પટ પર કોઈ એવું શહેર નથી જેનાં નામો આટલી અધિક સંખ્યાએ પહોંચ્યાં હોય. અમુક ઉલમાએ કોશિશ કરીને લગભગ ૧૦૦ અને અમુકે એની આસપાસ એકત્ર કર્યાં છે. અહીં અમુક જ નામો દર્શાવવામાં આવશે જે આ સ્થળની શરાફત તથા કરામત માટે ચમકતા સૂર્યની જેમ છે. જે નામ હુઝૂર ﷺ નું પસંદીદા તથા પ્રિય છે તે "તાબહ્" તથા "તય્બહ્" અને "તૈયબહ" આ નામોનું બોલવું તેની પવિત્રતાના કારણે છે, એટલા માટે કે શિર્કની ગંદકીથી આ ભૂમિ પાક છે તેમજ તેની આબોહવા અતિશય પાકીઝા છે.

**★ મદીનાની માટીની ખૂશ્બૂ મુશ્ક–અંબરથી શ્રેષ્ઠ ★**

શિબ્લી એક સાફ બાતિન અને અહલે દિલ ઉલમામાંથી છે તે ફર્માવે છે કે, "મદીના પાકની માટીમાં એક ખાસ ખૂશ્બુ છે જે મુશ્ક તથા અંબરમાં નથી જોવા મળતી અને આ કોઈ આશ્ચર્યની વાત નથી, એટલા માટે કે જ્યાં આગળ હુઝૂર ﷺ ના શ્વાસોની હવા પહોંચી હોય ત્યાં મુશ્ક તથા અંબરની શું હકીકત છે !

હદીષ શરીફમાં છે :–

اِنَّ اللّٰهَ اَمَرَنِىْ اَنْ اُسَمِّى الْمَدِيْنَةَ طَابَه

તર્જુમો : "અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે હું મદીના તય્બહનું નામ "તાબહ" રાખું. વહબ ઈબ્ને મુનબ્બિહ ફર્માવે છે કે, "મદીનાનું નામ તૌરાતમાં "તાબહ્" તથા "તયબહ" તથા "તય્યબહ્" છે.

**★ આ હતા ઈમાનવાળાઓ ! ★**

ઈમામ માલિક رحمۃ اللہ علیہ જણાવે કે, "જે શખ્સ મદીના પાકની જમીનને અપવિત્રતા સાથે નિસ્બત કરે અને તેની હવાને નાખુશ કહે તે શિક્ષાને પાત્ર છે, તેને કૈદ કરવામાં આવે ત્યાં સુધી કે તે સાચી તૌબા કરી લે." *(જઝબુલ કુલૂબ)*

આ ઈમામ માલિક رحمۃ اللہ علیہ કોણ છે ? સુબ્હાનલ્લાહ ! ફિકહના ચાર ઈમામો : ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ઈમામ શાફઈ તથા ઈમામ માલિક

رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَ. ચાર ઈમામોનાં એક ઈમામ છે તે તો આટલી અદબ મદીના પાકની દર્શાવે છે અને ૧૫૦ વરસથી જન્મેલ વહાબી ફિર્કાના ચેલાઓ ખુદ હુઝૂરે અકરમ ﷺની ઝાતે પાકની જ તૌહિન કરી, આપના વિશે હલકા શબ્દો કહી રહ્યા છે, તો તમે કોનું માનશો ? ૧૫૦ વરસથી નીકળેલ ફિર્કાનું કે ૧૩૦૦ વરસ પહેલાંનાં ઈમામોનું ?! તમે જ ખુદ ફેંસલો કરી લો ! વહાબીઓ તો નબી વલીની તા'ઝીમના દરેક કાર્યને "શિર્ક ! શિર્ક !" કહીને ચીડાય છે, જ્યારે આ જ ઈમામ માલિક رحمۃ اللہ علیہ તો મદીના પાકની દરો દીવારને ચૂમતા હતા કે મારા આકા ﷺ ની નજર અહીં પડી હશે ! મદીના પાકની એટલી તા'ઝીમ કરતા હતા કે કદી સવારી પર સવાર ન થતા, કઝાએ હાજતના માટે મદીનાની બહાર જતા રહેતા હતા. તો ઈમાનની સલામતીનો માર્ગ એ જ છે કે તા'ઝીમે રસૂલને અપનાવીએ અને દુશ્મને રસૂલ (વહાબી)ને ધૃત્કારીએ.

મૂળ વાત પર આવીએ તો, હુઝૂરે અકરમ ﷺના તશરીફ લાવતાં પહેલાં મદીના શરીફને "યષરબ" કહેતા હતા એટલે "બીમારીઓનું ઘર" (અઝાબ પણ અર્થ દર્શાવ્યો છે) પણ આપ ﷺ ના આગમનથી "યષરબ" મટીને શિફા આપનાર બની ગયું. સુબ્હાનલ્લાહ ! ઈબ્ને જબાલા જે મદીનાના ઈતિહાસકારોના પેશ્વા માનવામાં આવે છે તથા ઈમામ માલિક رحمۃ اللہ علیہ ના સાથીઓમાંથી છે તેમજ અન્ય હઝરાતે પણ ઉલમાથી રિવાયત કરી છે કે, "મદીના મુનવ્વરાને યષરબ કહેવામાં ન આવે." ઈમામ બુખારી رحمۃ اللہ علیہ ની તારીખમાં એક હદીષ આવી છે કે, "જે શખ્સ એકવાર યષરબ કહે તો તેના માટે અનિવાર્ય છે કે તેની માફીના માટે દસવાર મદીના કહે." અને ઈમામ અહમદ અને અબૂ યઅલાએ રિવાયત કરી છે કે, "જો કોઈ શખ્સ મદીનાને યષરબ કહે તો તેણે જોઈએ કે રબ તઆલાની બારગાહમાં તૌબા કરે, કેમ કે એનું નામ "તાબહ્" છે. *(જઝબુલ કુલૂબ)*

મદીના શરીફનાં અન્ય નામોમાં "અર્દુલ્લાહ" તથા "અર્દુલ્ હિજરત" પણ છે, તે ઉપરાંત એનું એક નામ "ઈમાન" પણ છે. આ શહેર ઈમાનના અહકામનું મુકર્રમ મઝહર તથા મુઝહર છે અને એ જ ઈમાનનો સરચશ્મો (ઉગમ સ્થાન) છે.

## ★ હયા તથા ઈમાન મદીનામાં જમા ★

હઝરત અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સરવરે આલમ ﷺ એ ફર્માવ્યું કે, "ઈમાનનો ફરિશ્તો જે ઈમાનવાળાઓનાં દિલો પર ઈમાન ઈલ્કા તથા ઈલ્હામ કરે છે તે કહે છે કે હું મદીનાનો રહેવાસી છું અને હરગિઝ આ શહેરની બહાર જઈશ નહીં. જ્યારે આ વાતને હયાના ફરિશ્તાએ સાંભળી તો કહેવા લાગ્યો કે હું પણ તારી સાથે છું અને કદાપિ તારાથી અલગ થઈશ નહીં." સારી પેઠે સમજી લેવું જોઈએ કે હયા તથા ઈમાન બંને સિફતો (ખૂબીઓ) રસૂલે અકરમ ﷺ ના પાક શહેરમાં એકત્રિત છે અને એકબીજાના માટે અનિવાર્ય થઈ ગઈ છે. હદીષમાં છે : **અલ્ હયાઉ મિનલ્ ઈમાન.** (હયા ઈમાનનો ભાગ છે.)

એક નામ બલદ (શહેર) પણ છે. રબ ફર્માવે છે : لَاۤ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ એમાં રબ તઆલાએ કસમ યાદ ફર્માવી છે. એનાથી પણ કેટલાક મુફસ્સિરોના કથનાનુસાર મદીના જ મુરાદ છે એટલા માટે કે હુઝૂર ﷺ જાહેરી હયાત સુધી ત્યાં જ મુકીમ રહ્યા અને પર્દો ફર્માવ્યા બાદ ત્યાં જ આરામ કરી રહ્યા છે જેથી આ શહેરને આ બુઝુર્ગી તથા શરાફતનો લિબાસ અતા થયો.

## ★ મદીનાની માટીમાં શિફા છે ★

"શાફિય્યહ્" પણ એનું નામ છે. હદીષ શરીફમાં આવ્યું છે કે, "મદીનાની માટી દરેક બીમારીના માટે શિફા છે." એટલે સુધી કે રક્તપિત્ત તથા કોઢના માટે પણ. મદીના મુનવ્વરાનાં ફળોથી શિફા પામવી સહીહ હદીષથી સાબિત છે તેમજ અમુક આગલા ઉલમાના જણાવ્યાનુસાર તાવના બીમારના માટે પણ સાજા થવાના બારામાં હદીષ આવી છે. અને દિલની બીમારીઓ તથા ગુનાહની બીમારીથી પણ શિફાયાબ થઈ શકાય છે.

શૈખ મુજદ્દીન ફીરોઝાબાદી ફર્માવે છે કે મેં ખૂદ અનુભવ કર્યો છે કે મારો એક ગુલામ એક વરસ સુધી સતત તાવની બીમારીમાં સપડાયેલો રહ્યો. મેં એ જગાની થોડી માટી લીધી અને પાણીમાં પલાળીને ગુલામને આપી દીધી તો એક જ દિવસમાં તે સાજો થઈ ગયો. અને શૈખ અબ્દુલહક્ક મોહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہ એ પણ અનુભવ્યું કે પગનો વરમ જે મટતો ન હતો તે મદીનાની માટીથી સારો થઈ ગયો. *(જઝબુલ કુલૂબ)*

હદીષ શરીફમાં આવ્યું છે કે ફર્માવે છે, "ખુદાની કસમ ! જેની કુદરતના કબ્જામાં મારી જાન છે ! મદીનાની માટી 'મો'મિન' છે." અને એ પણ રિવાયત છે કે તૌરાતમાં એનું નામ 'મો'મિના' છે. "મુબારકા" પણ આ શહેરનું નામ છે, સહીહ હદીષમાં આવ્યું છે કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીના અને તેની તમામ ચીજો માટે એટલે સુધી કે "મદ" તથા "સાઅ" (વજનનાં માપિયાં)ના વાસ્તે પણ આ દુઆ ફર્માવી છે કે હે ખુદા ! એની બરકતમાં વધારો કર ! જેવી કે મક્કામાં ખૈરો બરકત કરી છે.

હદીષ શરીફમાં આવ્યું છે કે, "મદીના પાકની ગલીઓના બંને છેડાઓ પર ફરિશ્તાઓ બેસીને તેની પાસબાની કરે છે. "મદીના પાકના નામ "મહરૂસા" તથા "મહફૂઝા" તથા "મહફૂફા" છે, આ હદીષ પરથી એના અર્થો જાહેર થાય છે. ઉપરાંત અન્ય મુબારક નામો છે જેની વિગત "જઝબુલ્ કુલૂબ"માં જોઈ શકાય છે.

## ★ મદીનાની જમીનનો એ હિસ્સો અર્શથી પણ અફઝલ ! ★

ઉલમાએ કિરામના ઈજમાએ એ સ્થળને ફઝીલત આપી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના શરીર મુબારક સાથે કબ્ર શરીફનો જે હિસ્સો સ્પર્શેલ છે તે પૃથ્વીના તમામ ભાગોથી અફઝલ છે, એટલે સુધી કે ખાનાએ કા'બાથી પણ અફઝલ છે, અને અમુક ઉલમાએ તો એટલે સુધી કહ્યું કે તમામ આસ્માનો એટલે સુધી કે "અર્શથી પણ અફઝલ છે." આસ્માન તથા જમીન આપની તશરીફ આવરીથી જ મોઅઝ્ઝઝ્ છે.

## ★ બે રકાત નમાઝ પઢો ને હજ્જનો સવાબ મેળવો ! ★

હદીષ શરીફમાં એ પણ છે કે, "જે શખ્સ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મસ્જિદનો ઈરાદો કરે એટલા માટે કે બે રકાત નમાઝ અદા કરે તો કામિલ હજ્જનો સવાબ પામે છે અને જે મસ્જિદે કુબાનો ઈરાદો કરે અને ત્યાં પહોંચીને તેની અંદર બે રકાત નમાઝ પઢી લે તો ઉમરાનો સવાબ પ્રાપ્ત થશે.

## ★ મદીનામાં મૌતની તમન્ના કરો ! ★

હદીષે પાકમાં છે : ફર્માવ્યું કે, "જે શખ્સ મદીના પાકમાં ઈન્તેકાલ કરે તેના માટે કિયામતના દિવસે હું શફીઅ (શફાઅત કરનાર) બનીશ." ઈબ્ને માજા તથા અબ્દુલ હક્કે આ હદીષને સહીહ કહી છે, અને આ શબ્દોમાં રજુ કરી છે; **(અર્થ)** : "જે શખ્સ મદીનામાં મરવાની શક્તિ ધરાવતો હોય તેણે જોઈએ કે તે ત્યાં જ મરે, તે શફાઅતના શરફ તથા મારી શહાદતની

ખુશનસીબીથી શરફયાબ થશે.'' બીજી હદીષમાં છે કે, ''મારી ઉમ્મતના જે લોકો સૌથી પહેલા મારી શફાઅતના શરફને પ્રાપ્ત કરશે તે મદીનાવાળાઓ છે, તેના પછી મક્કાવાસીઓ પછી તાઈફ વાસીઓ.''

હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ દુઆ કર્યા કરતા હતા કે, ''હે ખુદા ! તારા માર્ગમાં મને શહાદત નસીબ કર અને મારું મૌત તારા રસૂલના શહેરમાં કર !''

ઈમામ માલિકે એકવાર હજ્જ કરી, ફરી હજ્જ અદા નથી કરી. જ્યારે ફર્ઝ હજ્જ અદા કરી ચૂક્યા તો ફરીવાર મદીના મુનવ્વરાથી મક્કા મોઅઝ્ઝમા એટલા માટે નથી ગયા કે, કદાચ મદીનાપાકના સિવાય અન્ય જગાએ મૌત આવી જાય ! મુદ્દતો સુધી મદીનામાં રહ્યા અને ત્યાં જ દફન થયા.

### ★ દજ્જાલ માટે નો એન્ટ્રી ! ★

મદીના મુનવ્વરાની એક ખૂબી એ પણ છે કે આ શહેર દજ્જાલના પ્રવેશથી તથા તેની નાપાકીથી મેહફૂઝ રહેશે. સહીહેન (બુખારી તથા મુસ્લિમ)ની રિવાયતથી એ સાબિત છે કે એ જમાનામાં મદીના મુનવ્વરાની દરેક ગલી પર ફરિશ્તાઓની એક જમાઅત નિયુક્ત થશે કે તેની રક્ષા કરે અને દજ્જાલને પ્રવેશવાથી રોકે.

હદીષમાં એ પણ છે કે મસ્જિદે નબવી શરીફમાં કબ્ર શરીફથી મિમ્બર શરીફ વચ્ચે જેટલી જગા છે તે જન્નતના બાગોમાંથી એક બાગ છે. અને ઓહદ પહાડ જન્નતના પહાડોમાંથી છે જે હબીબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખૂબ જ મહબૂબ છે.

### ★ દરબારની આ શાન છે તો શહનશાહનો આલમ શું હશે ?! ★

પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! આ સંક્ષિપ્ત વર્ણન મદીના પાકની શાન દર્શાવતું આપની સમક્ષ છે એને વારંવાર વાંચો અને વિચારો કે મદીનાની માટી, મદીનાની ધૂળ, મદીનાના ગુબારનો જવાબ નથી ! મદીનાની હવાનો જવાબ નથી ! મદીનાના પહાડનો જવાબ નથી ! મદીનાની ગલીઓનો જવાબ નથી ! બલ્કે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના શરીર મુબારકને જે જમીન કબ્રે પાકમાં સ્પર્શેલ છે તે અર્શથીય અફઝલ છે અને મદીનાની માટી કે હવાની બેઅદબી માટે તૌબાના હુકમો આવેલા છે, જે દરબારમાં ઊંચા અવાજે બોલવા પર કુર્આને પ્રતિબંધ મૂક્યો છે ! અને આ અદબ ન જાળવનારના અમલ તથા ઈમાન ખતરામાં પડે છે ! (વાંચો સલ્તનતે મુસ્તફા) અરે ! ફરિશ્તાઓ રોઝએ રસૂલ પર સલામી માટે ૭૦ હજાર સવારે અને ૭૦ હજાર સાંજે બદલાતા રહે છે. એકવાર આવનાર ફરિશ્તો ફરી નથી આવી શકતો. અન્ય મસ્જિદોમાં જમણી બાજુની સફમાં અધિક ફઝીલત છે જ્યારે મસ્જિદે નબવીમાં કબ્રે પાકની નિકટતાના હિસાબે ડાબી બાજુએ નમાઝ પઢવામાં અધિક ફઝીલત ! આ બધું આપની કેવળ નિસ્બતના કારણે જ તો છે ! તો આપ સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ફઝીલત તથા મહાનતાનો કયાસ કોણ કરી શકે ?! આપની શાનની ઉચ્ચતાને સમજવું માણસના વશની વાત જ નથી ! સાચુ કહ્યું છે હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ કે :–

*બઅદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તર*

અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે :–

*લેકિન રઝાને ખત્મે સુખન ઈસપે કર દિયા*
*ખાલિક કા બંદા ખલ્ક કા આકા કહૂં તુઝે*

(બરકાતે ખ્વાજા મંથલી, એપ્રિલ–૨૦૧૪)

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# સર્વ શ્રેષ્ઠ અખ્લાક઼વાળા 'આપણા નબી' ﷺ

**કાર્યાલય**

અખ્લાક઼નો શબ્દ ખુલ્ક઼ (خُلق)નું બહુવચન છે. જેનો અર્થ આદત, સ્વભાવિક ખસલત, સ્વભાવ કે પ્રકૃતિ છે. શરઈ ઈસ્લિાહમાં અખ્લાક઼થી મુરાદ હુસ્ને બાતિન (અંતર–ભીતરની અચ્છાઈ) અથવા સારા ગુણો થાય છે. જેવી રીતે ખલ્ક઼ (ખલ્ક઼)નો શબ્દ જાહેરી ખૂબસૂરતીના માટે વપરાય છે, એવી જ રીતે ખુલ્ક઼નો શબ્દ ભીતરની અચ્છાઈ (હુસ્ને બાતિન)ના માટે પણ વપરાય છે.

ઈમામ રાગિબ અસ્ફહાની رحمۃ اللہ علیہ ફર્માવે છે :

''خَلق (ખલ્ક઼) તથા خُلق (ખુલ્ક઼) બંનેનો માદ્દો એક છે, જેમ કે શરબ (شَرب) તથા શુરબ (شُرب) તથા સરમ (صَرم). પરંતુ ખલ્ક઼ (خَلق) શબ્દ તે દેખાવો, શકલો તથા સૂરતોના માટે વપરાય છે જે જાહેરી આંખ વડે જો શકાય છે. અને ખુલ્ક઼ (خُلق) શબ્દ તે શક્તિઓ તથા ખાસિયતો માટે વપરાય છે જેને બાતિની (ભીતરની) આંખ વડે જોઈ શકાય છે. *(મુફર્રદાતુલ અલ્ફાઝિલ કુર્આન, પેજ–૧૫૯)*

અલ્લાહ તઆલાએ હુઝૂર નબી કરીમ ﷺને જાહેરી તથા બાતિની હુસ્નના સંપૂર્ણ પયકર બનાવ્યા હતા, એટલા માટે ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

فَاقَ النَّبِيِّيْنَ فِىْ خَلْقٍ وَّفِىْ خُلُقٍ
وَلَمْ يُدَانُوْهُ فِىْ عِلْمٍ وَّلَا كَرَم

''હુઝૂરે અકરમ ﷺ જાહેરી તથા બાતિની હુસ્નમાં તમામ અંબિયાએ કિરામ علیہم السلام પર ફઝીલત લઈ ગયા, અને કોઈ ઈલ્મ તથા કરમમાં આપના નજીક પણ ન પહોંચી શક્યું.''

એ જ હક઼ીક઼તને વર્ણવતાં ઈમામ અહમદ રઝાખાન رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**તેરે ખુલ્ક઼ કો હક઼્ક઼ને અઝીમ કહા**
**તેરી ખલ્ક઼ કો હક઼્ક઼ને જમીલ કિયા**
**કોઈ તુઝસા હુવા હૈ ન હોગા શહા**
**તેરે ખાલિક઼ે હુસ્નો અદા કી ક઼સમ**

ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہએ 'ખુલ્ક઼'ની હક઼ીક઼ત અને તેના પ્રદર્શિત થવા વિશે પર ખૂબ જ બારીક તથા અર્થસભર ચર્ચા કરી છે, આપ ' ખુલ્ક઼'ની હક઼ીક઼ત વર્ણન કરતાં ફર્માવે છે :–

ખુલ્ક઼ (خُلق) નફ્સની તે ક્ષમતા (કેપેસીટી)ને કહે છે કે જે શખ્સ એનાથી સંબંધિત થાય તેના માટે સારાં કામોને અંજામ આપવું આસાન થઈ જાય છે. અને જાણી લો કે સારાં કામોને અંજામ આપવું એક અલગ ચીજ છે અને તેને સરળતાપૂર્વક અંજામ આપવું અલગ ચીજ છે. તો જ્યારે સારાં કામો સરળ તાપૂર્વક (આપોઆપ) થવા લાગે તો એ વખતે તેને ખુલ્ક઼ (خُلق) કહે છે.'' *(અત્તફસીરુલ ક઼બીર, ૩૦/૮૧, રાઝી)*

## ★ બાઅખ્લાક઼ કોને કહેવાય ? ★

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે જે ઈન્સાનને એ ખૂબી તથા ક્ષમતા મળી જાય કે તે સારાં કામો કશાય ખચકાટ વિના અંજામ આપવા લાગે તો તે શખ્સને ખુલ્ક઼ (અખ્લાક઼)વાળો કહેવામાં આવશે. દા.ત. એક માણસ જ્યારે કોઈ અવાજ સાંભળે છે તો તેના માટે તેને વિચારવું નથી પડતું કે તેને સાંભળે કે ન સાંભળે. (સંભળાય જ જતુ હોય છે) બલ્કે ખૂબ જ સહજ રીતે (સરળતાપૂર્વક) તથા કશાય ખચકાટ વિના તે અવાજ સાંભળી લે છે. એ જ પ્રમાણે જ્યારે કોઈ માણસની અંદરનો માનવ (આંતરીક રીતે) એવી રીતે સંવરી જાય કે તે વિના સંકોચે પોતાનો ગુસ્સો પી જાય, વિના કોઈ ખચકાટે પોતાના દુશ્મન પર સવાર થઈ જવા છતાં તેને ખુદાની રઝાને ખાતર માફ કરી આપે, તો તેને અખ્લાક઼વાળો કહેવામાં આવે છે. પરંતુ જો દુશ્મનને માફ કરવાના માટે તેણે

સોચ વિચારથી કામ લેવું પડે, તે એવું વિચારતો રહે કે માફ કરું કે ન કરું ! અને પછી ઘણા ભારે મને તેને માફ પણ કરી આપે, તો એનું એ કામ છે તો સારું પરંતુ એને અખ્લાક઼ કહેવાશે નહીં. કેમ કે અખ્લાક઼ સારાં કામોને એ રીતે અંજામ આપે છે કે તેના માટે કોઈ સંકોચ વિચારને સ્થાન નથી હોતું.

### ★ અખ્લાક઼નું વર્તુળ ★

અખ્લાક઼નું વર્તુળ દરેક તે કામ સુધી વિશાળ ફેલાયેલુ છે જે સારા કામ કે સદ્ગુણોમાં ગણાય છે. એટલે કે દરેક સારું કામ અખ્લાક઼માં સામેલ છે. અખ્લાક઼ અપનાવાથી મુરાદ એ છે કે માણસ દરેક સારા કામને અપનાવી લે.

ઈમામ રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"હુસ્ને ખુલ્ક઼ (સારા અખ્લાક઼)માં કંજૂસી, ગુસ્સો વગેરેથી બચવું પણ સામેલ છે, અને વહેવારમાં સખ્તીથી બચવું, વાણી તથા વર્તનમાં લોકો સાથે પ્રેમાળ વર્તાવ કરવો, સંબંધ કટ કરવા તથા લોકોને છોડવાથી બચવું, આ સર્વ ચીજો સામેલ છે." *(અત્તફસીરુલ ક઼બીર, ૩૦/૮૧, રાઝી)*

એનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે અખ્લાક઼ે હસનાનું વર્તુળ દરેક તે ચીજને સમાવે છે જેને હુસ્ને બાતિન (સારું ભીતર) તથા સદ્ગુણો કહી શકાય છે.

### ★ અખ્લાક઼ે હસના (સુસંસ્કાર) અને નબવી તા'લીમાત ★

જો એવું કહેવામાં આવે કે બઅષતે નબવી (નબી ﷺના દુનિયામાં આગમન)નો હેતુ જ સુસંસ્કારની પરિપૂર્ણતાનો હતો તો બિલ્કુલ યોગ્ય ગણાશે, કેમ કે અખ્લાક઼નું વર્તુળ જ્યારે દરેક સારા કાર્યને સમાવે છે તો એમાં ઈબાદતો, મામલાઓ અને માનવજીવનનાં સર્વ પાસાંઓ આવે છે. હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે :–

"મને કેવળ એટલા માટે મોકલવામાં આવ્યો કે હું અખ્લાક઼ી કમાલોને પરિપૂર્ણતાએ પહોંચાડું." *(મુસ્નદે બઝ્ઝાર, ૧૦/૩૬૪)*

એનાથી સ્પષ્ટ થાય છે કે જે બંદાએ અખ્લાક઼ે હસનાને અપનાવી લીધા તેણે નબવી તા'લીમાતને અપનાવી લીધી. હુસ્ને અખ્લાક઼ (સુસંસ્કાર)થી સજ્જ થયેલ શખ્સને **શ્રેષ્ઠ વ્યક્તિ** ઠરાવતાં આપ ﷺએ ફર્માવ્યું : "તમારામાંથી શ્રેષ્ઠ વ્યક્તિ તે છે જેના અખ્લાક઼ (સંસ્કાર) સારા હોય." *(મુસ્નદે બઝ્ઝાર, ૫/૧૩૫)*

હુઝૂરે અકરમ ﷺએ આ પણ ફર્માવ્યું કે, "મો'મિનના મીઝાનમાં ક઼યામતના દિવસે સારા અખ્લાક઼ (સારી આદતો)થી ભારે કોઈ ચીજ હશે નહીં, અને **બેશક ! અલ્લાહ તઆલા ફુહશગો (બિભત્સ વાણીવાળા) અને બદ્અખ્લાક઼ શખ્સથી દુશ્મની** ધરાવે છે." *(સુનને તિર્મિઝી, હદીષ–૨૦૦૨)*

વિચારો કે જે શખ્સથી અલ્લાહ તઆલા દુશ્મની રાખે અને જે અલ્લાહ તઆલાનો દુશ્મન ઠરે તેને ક્યાં પનાહ મળશે ?!

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ ફર્માવે છે કે તેમણે રસૂલે કરીમ ﷺને એવું કહેતાં સાંભળ્યા : "શું હું તમને એ વ્યક્તિના બારામાં ન બતાવું જે મને સૌથી અધિક પ્રિય છે અને ક઼યામતના દિવસે મારી સૌથી નજીક હશે ?! આપે આ વાત બે કે ત્રણ વાર ફર્માવી. સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَએ અર્ઝ કરી કે, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો. તો આપ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી જેના અખ્લાક઼ સારા હોય." *(અત્તરગીબ વત્તરહીબ, પેજ–૫૦૫, હદીષ–૩૯૧૯)*

હુઝૂરે અકરમ ﷺએ કામિલતરીન ઈમાનવાળો એ શખ્સને ઠરાવ્યો જેના અખ્લાક઼ સારા હોય. આપ ﷺએ ફર્માવ્યું, "બેશક ! ઈમાનવાળાઓમાં કામિલતરીન ઈમાનવાળો તે છે જેના અખ્લાક઼ સારા હોય, અને જે પોતાનાં ઘરવાળાંઓ સાથે સૌથી વધુ નરમી કરનારો હોય." *(સુનને તિર્મિઝી, ૫/૯, હદીષ નં. ૨૬૧૨)*

એટલે કે જે શખ્સના અખ્લાક઼ જેટલા સારા હશે, તે પોતાનાં ઘરવાળાંઓ સાથે જેટલા પ્રમાણમાં નરમી કરનાર હશે તેનું ઈમાન એટલુ જ અધિક કામિલ હશે.

હઝરત અબૂ અમામા رضی اللہ عنہ ફર્માવે છે :–

''હું તે શખ્સને જન્નતના કિનારામાં એક મહેલની ઝમાનત આપુ છું જે ઝઘડો ખત્મ કરવા માટે **પોતાનો હક્ક઼ છોડી આપે.** હું તે શખ્સને જન્નતના મધ્યમાં એક મહેલની ઝમાનત આપુ છું જે **મઝાક઼માં પણ જૂઠ ન બોલે.** અને હું તે શખ્સને જન્નતના ઉચ્ચતર મક઼ામ પર એક મહેલની ઝમાનત આપુ છું જેણે પોતાના **અખ્લાક઼ને સારા કરી લીધા.**'' *(શોઅબુલ ઈમાન લિલ્ બયહક઼ી, હદીષ–૮૦૧૮,૬/૨૪૨)*

રસૂલે કરીમ ﷺના ઉપર વર્ણવેલ અમુક ફર્માનોથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે જે શખ્સના અખ્લાક઼ સંવરી (સુધરી) ગયા, જે હુસ્ને અખ્લાક઼ની મહામૂલી દૌલત પામી ગયો તે જ કામિલતરીન ઈમાનવાળો છે, તે જ રસૂલે કરીમ ﷺનો મહબૂબ છે. ક઼યામતના દિવસે તેની જ નેકીઓનું પલ્લુ ભારે હશે. તે જ શખ્સ જન્નતના ઉચ્ચતમ મક઼ામ પર મહેલ પામનાર હશે. અને જે શખ્સના અખ્લાક઼ જ ન સંવર્યા (સુધર્યા) તે તો દીનની હક઼ીક઼તથી માઈલો દૂર રહ્યો, જો તે કાંઈ કરતો પણ રહ્યો તો કેવળ રસમો જ અદા કરતો રહ્યો પણ ઈમાનની મીઠાશથી મહેરૂમ રહ્યો.

## ★ અખ્લાક઼ે હસનાના ઉદ્‌ભવ સ્થાનો અને સીરતે તૈયબહ ★

ઈન્સાનનું જાહેર તેના અંતરનું પ્રતિબિંબ હોય છે. જે પણ જઝબાત, ખયાલાત તથા એહસાસો એના દિલમાં હોય છે તેનું પ્રદર્શન તેના અમલ તથા વર્તાવથી થાય છે. જો એવું કહેવામાં આવે તો યોગ્ય ગણાશે કે માણસ પોતાના ખયાલો તથા ચિંતનોના તાબે હોય છે.

અખ્લાક઼ે હસનાનું સારું હોવું એક વિશ્વવ્યાપી હક઼ીક઼ત છે. કોઈપણ ઈન્સાન એવું નથી ચાહતો કે તે સારા અખ્લાક઼થી મેહરૂમ હોય. બુરા અખ્લાક઼વાળા બનવાનું તો કોઈ પણ શખ્સ પસંદ નથી કરતો, પરંતુ જો કોઈ ઈન્સાનની અમલી જિંદગી અખ્લાક઼ે હસનાના નૂરથી મુનવ્વર તથા ઉજ્જવળ ન હોય તો અખ્લાક઼ે હસનાનો કેવળ દાવો એક નિરર્થક અને ફોગટનું કાર્ય છે.

રસૂલે કરીમ ﷺની ઝાતે બાબરકતને અલ્લાહ તઆલાએ તમામ ઉચ્ચ અખ્લાક઼ોના સંપૂર્ણ સમૂહ બનાવ્યા છે. કુર્આને કરીમ જે ઉચ્ચ અખ્લાક઼ોને અપનાવાની હિદાયત કરે છે, રસૂલે કરીમ ﷺ એ તમામના કામિલ પયકર છે. એટલા માટે હઝરત સૈયદા આઈશા رضی اللہ عنہاથી જ્યારે રસૂલે કરીમ ﷺના અખ્લાક઼ના સંબંધે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું : **كَانَ خُلُقُهُ الْقُرْآنُ** ''આપ ﷺના ખુલ્ક઼ (અખ્લાક઼) કુર્આન હતા.'' *(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૪/૪૫૦)*

એટલે કે કુર્આને કરીમમાં જે અખ્લાક઼ે હસના (સુસંસ્કાર, સારી આદતો)ની તા'લીમ આપવામાં આવી, હુઝૂર ﷺની ઝાતે ગિરામી એનો સંપૂર્ણ નમૂનો (પયકર) હતા, કુર્આને કરીમ કિતાબ સ્વરૂપે કુર્આન છે અને હુઝૂરે અકરમ ﷺની ઝાતે અક઼દસ અમલી કુર્આન છે.

એના અનુસંધાનમાં અમુક આરિફો ફર્માવે છે કે જેવી રીતે કુર્આને કરીમમાં અમુક આયતો મુતશાબેહ છે જેના પર આપણુ ઈમાન તો છે, પંરતુ આપણે એની તાવીલ (અર્થઘટન) નથી જાણતા. એવી જ રીતે રસૂલે કરીમ ﷺના અખ્લાક઼ે હસનાના અમુક મક઼ામ એવા છે જેની હક઼ીક઼ત સુધી આપણી પહોંચ શક્ય નથી. અવારિફુલ મઆરિફમાં છે કે હઝરત આઈશા رضی اللہ عنہاના આ ફર્માન ''આપના અખ્લાક઼ કુર્આન હતા''માં ઘણુ ગાઢ રહસ્ય છે અને એમાં અખ્લાક઼ે રબ્બાનિયહ તરફ નિર્દેશ છે.

આ કૌલથી આપની મુરાદ આ હતી :–

"આપ ﷺ અલ્લાહ તઆલાના અખ્લાકથી સંકલિત હતા અને આ અર્થને આપે એ રીતે અદા કર્યો કે આપનો ખુલ્ક કુર્આન હતો. એ અઝમતે બારી તઆલા સબબ તથા કૈફિયતોને ગુપ્ત પર્દામાં રાખવાના કારણે કર્યું. એ આપની અક્લો દાનિશની હદ અને અદબ કમાલની કક્ષાની છે."

(મવાહિબુલ્લદુન્નિયા, ૨/૭૮૪)

રસૂલે કરીમ ﷺની પૂરી જિંદગી જ ઉચ્ચ અખ્લાકનો શ્રેષ્ઠ શ્રોત છે જો કે અખ્લાકનું વર્તુળ દરેક અચ્છાઈ તથા ખૂબીને સમાવે છે, જેથી હુઝૂરે અકરમ ﷺના અખ્લાકે હસનાના શ્રોતોમાંથી અમુક મહત્વની ચીજો વર્ણવવામાં આવે છે જેને અપનાવ્યા વિના કોઈ માનવી પોતાના વ્યક્તિત્વને પૂર્ણ નથી કરી શક્તો. જે શખ્સ ચાહતો હોય કે તે હુઝૂરે અકરમ ﷺના ઉચ્ચ સંસ્કારો (અખ્લાકો) અપનાવવાનું સદ્ભાગ્ય પામે તો તેણે આ ચીજોને અનુસરવું પડશે :

## ★ માફી તથા દરગુઝર ★

દુશ્મનથી બદલો ન લેવો અને તેના પર સવાર થયા બાદ તેને માફ કરી દેવો એ રસૂલે કરીમ ﷺના સુસંસ્કારોનું એક મહત્વનુ પાસુ છે. કેમ કે બદલો લેનારો પોતાના નફસ સામે ઝુકી રહ્યો હોય છે અને માફ કરનારો પોતાના નફસ પર સવાર થઈને પોતાના રબની સમક્ષ ઝુકી રહ્યો હોય છે અને કાબૂ પામ્યા પછી તેને માફ કરીને જાણે પોતાના કાબૂની ઝકાત આપી રહ્યો હોય છે. એટલા માટે રસૂલે કરીમ ﷺને માફી તથા દગુઝર ખૂબ જ પસંદ હતું. આપ ﷺએ ફર્માવ્યું :

"જે માણસ પોતાનો ગુસ્સો કાઢવા શક્તિમાન હોય પછી તે (અલ્લાહ તઆલાની રઝાના ખાતર) પોતાનો ગુસ્સો પી જાય તો અલ્લાહ તઆલા તેના દિલને અમ્ન તથા ઈમાનથી ભરી દે છે. *(અલ્ઈહાદ વલ્મષાની, ૪/૪૭૮, હદીષ–૨૬૪૯)*

એ જ કારણે હુઝૂરે અકરમ ﷺએ કદી પોતાની ઝાતના માટે બદલો નથી લીધો. આપના અખ્લાકનું એક પ્રદર્શન આ છે :

"આપે કદી પોતાની જાતના માટે બદલો નથી લીધો, પણ એ કે અલ્લાહ તઆલાની હુર્મતને પાયમાલ કરવામાં આવે તો તે વખતે આપ અલ્લાહને ખાતર બદલો લેતા હતા" *(મુસ્નદે ઈમામ અહમદ, ૪/૪૫૦)*

આપની પૂરી જિંદગી એના માટે સાક્ષી છે કે આપે કદી પોતાની જાતના માટે બદલો નથી લીધો બલ્કે માફી તથા દરગુઝરથી કામ લીધું.

ગઝવએ ઓહદના મોકા પર આપનો મુકદ્દસ ચહેરો ઝખ્મી થઈ ગયો. લોહી આપના મુબારક ચહેરા પર વહેવા લાગ્યું તો સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના માટે આ ખૂબ જ દુઃખદ તથા પીડાકારક મોકો હતો. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કાશ ! કે આપ તેઓના બર્બાદ થવાની દુઆ કરતા. તો આપ ﷺએ ફર્માવ્યું, "મને લઅનત કરનારો બનાવીને નથી મોકલવામાં આવ્યો બલ્કે મને દાઈ (દાવત આપનાર) તથા રહમત બનાવીને મોકલવામાં આવ્યો છે. હે અલ્લાહ ! મારી કૌમને માફ કરી આપ !" અથવા આપે અર્ઝ કરી કે. "હે અલ્લાહ ! મારી કૌમને હિદાયત આપી દે, કેમ કે તે જાણતી નથી," *(અશ્શિફા, બાબુલ હિલ્મ, ૧/૭૩)*

પરંતુ ગઝવએ ખંદકના પ્રસંગે દુશ્મનોનો સામનો કરતી વખતે આપની અસ્રની નમાઝ કઝા થઈ તો આપ ﷺએ અલ્લાહ તઆલાને અર્ઝ કરી : "હે અલ્લાહ ! એમના પેટોને આગ વડે ભરી દે જેમણે અમને અસ્રની નમાઝ ન પઢવા દીધી." *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ–૧૩૧૪, ૨/૪૩૬)*

હુઝૂરે અકરમ ﷺએ જ્યારે પણ બદલો લીધો તો અલ્લાહની હદોની પાયમાલી પર લીધો, પોતાની જાતના માટે કદી બદલો ન લીધો. મક્કાવાસીઓએ આપ ﷺની પવિત્ર જાત અને અન્ય મુસલમાનો પર જાત જાતના જુલ્મો સિતમ તોડયા હતા, તેમને વિવિધ રીતે જુલ્મો સિતમનું નિશાન બનાવવામાં આવ્યા હતા, તે જ મક્કાવાસીઓ મક્કાની ફતહના દિવસે ડર તથા બેકરારીની હાલતમાં આપના હુકમની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ હુઝૂર ﷺ તેમના જુલ્મો સિતમ તથા સખ્તીઓ અને તકલીફોનો ઉલ્લેખ પણ પોતાની ઝબાન મુબારક પર નથી લાવ્યા. જ્યારે તેઓ ભયભીત હાલતમાં ગરદનો ઝુકાવીને આપ ﷺના હુકમની રાહ જોઈ રહ્યા હતા તો આપે એમને પૂછયું, હે લોકો ! તમારો શું ખયાલ છે ? હું તમારી સાથે કેવો સુલૂક કરનારો છું ?! તેમણે કહ્યું, ''આપ કરીમ (દયાળુ) છો અને કરીમ ભાઈના સાહબઝાદા છો.'' આપ ﷺએ ફર્માવ્યું, ''હું તમને તે જ કહું છું જે મારા ભાઈ યૂસુફ علیہ السلامએ પોતાના ભાઈઓના માટે કહ્યું હતું, **اِذْهَبُوا فَاَنْتُمُ الطُّلَقَاءُ** જાવ ! તમે લોકો સૌ આઝાદ છો !'' *(સીરતે ઈબ્ને હિશામ, ૨/૪૧૧)*

જો આપ પોતાની જાતના માટે બદલો લેતા તો એ પ્રસંગે એમને માફ કરવામાં ન આવત, બલ્કે બોધ લેવાનો નમૂનો બનાવી દેત. પણ આપ ﷺએ આમ માફીનું એલાન ફર્માવ્યું તો એમની ગરદનો તો આઝાદ થઈ ગઈ, પરંતુ એમનાં દિલો આપના જમાલના કૈદી થઈ ગયાં અને તેઓ કેટલીયે પેઢીઓથી અપનાવેલા શિર્કને ત્યજીને ઈસ્લામના વર્તુળમાં પ્રવેશી ગયા !

હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ ફર્માવે છે કે ગઝવએ અન્મારમાં અમે હુઝૂરે અકરમ ﷺની સાથે હતા. આપની ખબર સાંભળીને તે બદ્દુ પહાડો પર ચાલ્યા ગયા. ગુત્ફાને તેમના સરદાર દઅષૂર બિન હારિષને કહ્યું કે અત્યારે મુહમ્મદ ﷺ પોતાના સહાબીઓથી અલગ છે, પછી તમને આવો મોકો મળશે નહીં ! તે તેજ તલ્વાર લઈને આવ્યો. તેણે આપ ﷺને એક ઝાડના નીચે આરામ કરતા જોયા તો તલ્વાર ખેંચીને આપના માથા પર ઉભો થઈ ગયો. આપ જાગી ગયા તો કહેવા લાગ્યો, ''તમને મારાથી કોણ બચાવશે ?!'' આપ ﷺએ ફર્માવ્યું, ''અલ્લાહ !''

હઝરત જિબ્રઈલ علیہ السلامએ એને દૂર હટાવી દીધો અને તે પડી ગયો. આપ ﷺએ તલ્વાર પકડીને ફર્માવ્યું કે હવે તને મારાથી કોણ બચાવશે ?! તેની પાસે એનો કોઈ જવાબ ન હતો. તે ધ્રુજતો કાંપતો ઉભો થયો. પણ આપ ﷺએ તેને માફ કરી દીધો. આપના આ સારા અખ્લાકથી પ્રભાવિત થઈને તે ઈસ્લામથી મુશર્રફ થઈ ગયો'' *(ઉપર મુજબ, ૨/૩૯, ૨/૪૮૨)*

## ★ માફીના અજોડ નમૂના ! ★

જ્યારે આપ ﷺની સાહબઝાદી હઝરત ઝયનબ رضی اللہ عنہاને એમના પતિ અબુલ આસે મદીના મુનવ્વરા મોકલ્યાં તો માર્ગમાં કુરૈશના અમુક લોકો રુકાવટ બન્યા. એમનામાંથી એક હબાર બિન અસ્વદ પણ હતો. એણે હઝરત ઝયનબ رضی اللہ عنہاને ઊંટ પરથી ફેંકી દીધાં હતાં. આપ સગર્ભા હતાં, પથ્થર પર પડયાં તો ગર્ભ પડી ગયો અને એ ઝખ્મી પણ થયાં અને બાદમાં એ જ ઝખ્મના કારણે મૃત્યુ પણ પામ્યાં.

મક્કા ફતહ થયું તો એ શખ્સ એ લોકોના લિસ્ટમાં હતો જેમને વાજિબુલ કત્લ ઠરાવવામાં આવ્યા હતા. તે મક્કાથી નાઠો અને ઈરાન જવા ચાહતો હતો. જ્યારે રસૂલે અકરમ ﷺ જિઈર્રાનાથી પરત તશરીફ લાવ્યા તો બારગાહે રિસાલત મઆબ ﷺમાં હાજર થયો અને અર્ઝ

કરવા લાગ્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ હું આપની પાસેથી ભાગીને શહેર શહેર ફરતો રહ્યો. મેં વિચાર્યું હતું કે હું ઈરાન ચાલ્યો જઈશ. પછી મને આપનો કરમ, સિલએ રહમી તથા માફી અને દરગુઝર યાદ આવી ગયાં. મને મારી ખતા તથા ગલતીનો એહસાસ છે, તમે મને માફ કરી આપો ! જેથી આપ ﷺએ એને કોઈ સજા ન આપી અને ફર્માવ્યું, જા ! મેં તને માફ કર્યો. *(સીરતુલ હલબિયા, ૨/૩૯)*

જે માણસે કોઈની દીકરી પર આ પ્રમાણે જુલ્મો સિતમ કર્યો હોય તેને માફ કરવાની કલ્પના પણ નથી કરી શકાતી, પરંતું આ મારા રસૂલે કરીમ ﷺની શાને અફવો કરમ છે કે આપે તેને પણ માફ કરી આપ્યો.

આ થોડાંક દૃષ્ટાંતોથી એ સ્પષ્ટપણે જાહેર થઈ રહ્યું છે કે હુઝૂર ﷺના પ્રદર્શિત થતા અખ્લાકોમાંથી એક માફી તથા દયા પણ છે કે આપ ﷺએ પોતાની જાતના માટે કદી પણ બદલો નથી લીધો બલ્કે હમેશાં માફી તથા દરગુઝર કરેલ છે.

## ★ હાથ નીચેના લોકો સાથે સદવર્તાવ ★

સામાન્યત : માણસ જ્યારે પોતાના સમકક્ષ લોકો સાથે વહેવાર કરે છે તો અખ્લાક઼ બાબતે કાળજી રાખે છે, કેમ કે તે તેમની સાથે વહેવાર કરવામાં કોઈ પણ ચીજ તેમના કરતાં પોતાની અંદર વધારે (ચડિયાતી) નથી પામતો. પરંતું જ્યારે તે પોતાના હાથ નીચેના લોકો સાથે વર્તે છે તો તેનું હુંપદ તેની હદે પહોંચી જાય છે, તે સર્વ અખ્લાકી ઉચ્ચતાઓને પાયમાલ કરી દે છે. ન તો તે તેમના હક્કોની કાળજી લે છે અને ન તો તેમની ઈજ્જતની. તે એમને પોતાના જેવા માણસ નહીં બલ્કે કોઈ અન્ય મખ્લૂક઼ સમજીને તેમની સાથે મામલો કરે છે.

હુઝૂર નબી કરીમ ﷺએ જે ઉચ્ચ અખ્લાકોની તાલીમ આપી છે એનું એક મહત્વનુ પાસુ એ છે કે આપે હમેશાં પોતાના હેઠળના લોકોના હક્કોની અદાયગીનો ન કેવળ હુકમ આપ્યો બલ્કે તેમના સન્માન અને પ્રતિષ્ઠાનો પણ પૂરે પૂરો ખયાલ રાખ્યો છે. પોતાના સમકક્ષ લોકો સાથે અખ્લાક઼ની ઉચ્ચતાની કાળજી રાખતાં વહેવાર કરવો એ વ્યાપારિક દૃષ્ટિની એક ચીજ બની જાય છે, પરંતું પોતાના ગુલામો, નોકરો અને હાથ નીચેના લોકો સાથે ઉચ્ચ અખ્લાક઼ ભર્યું વર્તન સાચવી રાખી વહેવાર કરવો એ તે માણસના ઉચ્ચ અખ્લાક઼વાળા (સુસંસ્કારી) હોવાની દલીલ હોય છે.

રસૂલુલ્લાહ ﷺના ખાદિમ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે : "મેં રસૂલે કરીમ ﷺની દસ વરસ ખિદમત કરી. આપે મને કદી ઉફ સુધ્ધાં નથી કહ્યું. મેં જે પણ કામ કર્યું, આપ ﷺએ કદી મને નથી ફર્માવ્યું કે આવું કેમ કર્યું ?! અને જે કામ નથી કર્યું, તો આપે મને કદી નથી કહ્યું કે કેમ ન કર્યું ?! અને રસૂલલ્લાહ ﷺ અખ્લાક઼ના એતબારથી પણ તમામ લોકોથી સારા હતા. મેં કદી કોઈ ઊની કે રેશમી કપડુ નથી સ્પર્શ્યું અને કોઈ એવી ચીજ નથી જોઈ જે આપ ﷺની હથેળીથી અધિક નરમ હોય, અને ન તો મેં કોઈ કસ્તૂરી તથા ઈત્ર સૂંઘ્યું જે રસૂલુલ્લાહ ﷺના પસીનાથી વધુ સુગંધિત હોય." *(શમાઈલુલ્ મુહમ્મદિયા, પેજ-૧૪૧)*

જો કોઈ શખ્સ પોતાના હેઠળનાઓ સાથેના મામલાને પોતાની નિસ્બતથી જુએ છે તો એમાં ઘમંડ તથા તકબ્બુર પેદા થાય છે. અને જ્યારે તે પોતાના અને તેમના મામલાને અલ્લાહની નિસ્બતથી જુએ છે તો એનામાં અખ્લાકી ઉચ્ચતા ઉદ્ભવ પામે છે. હઝરત અબૂ મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે હું એક દિવસ કોઈ વાત પર મારા ગુલામથી નારાજ થઈ ગયો અને તેને કોરડા વડે મારવા લાગ્યો. એટલામાં મારા પાછળથી અવાજ આવ્યો, "હે અબૂ મસ્ઊદ ! જાણી લો !" પણ હું સખત ગુસ્સાની

હાલતમાં હોવાના કારણે અવાજ ઓળખી ન શક્યો. જ્યારે અવાજ આપનાર મારી નજીક આવી ગયો તો મેં જોયું કે તે રસૂલે કરીમ ﷺ છે ! અને ફર્માવી રહ્યા છે : "હે અબૂ મસ્ઊદ ! **જાણી લો ! તમને આ ગુલામ પર જેટલા પ્રમાણમાં કાબૂ હાંસલ છે એનાથી વધુ કાબૂ તમારા પર અલ્લાહ તઆલાને હાંસલ છે."**

આપ (અબૂ મસ્ઊદ) ફર્માવે છે કે આ સાંભળીને કોરડો મારા હાથેથી પડી ગયો. મેં કહ્યું કે હવે હું કદી પણ આ ગુલામને મારીશ નહીં, હું આ ગુલામને અલ્લાહને ખાતર આઝાદ કરું છું. આ વાત સાંભળીને હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "હા ! જો તમે એવું ન કરત તો તમને આગ સ્પર્શી જાત." *(જામિઉલ ઉસૂલ, હદીષ–૫૮૯૬, ૮/૫૬)*

વિચાર કરો ! હુઝૂર નબી કરીમ ﷺ પોતાના હાથ નીચેનાઓ સાથે કેવો વર્તાવ કરવાની સૂચના આપતા હતા. આપે તાકીદ ફર્માવી કે પોતાના ગુલામોને તે જ ખવડાવો જે ખુદ ખાવ છો, અને તેમને એવું જ પહેરાવો જે ખુદ પહેરો છો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે એક શખ્સે હુઝૂર ﷺને પૂછયું કે અમે ખાદિમને એક દિવસમાં કેટલી વાર માફ કરી દીધા કરીએ ? આપ ﷺ ખામોશ રહ્યા. તેણે બીજીવાર પૂછયું તો આપ ﷺ ખામોશ રહ્યા. તેણે ફરી એ જ સવાલ કર્યો, તો આપ ﷺએ ફર્માવ્યું, "તેને દરરોજ સિત્તેરવાર માફ કરી દીધા કરો." *(સુનને અબૂ દાઊદ, હદીષ–૫૧૬૬,૪/૫૦૪)*

હુઝૂરે અકરમ ﷺએ ગુલામોના વિશે ફર્માવ્યું, "એ તમારા ભાઈ છે જેમને અલ્લાહ તઆલાએ તમારા તાબા હેઠળ કરી આપ્યા છે. તો જેના હાથ હેઠળ તેનો ભાઈ હોય તેણે જોઈએ કે જે પોતે ખાય છે તેને પણ તે જ ખવડાવે અને જે ખુદ પહેરે છે તેને પણ તે જ પહેરાવે. તેની પાસેથી તેની શક્તિ બહારનું કોઈ કામ ન લે. જો તેને કોઈ કામ એવું કહી આપે તો પોતે પણ તેની મદદ કરે." *(સુનને અબૂ દાઊદ, હદીષ–૫૧૬૦, ૪/૫૦૫)*

રસૂલુલ્લાહ ﷺના ખાદિમ હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે આપ ﷺએ મને કોઈ કામના માટે મોકલ્યો. મેં કહ્યું કે ખુદાની કસમ ! હું ત્યાં જઈશ નહીં, અને મારા દિલમાં એવું હતું કે મને રસૂલુલ્લાહ ﷺએ હુકમ આપ્યો છે જેથી હું ત્યાં જઈશ. હું તે કામના માટે નીકળ્યો. બજારમાં કેટલાંક બાળકો રમી રહ્યાં હતાં, હું ત્યાં ઉભો થઈ ગયો. પછી રસૂલુલલાહ ﷺ ત્યાં તશરીફ લાવ્યા. આપ ﷺએ (પ્યારથી) મને બોચીમાંથી પકડયો તો મેં જોયું કે આપ ﷺ સ્મિત કરી રહ્યા હતા, અને મને ફર્માવ્યું કે હે અનસ ! મેં તમને જ્યાં જવાનું કહ્યું છે ત્યાં ચાલ્યા જાવ ! મેં અર્ઝ કરી કે, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ હું જાઉં છું." *(સુનને અબૂ દાઊદ, હદીષ–૪૭૭૫, ૪/૩૯૨)*

આ પરથી સારી રીતે અંદાજો કરી શકાય છે કે હુઝૂરે અકરમ ﷺ પોતાના હાથ હેઠળના લોકો સાથે કેવો વહેવાર કરતા હતા. આપ ﷺને એ લોકોની બેહતરી તથા તેમની સાથે સદવર્તાવ એટલા પ્રમાણમાં પ્રિય હતો કે આપ ﷺએ જાહેરી હયાતથી પર્દો ફર્માવતી વખતે પણ નમાઝની સાથે એ જ ચીજની હિદાયત કરી. હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે કે જે બીમારીમાં હુઝૂર ﷺનો વિસાલ થયો, એમાં આપ ﷺ આખરી દમ સુધી આ જ ફર્માવતા રહ્યા : હે લોકો ! નમાઝનો ખયાલ રાખજો અને તમારા ગુલામોનો ખયાલ રાખજો." *(સુનને ઈબ્ને માજહ, હદીષ–૧૬૨૫, ૧/૫૧૯)*

સીરતે તય્યબહના આ પાસાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે આપ ﷺના અખ્લાકે હસના (સુસંસ્કાર)નું એક પાસુ પોતાના હેઠળના લોકો સાથે મુરવ્વત તથા અખ્લાકથી વર્તવામાં આવે. *(મંથલી નૂરુલ હબીબ–પાક. ફેબ્રુ. ૨૦૧૬, અઝ : પ્રો. ડો. હબીબુલ્લાહ ચિશ્તી)*



# નબી કરીમ ﷺ નું રાજ્ય કારોબારનું બંધારણ

❑ રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી–દયાદરા** ❑

હુઝૂર પુરનૂર આક઼ા વ મૌલા ﷺના કથનો અને આદેશો, આપના ઉસ્વએ હસના (સારા નમૂના) અને આપના લાવેલ કુર્આને મુક઼દસથી એ સંદર્ભે માહિતગાર થવું અત્યંત બેહતર છે કે આપણે એ ઈલ્મનું બંધારણ સાંભળવાથી વધીને કિરદાર તથા અમલ સુધી વિકસિત કરી શકીએ. પરંતુ આ કડવી હક઼ીક઼ત છે કે આપણે વાતો કરવા અને વાતો સાંભળવાને તો પસંદ કરીએ છીએ, કદીક અભ્યાસનો ''જુર્મ'' પણ કરી બેસીએ છીએ ! પરંતુ પ્રાપ્ત કરેલ ઈલ્મને દિલમાં બેસાડવાની તકલીફ ઓછી જ કરીએ છીએ.

ઈસ્લામ એક સંપૂર્ણ અને પરિપૂર્ણ દીન છે. હુઝૂર ફખ્રે મૌજૂદાત સરવરે ક઼ાયનાત ﷺનાં કથનો અને કાર્યો ઈસ્લામની અમલી સૂરત છે. આક઼ા હુઝૂર ﷺએ જીવનના દરેક ક્ષેત્ર અને ઈન્સાની જીવનના દરેક પાસામાં માર્ગદર્શન ફર્માવ્યું છે. જો આપણે મુસલમાન છીએ તો આપણા માટે એ વાતની બિલ્કુલ ગુંજાઈશ નથી કે ઈબાદત તો આપણે મહબૂબે કિબ્રિયા ﷺના બતાવેલ તરીક઼ા મુજબ કરીએ અને જીવન વીતાવવાના બીજાં કામોમાં માર્ગદર્શન માટે કોઈ બીજા ''મોટા''નું મોઢું જોઈએ ! આપણે ધાર્મિક બાબતોમાં તો આપની પેરવી કરીએ અને જીવિકા માટે કોઈ યહૂદી સામે હાથ ફેલાવીએ અથવા રાજનીતિમાં પશ્ચિમ તરફ મોઢું કરીએ. હુઝૂર રસૂલે અનામ ﷺ એવી સંપૂર્ણ જીવનશૈલી લાવ્યા છે જેમાં કોઈ પાસાએથી કોઈ કમજોરી નથી, જ્યાં ખામી અથવા કમીની કલ્પના જ ફોગટ છે. અને તે એવી શૈલી પણ નથી જેના કોઈ એક પાસાથી તો તમે ફાયદો ઉઠાવો અને બીજા પાસાથી નજર ફેરવી લો. તેમાંથી પોતાની મરજી અનુસારનું લઈ લો અને જે તમને પસંદ ન હોય અથવા તેમાં કોઈ કઠિનતા હોય તે છોડી દો. જેમ કે તા'લીમ, અખ્લાક઼ અને સામાજિક જીવનને તો ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશોના હેઠળ રાખવા ચાહો પરંતુ આર્થિક બાબતોના ઉસૂલ ડાસ કેપટિયાલથી માંગી લો અથવા સામાજિક ખૂબીઓ નબીએ મુહતરમ અને આપના ખુલ્ફાથી શીખી લો અને શૈક્ષણિક ક્ષેત્રે જ્ઞાન માટે મીકાલેની તરફ તાકીએ ! અથવા બાકીની જિંદગીમાં તો કુર્આન હદીષની વાતો કરતા ફરીએ, પરંતુ રાજનીતિની વાત આવે તો રાજાશાહી, અમીરપણા તથા લોકશાહીથી મહોબ્બત કરતા દેખાઈએ. ઈસ્લામનો પોતાની મરજી અને લાભ મુજબ બનાવી રજૂ કરવાની કોશિશ કરવાવાળા આવા લોકો માટે સૂરએ નિસાઅમાં ફત્વો મૌજૂદ છે :–

اِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاللّٰهِ وَ رُسُلِهٖ وَ يُرِيْدُوْنَ اَنْ يُّفَرِّقُوْا بَيْنَ اللّٰهِ وَ رُسُلِهٖ وَ يَقُوْلُوْنَ نُؤْمِنُ بِبَعْضٍ وَّ نَكْفُرُ بِبَعْضٍ ۙ وَّ يُرِيْدُوْنَ اَنْ يَّتَّخِذُوْا بَيْنَ ذٰلِكَ سَبِيْلًا ۙ﴿۱۵۰﴾ اُولٰٓئِكَ هُمُ الْكٰفِرُوْنَ حَقًّا ۚ وَ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ عَذَابًا مُّهِيْنًا ﴿۱۵۱﴾

''તેઓ જે અલ્લાહ અને તેના રસૂલોને માનતા નથી, અને ઈચ્છે કે અલ્લાહ અને તેના રસૂલોને અલગ કરી દઈએ. અને કહે છે, અમે કોઈના પર ઈમાન લાવ્યા અને કોઈના ઈન્કારી બન્યા, અને ઈચ્છે કે **ઈમાન અને કુફ્રની વચમાં કોઈ મધ્યમ માર્ગ કાઢી લઈએ એ જ ખરેખરા કાફિર છે. અને અમે તૈયાર કરી રાખ્યો છે કાફિરો માટે અપમાનજનક અઝાબ.**

*(સૂ. નિસાઅ, આ.૧૫૦,૧૫૧)*

જો આપણે ઈસ્લામના કોઈ ભાગ પર તો ઈમાન લાવીએ છીએ, તેના પર અમલ કરવામાં પ્રયત્નશીલ જણાઈએ છીએ પરંતુ પોતાના લાભાર્થે અન્ય કોઈ

ભાગનો ઈન્કાર કરી દઈએ છીએ, તેનાથી બીજા કોઈ તરીક઼ાને બેહતર ઠરાવીએ છીએ, તો ખુદાના સ્પષ્ટ હુકમ મુજબ આપણે كافرون حقا ના પાત્ર ઠરીએ છીએ અને અલ્લાહ તઆલા તરફથી ઝિલ્લતના અઝાબની ખબર પામીએ છીએ.

કુર્આને પાકની આ સ્પષ્ટ રહનુમાઈમાં આજે આપણે નબીએ પાક સાહિબે લવલાક ﷺના રાજ્યકારોબારના બંધારણનું વિશ્લેષણનું કરીએ છીએ, એ ખયાલથી કે આપણને આપણા આક઼ા વ મૌલા ﷺનું રાજ કારોબારનું બંધારણ પસંદ આવે તો તેને લાગુ કરવા માટે પોતાનાં માધ્યમોની હદ સુધી અવાજ ઉઠાવીએ અને જો પસંદ ન આવે તો કુફ્ર પર સંતુષ્ઠ થઈ જઈએ !

હુઝૂર રસૂલે અકરમ ﷺના રાજય કારોબારના બંધારણનો પાયો એ છે કે **દુનિયામાં કોઈ ઈન્સાન એ હક્ક઼ નથી ધરાવતો કે કોઈ અન્ય ઈન્સાનથી પોતાનો હુકમ મનાવે.** હાકિમિયત કેવળ ખુદાએ કુદુસ વ કરીમની છે. હુકૂમતનો હક્ક઼ કેવળ તેને જ છે.

اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ ؕ اَمَرَ اَلَّا تَعْبُدُوْۤا اِلَّاۤ اِيَّاهُ ؕ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ وَلٰكِنَّ اَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ

''હુકમ કોઈનો નથી પણ માત્ર અલ્લાહનો. તેણે ફર્માવ્યું કે તેના સિવાય કોઈને પૂજો નહીં. આ સીધો ધર્મ છે પણ મોટાભાગના લોકો જાણતા નથી.

*(સૂ. યુસૂફ, આ. ૪૦)*

مَا لَهُمْ مِّنْ دُوْنِهٖ مِنْ وَّلِيٍّ ؗ وَّلَا يُشْرِكُ فِيْ حُكْمِهٖۤ اَحَدًا

''તેના સિવાય તેમનો કોઈ કારસાઝ (કામ બનાવનાર) નથી અને તે પોતાના હુકમમાં કોઈને ભાગીદાર કરતો નથી. *(સૂ. કહફ, આ–૨૬)*

હુઝૂર નબીએ અકરમ ﷺની લાવેલી રાજય વ્યવસ્થામાં હુકૂમતનો હક્ક઼ માત્ર અલ્લાહ તઆલાને છે, બંદાના હાકિમ હોવાની કોઈ કલ્પના નથી. અલ્લાહ તઆલા હાકિમ હોવાનો અર્થ તેના ક઼ાનૂનો પર ચાલવું છે, આ ક઼ાનૂનો કુર્આન અને હદીષમાં મૌજૂદ છે. હુઝૂર ﷺની રાજય વ્યવસ્થાના મૂળ સિધ્ધાંતો આ પ્રમાણે છે કે કાનૂની અને વહીવટી અધિકારો ખુદાવંદે કરીમ માટે છે ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ એ આપણને ભલાઈનો હુકમ કરવા અને બુરાઈથી રોકવાનો હુકમ આપ્યો. કરવા અને ન કરવાનાં કામ બતાવ્યાં. હુઝૂર ﷺના રાજ કારોબારના બંધારણમાં હુકૂમતનો વડો નેકી કરનારાઓને બદલો આપશે અને ગુનાહ કરનારાઓને સજા આપશે. આ રીતે ઈસ્લામી રાજ ન્યાયનું રાજ બનશે. સૂરએ માએદહમાં છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا كُوْنُوْا قَوّٰمِيْنَ لِلّٰهِ شُهَدَآءَ بِالْقِسْطِ ؗ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ عَلٰۤى اَلَّا تَعْدِلُوْا ؕ اِعْدِلُوْا ؕ هُوَ اَقْرَبُ لِلتَّقْوٰى ؗ وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ خَبِيْرٌۢ بِمَا تَعْمَلُوْنَ

''અય ઈમાનવાળાઓ ! અલ્લાહના આદેશો પર મક્કમ બની જાવ, ન્યાયની સાથે સાક્ષી આપતા, અને તમને કોઈ ક઼ોમની અદાવત એના પર પ્રોત્સાહિત ન કરે કે ન્યાય ન કરો, ન્યાય કરો, તે પરહેઝગારીથી વધારે નજીક છે. અને અલ્લાહથી ડરો, બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે.''

*(સૂરએ માએદા, આ. ૮ : ૫)*

જ્યારે રાજ્ય સત્તાનો વડો ન્યાયની વ્યવસ્થા કરે છે તો જમાઅત, ક઼ોમ અને તેના સભ્યોના હક્ક઼ોની દેખભાળની વ્યવસ્થા કરે છે. બયહક઼ીમાં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે : ''ખુદાએ તઆલાના નજીક ક઼યામતના દિવસે મર્તબાના આધારે **ખુદાના બંદાઓમાં સૌથી ઉત્તમ શખ્સ ન્યાય કરનાર અને નરમી કરનાર હાકિમ છે અને સૌથી બુરો શખ્સ સખ્તી કરનાર જાલિમ હાકિમ છે.''**

દારમીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે પાક ﷺએ ફર્માવ્યું :–

"જે શખ્સ દસ આદમીઓનો પણ હાકિમ હશે, તેને કયામતના દિવસે એ હાલતમાં લાવવામાં આવશે કે તેની ગરદનમાં બેડી હશે. તે બેડીથી તેની ગરદનને તેનો ન્યાય હલ્કી કરશે અને તેનો જુલ્મ તેને હલાક કરશે."

સરવરે દો આલમ નૂરે મુજસ્સમ ﷺના રાજ્ય વ્યવસ્થાના ન્યાયવિભાગમાં અમીર, ગરીબ સૌના માટે એક કાનૂન છે. બુખારી શરીફમાં છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

"અગાઉની ઉમ્મતો કેવળ એટલા માટે તબાહ થઈ કે (તેઓ) નિમ્ન કક્ષાના લોકો પર કાનૂન લાગુ કરતા હતા પરંતુ પ્રતિષ્ઠિત અને ધનવાન લોકોને છોડી દેતા હતા."

પરંતુ હુઝૂર ﷺની રાજ્ય વ્યવસ્થામાં ન્યાયનું સ્વરૂપ આ પણ છે કે ખુદ આપ ﷺએ જાહેરમાં એલાન ફર્માવ્યું કે, "મારા પર જે લોકોનો હક્ક હોય તે માગી લે, અથવા કોઈને મારાથી તકલીફ પહોંચી હોય તે બદલો લઈ લે."

કુર્આને મજીદમાં અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَની સાથે "ઉલૂલ અમ્ર" (હાકિમો)ના આજ્ઞાપાલનનો હુકમ આપવામાં આવ્યો છે. પરંતુ સત્તાધારીના આજ્ઞાપાલનનો આ હુકમ જાહેર છે કે ખુદા અને રસૂલે ખુદા عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَ ના આજ્ઞાપાલનના બાદમાં છે. અને હુકૂમત તે જ એના લાયક છે કે તેનું આજ્ઞાપાલન કરવામાં આવે જો તે ન્યાયનું રાજ સ્થાપિત કરે. તેમ છતાં કહેવામાં આવ્યું કે જો કોઈ વિવાદ ઉત્પન્ન થઈ જાય તો અલ્લાહ અને તેના રસૂલ તરફ રજૂ કરવાનું રહેશે. કારણ કે **મૂળ હાકિમ અલ્લાહ તઆલા છે અને તેના જ હુકમો પર અમલ કરવો હુકૂમત અને પ્રજા સૌના માટે જરૂરી છે.** અને નબીએ મુકર્રમ ﷺ વિશે ઈર્શાદે રબ્બાની છે :–

فَاِنۡ تَنَازَعۡتُمۡ فِىۡ شَىۡءٍ فَرُدُّوۡهُ اِلَى اللّٰهِ وَ الرَّسُوۡلِ

"અને તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા. તે તો જે વહી તેમને કરવામાં આવે છે તેના સિવાય (બીજુ કશું જ) નથી. *(સૂ. નજ્મ, આ. ૩,૪)*

એટલા માટે અહકામે ખુદાવંદીનો અર્થ કુર્આન તથા હદીષના આદેશો છે અને વિવાદ ઉત્પન્ન થવાની સ્થિતિમાં તે જ કથનોથી ફૈસલો કરાવવો પડશે.

સહીહૈનમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

"હાકિમનો હુકમ પસંદ ન પણ આવે તો પણ તેની ઈતાઅત ફર્ઝ છે. અલ્બત્ત હાકિમ કોઈ ગુનાહનો હુકમ આપે તો તેનું આજ્ઞાપાલન વાજિબ નથી." આ જ પ્રકારની એક હદીષ હઝરત અલી رضی اللہ عنہથી પણ મરવી છે. સહીહ મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું : "હાકિમના હુકમને સાંભળો અને પાલન કરો, ભલે તમારો હાકિમ કોઈ હબ્શી ગુલામને બનાવી દેવામાં આવે, જેનુ માથુ દ્રાક્ષની જેમ નાનુ હોય."

મતલબ કે રાજ્યના વડા માટે જરૂરી છે કે તે ખુદાના હુકમો મુજબ અમલ કરનાર હોય, નેકી બદી કરનારને સજા અને જઝા લાગુ કરે. પોતાના રાજને ન્યાયના રાજનું સ્વરૂપ આપે, આ સ્થિતિમાં તેનું આજ્ઞાપાલન પ્રજાના દરેક સભ્ય પર અનિવાર્ય છે. એ વાતનું કોઈ મહત્વ નથી કે હાકિમની શકલ અને સૂરત કેવી છે ?! અથવા તેના કોઈ હુકમને કોઈ પસંદ કરે છે કે નહીં. શરત એ છે કે તેનો હુકમ ખુદા વ રસૂલના હુકમ મુજબ હોય. હુઝૂર ﷺની લાવેલ રાજ્ય વ્યવસ્થામાં જો કોઈ પોતાના તરફથી કોઈ હુકમ લાગુ કરે છે તો તે શિર્ક કરે છે, હુકમ કેવળ ખુદાનો છે. **ઈસ્લામી સત્તાધારી પાસે સત્તા માત્ર ખુદા તરફથી**

**અમાનતનો દરજ્જો રાખે છે.** સહીહૈનમાં છે, આક઼ા હુઝૂર ﷺએ ફર્માવ્યું : જો હાકિમ શરીઅત વિરૂધ્ધ વાત કહે તો મુસલમાનોએ તેનું પાલન કરવું જોઈએ નહીં.

ઈસ્લામમાં સત્તાધારીનું આજ્ઞાપાલન ત્યાં સુધી અનિવાર્ય છે જ્યાં સુધી તે અલ્લાહ તઆલાના હુકમ મુજબ હુકમ આપે. જો આમ ન હોય તો તેને સીધો કરવુ પ્રજા પર ફર્ઝ થઈ જાય છે. જેમ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ખિલાફતના સૌ પ્રથમ ખુત્બામાં ફર્માવ્યું હતું.

ઈસ્લામી રાજ સત્તા કુર્આન તથા સુન્નતના હુકમો અને તેમના નિશ્ચિત કરેલ કાયદાઓને લાગુ કરે છે. હુકમો અને ઉસૂલ બદલાય નથી શકતા. જો કે દુન્યવી બાબતો નિશ્ચિત કરવા માટે મશવરાનો હુકમ છે :–

وَشَاوِرْهُمْ فِی الْاَمْرِ– "અને કામોમાં એમનો અભિપ્રાય લો." *(સૂ. આલે ઈમરાન, આ–૧૫૯)*

અને وَاَمْرُهُمْ شُوْرٰی بَیْنَهُمْ "અને તેમનું કામ તેમના પરસ્પરના મશ્વરાથી (થાય) છે." *(સૂ. શૂરા, આ–૩૮)* નું વર્ણન સૂરએ આલે ઈમરાન અને સૂરએ શૂરામાં છે અને હુઝૂર ﷺએ ખુદ એની વ્યવસ્થા કરી અને આપણને તેનો હુકમ આપ્યો. આપ ﷺ લગભગ પ્રતિ દિન હુકૂમતની બાબતોમાં સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَથી મશ્વરો કરતા હતા. જાહેર છે કે રાજ સત્તાનો વડો મશ્વરો એટલા માટે કરશે કે કોઈ ફૈંસલો હાકિમે હક઼ીક઼ી અલ્લાહ તઆલાની મરજી વિરુદ્ધ ન થઈ જાય, એટલા માટે મશ્વરો આપનારા સમજ બુઝવાળા અને ઈલ્મવાળા જ હશે, "જી હજુરિયા" નહીં કે તેમની અહીંયાં કોઈ કલ્પના જ નથી.

પોતાના અભિપ્રાય અને ખયાલ જાહેર કરવાની સ્વતંત્રતા હુઝૂર નબીએ રહ્મત ﷺના લાવેલા રાજ કારોબારના બંધારણમાં ઘણુ મહત્વ ધરાવે છે. રાયમાં મતભેદ થઈ શકે છે અને હોવો જોઈએ કે હુઝૂર ﷺએ ઉમ્મતમાં મતભેદના જાહેર થવાને રહ્મત ઠરાવ્યું. પરંતુ આ મતભેદ પશ્ચિમના મતભેદની કલ્પનાથી બિલ્કુલ વિરુદ્ધ છે. વેસ્ટર્ન ડેમોક્રેસીમાં You agree to differ, પરંતુ ઈસ્લામમાં તેનું રૂપ અલગ છે. અહીંયાં પણ You differ but to agree, હુઝૂર ﷺની રાજ વ્યવસ્થામાં કોઈ મતભેદ થયો તો તેણે જાહેર કરી દીધો અને ઈખ્તેલાફનું કારણ ઉચિત છે તો સામેવાળી વ્યક્તિ માની ગઈ. જો ઈખ્તેલાફનું કારણ ગલતફહમી હતી તો તે દૂર કરી દેવામાં આવી. પરિણામે બંને મળીને એક કલ્યાણકારી ન્યાયથી ભરપુર રાજની પ્રગતિ માટે લાગી ગયા. જેમ કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખુત્બા દરમિયાન એક વ્યક્તિની નજર આપના કમીસ પર પડી, મતભેદ ઉત્પન્ન થઈ ગયો તો તેમણે તે જ સમયે તેને જાહેર કરી દીધું કે માલે ગનીમતમાંથી દરેકને એક જ ચાદર મળી હતી, તો તમે આટલો મોટો કુર્તો શાથી બનાવ્યો ? તો ખલીફાએ તેમની જબાનબંદી અથવા નજર કેદ કરવાનો હુકમ ન આપ્યો ! પોતાના પુત્ર અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી કહ્યું, ચોખવટ કરો ! તેમણે કહ્યું કે માલે ગનીમતમાંથી મળેલી એક ચાદરથી ખલીફાનો કુર્તો ન બનતો હતો એટલા માટે મેં પોતાના હિસ્સાની ચાદર પણ તેમને આપી દીધી. તેમણે માલે ગનીમતમાંથી એટલો જ હિસ્સો લીધો જેટલો બીજા મુસલમાનોને મળ્યો હતો. ચોખવટ થઈ ગઈ મતભેદ દૂર થઈ ગયો. કોઈ સત્તા પક્ષ ન રહ્યો, કોઈ વિરોધ પક્ષ ન બન્યો. અને મતભેદનો આપસમાં ફૈંસલો ન થાય તો હુઝૂર ﷺના રાજકારોબારના બંધારણમાં તેનો પણ હલ છે. સૂરએ નિસાઅમાં છે :–

فَاِنْ تَنَازَعْتُمْ فِیْ شَیْءٍ فَرُدُّوْهُ اِلَی اللّٰهِ وَ الرَّسُوْلِ–

" પછી જો તમારામાં કોઈ વાતનો ઝગડો ઉત્પન્ન થાય તો તેને રજૂ કરો. અલ્લાહે એ જ

સૂરતમાં લગભગ છ આયતો પછી એ પણ ફર્માવી દીધું કે રસૂલ સમક્ષ." *(સૂરએ નિસાઅ્, આ. ૫૯)*

પોતાના ઝઘડાઓને પોતાની રીતે ઉકેલનારા ઈસ્લામના દાયરાથી ખારિજ થાય છે. મુસલમાનો માટે જરૂરી છે કે રસૂલે પાક ﷺથી પોતાના ઝઘડાઓનો ફૈંસલો કરાવે અને જે રસૂલ ﷺનો ફૈંસલો હોય તેને દિલથી સ્વીકારે.

فَلَا وَ رَبِّكَ لَا يُؤْمِنُوْنَ حَتّٰى يُحَكِّمُوْكَ فِيْمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوْا فِيْٓ اَنْفُسِهِمْ حَرَجًا مِّمَّا قَضَيْتَ وَ يُسَلِّمُوْا تَسْلِيْمًا﴿٦٥﴾

"તો હે મહબૂબ ! તમારા રબના સોગંદ ! તેઓ મુસલમાન નહીં થાય જ્યાં સુધી તેમના અંદર અંદરના ઝઘડાઓમાં તમને હાકિમ નહીં બનાવે. પછી જે કાંઈ તમે હુકમ ફર્માવી દો તેના માટે પોતાના હૃદયોમાં રુકાવટ ન પામે, અને (ખરા) જીવથી માની લે." *(સૂરએ નિસાઅ્, આ. ૬૫)*

ઈસ્લામમાં તો ઈખ્તેલાફની ગુંજાઈશ પણ સીમિત છે, કઈ રીતે ફિર્કાબંદી અને વિખવાદને પોતાની ટેવ બનાવી લેવામાં આવે ?! આ કાર્યને તો અલ્લાહ તઆલા શિર્ક ઠરાવે છે :–

وَ لَا تَكُوْنُوْا مِنَ الْمُشْرِكِيْنَ﴿٣١﴾ مِنَ الَّذِيْنَ فَرَّقُوْا دِيْنَهُمْ وَ كَانُوْا شِيَعًا ؕ كُلُّ حِزْبٍۭ بِمَا لَدَيْهِمْ فَرِحُوْنَ﴿٣٢﴾

"તમે શિર્ક કરવાવાળાઓમાંથી ન થઈ જાવ, એટલે કે તેમનામાંથી જેમણે પોતાના દીનને ટુકડો ટુકડો કરી લીધો અને અલગ અલગ ફિર્કા બની ગયા, દરેક ફિર્કો પોત પોતાની કાર્યપદ્ધતિ પર નાઝ કરે છે."

મુસ્લિમ શરીફમાં હઝરત અર્ફજા رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

"ટૂંકમાં વિવિધ પ્રકારની બુરાઈઓ અને ખરાબીઓ ઉત્પન્ન થશે, તો જે વ્યક્તિ આ ઉમ્મતના ઈત્તેહાદ અને એકતામાં વિખવાદ ઉભો કરે અને એકત્ર ઉમ્મતની એકતાને તોડી મૂકે તેની ગરદન તલ્વારથી ઉડાવી દો, ભલે તે કોઈ (પણ) હોય."

શરૂમાં વર્ણન થયું કે ઈસ્લામ એક સંપૂર્ણ જીવન બંધારણ છે તેમાં ગુંજાઈશ નથી કે આપણે પોતાની મરજીના પ્રમાણે લઈ લઈએ અને જેને પોતાના માટે યોગ્ય ન સમજીએ તેને છોડી દઈએ. ઈસ્લામ તો સંપૂર્ણ છે અને સંપૂર્ણ જ લાગુ થાય છે તો ફળ આપે છે. તેનો દરેક વિભાગ બીજા વિભાગથી સંકળાએલ છે. તેને અલગ અલગ કરી લાગુ કરવામાં આવે તો તેની બરકતોથી પાવન થવું શક્ય જ નથી. અને આપણુ દુર્ભાગ્ય એ છે કે આપણે ઈસ્લામને ના'રા સ્વરૂપે ઉપયોગ કરીએ છીએ. જ્યાં કોઈ જરૂરત આવે છે તો તેને જરૂરત પૂરી કરવા માટે ઉપયોગ કરી લઈએ છીએ. આપણે રાત દિવસ નબીયુલ અંબિયા ﷺના રાજ કારોબાર વ્યવસ્થાની વાત પણ કરીએ છીએ અને લોકશાહી માટે પણ ના'રા લગાડીએ છીએ ! જયારે કે ઈસ્લામમાં હાકિમિયત અવામની તો શું ખાસ લોકો માટે પણ નથી, માત્ર ખાલિક઼ તથા માલિકે હક઼ીક઼ીની હોય છે. ઈસ્લામના પસંદગીના બંધારણમાં તો જે હોદ્દો માગે તે અપાત્ર ઠરે છે.

બુખારી શરીફમાં છે. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ ફર્માવ્યું કે હું અને મારી ક઼ૌમના બે વ્યક્તિ, અમે ત્રણ નબીએ કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા. એક વ્યક્તિએ કહ્યું : "યા રસૂલલ્લાહ ! ﷺ મને અમીર બનાવી દો. બીજાએ પણ આમ જ કહ્યું. આપ ﷺએ ફર્માવ્યું કે **અમે તેને વાલી નથી બનાવતા જે હોદ્દો માગે."**

બુખારી શરીફ સિવાય મુસ્લિમ, નસઈ, મિશ્કાતમાં આવી ઘણી બધી હદીષો છે જેમનાથી જણાય છે કે **હોદ્દાની ઈચ્છા કરવી એ તેના અપાત્ર હોવાના સમાન છે.** હુઝૂર ﷺના નિઝામે હુકૂમત (રાજ બંધારણ)માં પશ્ચિમી ઢબની ચૂંટણી

ચળવળની ઈજાઝત નથી. વાસ્તવમાં ઈસ્લામની ચૂંટણી પ્રણાલિ આંકડાકિય છે જ નથી, ગુણવત્તાવાળી છે. **અહીંયાં બંદાઓને ગણવામાં નથી આવતા, તોલવામાં આવે છે.**

ફખ્રે મૌજૂદાત ﷺના રાજ્ય બંધારણમાં માનવતાની શરાફત અને સન્માનના આધારે પ્રજાના હક્કો નિશ્ચિત થાય છે. અહીંયાં કોઈને કોઈના પર ઉચ્ચતા પ્રાપ્ત નથી, સર્વ મુસલમાનો ભાઈ ભાઈ છે, ગુલામ અને આક઼ાનો તફાવત નથી, દરેકની જાન, માલ અને આબરૂ સુરિક્ષત છે, અહીંયાં રાજનીતિની ગંદકીઓને સ્થાન નથી. અહીં વ્યવસ્થાતંત્ર, ધારાસભા તથા ન્યાય તંત્રની જિમ્મેદારીઓ નિશ્ચિત છે. અહીંયાં હુકૂમત ઠાઠમાઠનો નહીં સાદગીનો નમૂનો બને છે, આ નિઝામે હુકૂમતની સામાજિક સિસ્ટમ જૂઠ, હસદ, ગીબત, ષડયંત્રો, કૌભાંડો અને બુરાઈઓથી પાક છે, અહીંયાં અર્થતંત્ર સંગ્રહખોરીથી પાક છે. અહીંયાના કમાઈ કરવાના સિદ્ધાંતો અને તરીક઼ા પણ નિશ્ચિત છે અને ખર્ચ કરવાની હદ પણ બતાવી દેવામાં આવી છે. આ અર્થતંત્ર હક઼ીક઼તમાં ભરણપોષણની જવાબદારીની વ્યવસ્થા છે. ઈસ્લામી રાજમાં ઉત્પત્તિના માધ્યમો પર ન તો હુકૂમત કબજો જમાવી શકે છે, ન કોઈ ખાસ વ્યક્તિને આ હક્ક઼ પ્રાપ્ત છે. હુઝૂર ﷺના નિઝામે હુકૂમત (રાજ્ય બંધારણ)માં ઈન્સાનની ઈજ્જત એના ભૌતિક સાધનો પર નહીં, તેના ગુણ અને ખૂબીઓ પર છે. અહીંયાં રાજ્ય ચલાવનારને પણ દેશના માધ્યમો પર કેવળ પોતાના હિસ્સાની હદ સુધી જ અધિકાર હોય છે અને તેના માટે જરૂરી છે કે તે પોતાની રોજની જરૂરતથી અધિક કોઈ ચીજ ન રાખે. દુનિયા વંશીય અને ક઼ૌમી પૂર્વગ્રહના ચુંગાલમાં ફસાયેલ છે. હુઝૂર રહ્‌મતે આલમ ﷺએ પોતાના રાજ્યબંધારણમાં આવા પૂર્વગ્રહો ઉત્પન્ન થવાની અનુમતિ જ ન આપી.

મૂડીવાદી અર્થતંત્રમાં વ્યાજને કેન્દ્ર સ્થાન પ્રાપ્ત છે, ઈસ્લામમાં વ્યાજ મરદૂદ છે. હુઝૂર ﷺના નિઝામે હુકૂમતમાં સમજબુઝ અને જ્ઞાનવાળાઓ કોઈ પક્ષની ગોઠવણ કર્યા વિના બહુમતિ અથવા લઘુમતિના વિભાજનની કલ્પનાથી દૂર રહી અને સત્તા પક્ષ તથા વિરોધ પક્ષ જેવા વિચારોને ખોટા પાડીને એકત્ર થતા જોવા મળે છે અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશોને લાગુ કરવામાં પ્રયત્નશીલ જોવામાં આવે છે. ખુદાની હાકિમિયત, ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશો પર અમલ અને બસ !

*–(માહનામા નૂરુલ હબીબ–પાક., ઓગસ્ટ–૨૦૧૪)*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

❒ **બ્લેકબર્ન (યુ.કે.)** : થી દાઉદભાઈ પ્રેમી દયાદરવી સાહબ જણાવે છે કે ટંકારીઆ ખાતે રાબીયાબેન ગુલામ વલી સામલીનો ઈન્તેક઼ાલ તા. ૨૭–૭–૨૦૨૫ના રોજ થયો. મર્હૂમા તેમજ ખાનદાનના મર્હૂમોના ઈસાલે સવાબ માટે બરકાતે ખ્વાજા (મંથલી)ને **૧૦ પાઉન્ડ** દાઉદભાઈ પ્રેમી એન્ડ ફેમેલી તરફથી લિલ્લાહ મળ્યા છે. અલ્લાહ તેના હબીબ ﷺના સદકે ક઼બૂલ ફર્માવે. મર્હૂમા રાબીયાબેનને જન્નતુલ ફિરદોસ અતા કરે. ખાનદાનના સર્વ મર્હૂમો તથા ઉમ્મતે મુહમ્મદિયાના દરેક મર્હૂમની મગફિરત ફર્માવે. *–(તંત્રી બરકાતે ખ્વાજા માસિક–દયાદરા)* ❒ **ઝાંબીયા, (કીટવે)** : ખાતે અઝહર યુનૂસ ટીંડુનો તા. ૧૪–૯–૨૦૨૫, રવિવાર, ૨૧ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૭ના રોજ ઈન્તેક઼ાલ થયો છે. *રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*

*–(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

# નબીએ રહમત ﷺ અને બાળકો

નબીએ કરીમ ﷺ બાળકો સાથે ખૂબીપૂર્વકના વર્તાવની વાસ્તવિકતાથી સંપૂર્ણ રીતે વાકેફ હતા. આપનો તર્બિયતનો તરીક઼ો ઈલ્મ, અનુભવ, દરયાદિલી, સબર અને સહનશીલતા પર આધારિત હતો. બચપણના તબકાઓની મહત્તાની દષ્ટિએ હુઝૂર ﷺએ બાળકો સાથે એવો તર્બિયતી અને તા'લીમી તરીક઼ો અપનાવ્યો જેના પરિણામ રૂપે કામયાબ શખ્સિયતો, બેમિષાલ વ્યક્તિઓ જન્મ પામી. નબીએ કરીમ ﷺનો બાળકો સાથે વર્તાવ કેવો હતો ? આ વિષય પર નીચેના લેખમાં પ્રકાશ નાખવામાં આવી રહ્યો છે.

### ★ બાળકો સાથે પ્રેમ અને મહોબ્બત ★

બાળકો દરેક સમયે તે વ્યક્તિ સાથે મહોબ્બત કરે છે જે તેમની સાથે મહોબ્બત અને સાદગીથી વર્તે અને તેમની સાથે એ રીતે વર્તે કે જાણે તે પણ જાતે બાળક છે. બાળકો એવા વ્યક્તિથી નફરત કરે છે જે ગુસ્સાવાળો, ચિડીયા સ્વભાવવાળો અને બેસબ્રો હોય. બાળકો શાંત તથા ગંભીર ઈન્સાનને પસંદ કરે છે. નબીએ કરીમ ﷺ બાળકોની તબીયતથી સારી રીતે વાકેફ હતા જેથી આપ (ﷺ) બાળકો સાથે એવો જ વર્તાવ ફર્માવતા હતા જેવી તેમની પસંદ હતી પણ આપ તેમની સાથે સાદગી, તેમનાથી મઝાક, દિલ્લગી અને તેમની સાથે હેતાળ વર્તાવની સાથે સાથે તેમના અખ્લાક઼ અને તેમનું વ્યક્તિત્વ સુધારવા અને તેમને કામયાબ વ્યક્તિ બનાવવાની કોશિશ પણ કરતા હતા.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે : અમો હુઝૂર ﷺની સાથે ઈશાની નમાઝ પઢી રહ્યા હતા, જ્યારે આપે સજદો કર્યો તો હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન આપની પીઠ મુબારક પર ચઢી ગયા, જ્યારે આપે પોતાનું સર મુબારક ઉઠાવ્યું તો તે બંનેને ધીરેથી પાછળથી પકડયા અને પ્રેમથી નીચે ઉતાર્યા. જ્યારે આપે નમાઝ પૂર્ણ કરી તો તે બંનેને પોતાની ગોદમાં લઈ લીધા.

બાળક વાજિબાત, હુકૂક઼ અને અખ્લાક઼ને સમજવાથી લાચાર છે. આ વાતો તેને જિંદગીના કેટલાક વર્ષોમાં ક્રમે ક્રમે હાંસલ થાય છે. તે વ્યક્તિ ભૂલ કરે છે જે બાળકો સાથે મોટા આદમી જેવો વર્તાવ કરે છે અને એવું સમજે છે કે બાળક નીતિ નિયમોને જાણે. અસંખ્ય લોકોને બાળકો સાથે આ રીતનો વર્તાવ કરતા જોવામાં આવે છે. આવા લોકોની બાળકોથી અપેક્ષા છે કે તે શાંત અને ચૈનથી ચુપચાપ રહે, જ્યારે કે આ વાતો પર બાળકો અમલ નથી કરી શકતા !

ઉમ્મે ખાલિદ જે ખાલિદ બિન સઈદની છોકરી હતાં તે કહેતા હતાં, હું રસૂલુલ્લાહ ﷺની પાસે મારા પિતા સાથે આવી, મેં એક પીળી કમીસ પહેરી હતી. રસૂલુલ્લાહ ﷺએ મને જોઈને ફર્માવ્યું, વાહ વાહ ! શું કહેવું ?! ઉમ્મે ખાલીદ કહે છે : (હું નાની વયની બાળકી તો હતી જ) હું જઈને રસૂલુલ્લાહ ﷺની મોહરે નુબુવ્વતથી રમવા લાગી. મારા પિતાએ મને ધમકાવી. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તેને રમવા દો ! પછી હુઝૂર ﷺએ મને આ રીતે દુઆ આપી : આ કપડા જૂના કર અને ફાડ, જૂના કર અને ફાડ ! ત્રણવાર આ જ ફર્માવ્યું. અબ્દુલ્લાહ કહે છે કે કુર્તો તબર્રુક તરીકે રાખવામાં આવ્યો ત્યાં સુધી કે કાળો પડી ગયો. *(બુખારી)*

આ એક બોધદાયક બનાવ છે કે એક બાપ પોતાની છોકરીને હુઝૂર ﷺની ખિદમતમાં લઈને હાજર થાય છે, જેને એ પણ ખબર છે કે નબી ﷺ બાળકોને પ્યાર કરે છે અને આપ બાળકોથી મળવામાં ધૃણા નથી કરતા નથી પરંતું ખુશી અનુભવે છે. બાપની સામે છોકરી હુઝૂર ﷺની સામે હિમ્મત કરે છે અને આપની પીઠ મુબારકથી લટકે છે અને રમે છે અને આપ ﷺ તબસ્સુમ ફર્માવે છે અને તેને પોતાની સાથે રમવા માટે બોલાવે છે.

રજૂકર્તા : **મૌલાના મુહમ્મદ રઉફ રઝવી** *(પેશ ઈમામ ફયઝાને નૂરી મસ્જિદ-પાલેજ)*

ક્યારેક એવું પણ થયું કે નાના બાળકોને આપે ગોદમાં લીધાં અને તેણે આપનાં કપડાં પર પેશાબ કરી દીધો તો આપે પાણી મંગાવ્યું અને પોતાના કપડાં પાક કરી લીધાં. આપનું બાળકોથી પુષ્કળ મહોબ્બત કરવું અને તેમને લેવાના કારણે આપના કપડા અને હુજરામાં નાના બાળકોના પેશાબ કરવાના પુષ્કળ બનાવ બન્યા છે. આપ ﷺ માત્ર છોકરાઓને જ પોતાની ગોદમાં ન ઉઠાવતા હતા બલ્કે નાની બાળકીઓને પણ આપ પ્યારથી ગોદમાં લેતા હતા.

હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ ફર્માવે છે : મારે ત્યાં છોકરો થયો તો હું તેને નબીએ કરીમ ﷺની પાસે લાવ્યો તો આપ ﷺએ તેનું નામ ઈબ્રાહીમ રાખ્યું પછી ખજૂર ચાવીને તેને આપ્યું અને તેના માટે બરકતની દુઆ ફર્માવી.

નબી કરીમ ﷺ બાળકો સાથે રસ્તામાં પણ રમ્યા કરતા હતા. જેમ કે હઝરત યઅલા બિન મુર્રા કહે છે કે હું નબી કરીમ ﷺની સાથે જઈ રહ્યો હતો, તો હુસૈન બિન અલી રસ્તામાં રમી રહ્યા હતા. નબી કરીમ ﷺ લોકોના વચ્ચેથી જલ્દી આગળ વધ્યા, પછી પોતાના હાથ ફેલાવ્યા કે હઝરત હુસૈનને લે પણ હઝરત હુસૈન આમથી તેમ ભાગવા લાગ્યા. હુઝૂર ﷺ તેમની પાછળ દોડતા અને તેમને હસાવતા. આપે ઉસામા બિન ઝૈદ અને હસન બિન અલી رضی اللہ عنہماને લીધા અને પોતાની ગોદમાં બંનેને લીધા. પછી તેમને ગળેથી લગાડયા અને ફર્માવ્યું, હે અલ્લાહ ! આ બંને પર રહમ ફર્માવ કેમ કે હું તેમના પર શફકત કરું છું. *(બુખારી)*

અને એક હદીષમાં છે : હુઝૂર ﷺ બહાર તશરીફ લાવ્યા અને આપના ખભા પર ઉમામા બિન્તે આસ હતાં, પછી આપે નમાઝ પઢી, જ્યારે રુકૂઅ કર્યો તો ઉમામાને નીચે ઉતાર્યાં, પછી જ્યારે રુકૂઅથી ઉઠયા તો ઉમામાને ઉઠાવી લીધાં. *(બુખારી, મુસ્લિમ)*

મહમૂદ બિન રબીઅ કહે છે : મને આજ સુધી નબી કરીમ ﷺની તે કુલ્લી યાદ છે જે આપે એક ડોલથી લઈને મારા મોઢા પર કરી હતી. તે સમયે હું પાંચ વર્ષનો હતો.

જ્યારે હુઝૂર ﷺ નમાઝ દરમ્યાન કોઈ બાળ કના રડવાનો અવાજ સાંભળતા તો પોતાની નમાઝ હલ્કી કરી દેતા હતા. હુઝૂર ﷺનું ફર્માન છે : હું નમાઝ માટે ઉભો થાઉં છું તો ચાહું છું કે નમાઝને લાંબી કરું (પણ જ્યારે) બાળકના રડવાનો અવાજ સાંભળુ છું તો મારી નમાઝ ટૂંકી કરી દઉં છું, એ ખયાલ કરીને કે બાળકની માને તકલીફમાં ન નાખું. *(બુખારી)*

આક઼ાએ કાઈનાત ﷺ બાળકો સાથે રમતા હતા અને તેમના ખાસ મામલા વિશે તેમનાથી વાતચીત કરતા રહેતા હતા, જ્યારે કે બાળકોના મામલા સામાન્ય રહેતા. હઝરત અનસ رضی اللہ عنہ બયાન કરે છે : નબી કરીમ ﷺ લોકોમાં સૌથી વધારે સારા અખ્લાક઼ના માલિક હતા, મારા એક ભાઈ હતા જેમને અબૂ ઉમૈર કહેવામાં આવતા હતા (રાવીનું બયાન છે કે મારો ખયાલ છે તેમનું દૂધ છૂટી ગયું હતું) જ્યારે તે આવતા તો ફર્માવતા : હે અબૂ ઉમૈર ! તમારી નુગૈર તો મજામાં છે. (નુગૈર એક ચકલી હતી જેનાથી અબૂ ઉમૈર રમ્યા કરતા હતા) *(બુખારી અને મુસ્લિમ)*

### ★ બાળકોનો એહતેરામ અને તેમની ક઼દર કરવી ★

નબી કરીમ ﷺ બાળકોને ટુચકા સંભળાવતા, પોતાની પ્રતિષ્ઠા અને એહતેરામને બાકી રાખીને તેમને સરળ અને મજબૂત માધ્યમો થકી અફઝલ તરીન સમજૂતીઓ સમજાવી દેતા હતા. આપ બાળકો સાથે કડક સ્વભાવથી વર્તન ન કરતા હતા. નબવી યુગનુ એક બાળક અબ્દુલ્લાહ બિન આમિર નબી કરીમ ﷺના તે બનાવને બયાન કરતાં કહે છે : મારાં વાલિદાએ મને એક દિવસ બોલાવ્યો, તે સમયે નબીએ કરીમ ﷺ અમારા ઘરમાં બિરાજેલ હતા, તે કહેવા લાગ્યાં, આવ ! હું તને કાંઈક આપું છું ! તો નબી કરીમ ﷺએ મારાં વાલિદાથી કહ્યું, તમે તેને શું આપશો ? બોલ્યાં, હું તેને ખજૂર આપવા માંગુ છું, તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, જો તમે તેને કાંઈ ન આપતાં તો તમારા પર એક જૂઠ લખી દેવામાં આવતું. *(અબૂ દાઊદ)*

હુઝૂર ﷺએ ઉપરોકત બનાવમાં જૂઠ બોલીને બાળકોની લાગણીઓ સાથે રમત રમવાથી ખબરદાર કર્યા છે. જ્યારે રહમતે આલમ ﷺ બાળકોને જોતા તો નરમીથી પેશ આવતા અને ક્યારેય પણ ધમકાવતા ન હતા. અમ્ર બિન અબૂ સલ્મા કહે છે, હું નબી કરીમ ﷺની ગોદમાં એક બાળક હતો અને મારા હાથ ખાવાના વાસણમાં અનેક જગાએ પડતા હતા, તો નબી

કરીમ ﷺએ મારાથી ફર્માવ્યું, હે બાળક ! અલ્લાહનું નામ લે અને પોતાના સીધા હાથ વડે ખા અને પોતાની સામેથી ખા.

આપ (ﷺ)એ પોતાના અખ્લાકે કરીમાના અને પાકીઝા તા'લીમાત થકી બાળકોમાં બચપણથી જ હિમ્મત અને બહાદુરી પેદા કરવાની કોશિશ કરી. આપ વિવિધ તરીક઼ાઓથી બાળકોને ઉચ્ચ તાલીમ અને સમજૂતીના ધીરે ધીરે ઘૂંટડા પીવડાવતા હતા. આપ ﷺ ક્યારેક કેટલાક બાળકોને જેમ કે અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને અબ્દુલ્લાહ બિન ઉમરને પોતાની મજલિસમાં સહાબા સાથે બેસાડતા હતા જેથી તેઓ શીખે અને તેમનામાં પુખ્તગી આવે.

અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما બયાન કરે છે : એક વખતનો બનાવ છે, અમે નબી ﷺ પાસે બેઠા હતા, આપ ﷺની સામે ખજૂરો લાવવામાં આવી (જેને જોઈને) આપ ﷺએ પૂછયું, વૃક્ષોમાં એક એવું વૃક્ષ છે જેની મિષાલ મુસલમાન જેવી છે, બતાવો ! તે કયું વૃક્ષ છે ? મારા દિલમાં વિચાર આવ્યો કે હું કહી દઉં કે તે ખજૂરનું ઝાડ છે, પણ નાની ઉમરના કારણે શરમાઈ ગયો અને ચુપ રહ્યો, આખરે હુઝૂર ﷺએ ફર્માવ્યું, તે ખજૂરનું ઝાડ છે.

એક વખતનો બનાવ છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ જે નાની વયના હતા તે આપની સવારી પર આપના પાછળ સવાર થયા તો આપે તેમને સાધારણ ભાવાર્થ પર આધારિત પણ અસરકારક કેટલાક કલ્માઓની તા'લીમ આપી, આપે ફર્માવ્યું, હે બાળક ! હું તને કેટલાક કલ્માઓની તા'લીમ આપું છું : "અલ્લાહને યાદ રાખ, તે તારી હિફ઼ાઝત કરશે." *(તિર્મિઝી–૨૫૧૬)*

હુઝૂર ﷺ બાળકોના એહતેરામ અને તેમની કદ્રની પરંપરામાં એટલી હદે એહતેમામ ફર્માવતા હતા કે ક્યારેક મોટાઓની મજલિસમાં બાળકો ભેગાં થઈ જતાં તો આપ ﷺ મોટાઓના મુકાબલામાં બાળકોને પ્રાથમિક્તા આપતા.

હઝરત સહલ બિન સઅદ અલ સાઅદી કહે છે : રસૂલુલ્લાહ ﷺ પાસે દૂધ લાવવામાં આવ્યું, આપ ﷺએ પીધું આપ ﷺની જમણી બાજુ એક છોકરો હતો અને ડાબી બાજુ ઉમરવાળા લોકો હતા. હુઝૂર ﷺએ છોકરાથી પૂછયું : જનાબ ! તમે મને ઈજાઝત આપો છો કે પહેલાં હું આ પ્યાલો ઘરડાઓને આપું ? તેણે કહ્યું, અલ્લાહની ક઼સમ ! યા રસૂલલ્લાહ ! હું આપની તરફથી મળેલ મારા હિસ્સા પર કોઈ બીજાને પ્રાથમિકતા નથી આપી શકતો ! આખરે હુઝૂર ﷺએ તે પ્યાલો તેના હાથમાં આપી દીધો.

હુઝૂર ﷺએ એક સાથે બંનેનો ખયાલ રાખ્યો, આપ ﷺએ બાળકના હક્કનો ખયાલ રાખ્યો અને તેનાથી ઈજાઝત લીધી, સાથે સાથે આપ ﷺએ મોટા લોકોના હક્કનો ખયાલ રાખ્યો અને બાળકથી અપેક્ષા કરી કે વડીલો માટે પોતાના હક્કથી હાથ ઊંચો કરી લે. જ્યારે બાળક પોતાની વાત પર અડગ રહ્યો તો આપ ﷺએ બાળકને ધમકાવ્યો નહીં અને ન તેની સાથે કડક વલણથી કામ લીધું બલ્કે તેને તેનો હક્ક઼ આપી દીધો.

## ★ બાળકો કૌટુંબિક અને સામૂહિક હક઼્ક઼ોની હિફ઼ાઝત ★

નબી કરીમ ﷺએ શિશુના નસબ અને જવાઝે સહીહથી તેની પેદાઈશ, શરઈ તાલ્લુકાત અને તેમના હક઼્ક઼ોની સુરક્ષાનો એહતેમામ ફર્માવ્યો. આ રીતે આપ ﷺએ બાળકોના ભાવિની હિફાઝત ફર્માવી. આપ ﷺએ સમાજની પવિત્રતાને ગંદકી તથા વંશમાં ભેળસેળથી સુરક્ષિત કરી દીધી.

હુઝૂર ﷺએ બાળકોના હક઼્ક઼ોના બારામાં હિદાયત આપી કે બાળકોના બાપ બાળકના માટે શ્રેષ્ઠ અખ્લાક઼વાળી માને ચૂંટી લે. એ જ રીતે બાળકનું એવું સારું નામ રાખે જેમાં કોઈ પણ પ્રકારનો અયબ ન હોય, એવી જ રીતે આપ ﷺએ બાળકની પ્રાકૃતિક રીતે દૂધપાનની કાળજી લેવાનો તથા સર્વોત્તમ ઈમાની માહોલમાં તેની તર્બિયતનો હુકમ આપ્યો.

હુઝૂર ﷺએ બાળકોના હક઼્ક઼ોના વિશે એ પણ બતાવ્યું કે માબાપ તેમને અસભ્યતા બિભત્સતાના તથા બેદીનીના માહોલથી મેહફૂઝ રાખે. એવી જ રીતે નબી કરીમ કે પૈગામના પ્રમાણે બાળક વારસા તથા વસિયતનો હક્ક઼દાર છે. તેમજ શરીઅતે મુહમ્મદીએ યતીમ બાળકની કફાલત અને તેની સંપૂર્ણ તર્બિયતની ખૂબ તાકીદ કરી છે, અને યતીમ બાળકના માલની હિફાઝત પર જોર આપ્યું છે તેમજ યતીમ બાળકની મદદ માટેની પ્રેરણા આપવામાં આવી છે.

# લિબાસે રસૂલ ﷺ لباس رسول ﷺ

**લેખક : પ્રોફેસર ડો. મસ્ઊદ અહમદ (પાક.)** | **અઝ : મૌલાના અલ્તાફ્હુસૈન મિસ્બાહી (વાગરા)**

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

પોશાક (પહેરવેશ) માનવ પ્રકૃતિનો તકાઝો છે. જેમ કે જ્યારે હઝરત આદમ عليه السلام નો જન્નતી લિબાસ ઉતરી ગયો તો આપે જન્નતનાં પાંદડાં વડે પોતાના શરીરને છુપાવ્યું. જેનો ઉલ્લેખ કુર્આન મજીદમાં આ રીતે છે :–

''પછી શૈતાને તેમના જીવમાં વસવસો નાખ્યો કે (જેથી) એમના પર ખોલી દીધી તેમની શર્મગાહો જે એમનાથી છુપી હતી. *(સૂ. અઅ્રાફ, ૭/૨૦)*

બીજી જગ્યાએ ફર્માવ્યું : ''એમને બેહકાવ્યા એટલે સુધી કે જન્નતી લિબાસ ઉતરી ગયો, શર્મગાહો ખુલી ગઈ અને પોતાના શરીર પર જન્નતનાં પાંદડાં ઢાંકવા લાગ્યા.'' *(સૂ. અઅ્રાફ, આ. ૨૦, ૨૧)*

આ આયતોથી એ પણ જાણવા મળ્યું કે, ''અસલમાં **લિબાસ પહેરવો એ જન્નતીઓની સુન્નત** છે.'' કુર્આને કરીમમાં જન્નતના ઉમદા ત્રણ કપડાં અને રેશમી પોશાકનો ઉલ્લેખ પણ મૌજૂદ છે. *(સૂ. તાહા, આ. ૧૨૧, સૂ. દુખાન, આ. ૫૩ તથા સૂ. હજ્જ, આ. ૨૩, સૂ. ફાતિર, આ. ૩૩)*

હઝરત આદમ عليه السلام જ્યારે આ પૃથ્વીની દુનિયા પર તશરીફ લાવ્યા તો અલ્લાહ તઆલાએ તેમના તુફૈલ પોતાના બંદાઓ પર કરમ ફર્માવ્યો અને તેમના માટે લિબાસ ઉતાર્યો. જેમ કે કુર્આને કરીમમાં એક જગાએ ઈર્શાદ છે :–

''હે આદમની ઔલાદ ! બેશક ! અમે તમારી તરફ એક લિબાસ તે ઉતાર્યો કે તમારી શર્મગાહો છુપાવીએ અને એક તે જે તમારો શણગાર બને અને પરહેઝગારીનો લિબાસ સૌથી શ્રેષ્ઠ.''

*(સૂ. અઅ્રાફ, આ. ૨૬)*

આ આયતે કરીમાનું છેલ્લું વાક્ય ولباس التقویٰ ذالك خير. પોતાનામાં એક અર્થોની દુનિયા ધરાવે છે. **“લિબાસુત્તકવા”** (તકવાના લિબાસ) પર કૌમોની મહાનતાનો આધાર છે. આ જ બાતિની (આંત્રિક) લિબાસ કૌમોની કિસ્મતનો ફેંસલો કરે છે. અલ્લાહ તઆલાએ પોતાના કરમથી તમામ બંદાઓના માટે લિબાસ ઉતાર્યો છે પરંતુ ઈસ્લામના મુજાહિદોના માટે પણ હઝરત દાઊદ عليه السلام ને લોખંડનો એક ખાસ લિબાસ બનાવવાનું શીખવાડયું. જેમ કે કુર્આને કરીમમાં ઈર્શાદ થાય છે :–

''અને અમે એને તમારો એક પહેનાવો (પહેરવેશ) બનાવતાં શીખવાડયું કે તમને તમારી આગથી બચાવે.'' *(સૂ. અંબિયા, આ. ૮૦)*

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ ગઝવાઓમાં આ લિબાસ (બખ્તર)નો ઉપયોગ કર્યો અને બીજું તો ઠીક દિવસનો લિબાસ બનાવ્યો અને તેને રાતની ચાદર ઓઢાડી ! જેમ કે કુર્આને હકીમમાં છે :–

''અને રાતને છુપાવી.'' *(સૂ. ફુર્કાન, આ. ૪૭)*

બીજી જગાએ ફર્માવ્યું, ''અને તે જ છે જેણે રાતને તમારા માટે પર્દો કર્યો.'' *(સૂરએ નબા, આ. ૧૦)*

સારાંશ કે લિબાસ હઝરત આદમ عليه السلام અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત છે. જન્નતીઓના માટે જન્નતમાં લિબાસ છે અને દુનિયાવાળાઓ

માટે દુનિયામાં લિબાસ છે.

દરેક ચીજ જેને પહેરવામાં આવે છે તે લિબાસ છે. લિબાસના ઉપયોગમાં પાયાની વાત એ છે કે તે હલાલની રોજીથી બનાવવામાં આવ્યો હોય. લિબાસનો માનવીની સીરત (સંસ્કારિક જીવન) સાથે મજબૂત સંબંધ છે. એ માનવ સીરત પર પ્રભાવ પાડે છે. જો પહેરનારનો કિરદાર મજબૂત હોય તો અન્ય કૌમો પર પણ તેનો પ્રભાવ પડે છે. લિબાસના જેવી રીતે અન્ય મકસદો છે તેવી રીતે આ ચાર મકસદો પણ છે :–

(૧) **શારીરિક** (૨) **સંસ્કારિક** (૩) **કૌમી અને મઝહબી** (૪) **રૂહાની.**

શારીરિક હેતુ એ છે કે શરીરને ગરમી અને ઠંડીની તકલીફથી બચાવવામાં આવે. સંસ્કારિક હેતુ એ છે કે માનવના શરીરના જે ભાગો પર અન્યોની નજર ન પડવી જોઈએ તે છુપાયેલા રહે. કૌમી તથા મઝહબી હેતુ એ છે કે જાતિની ઓળખ બાકી રહે અને મુસલમાન, મુસલમાનની હેસિયતથી સમાજમાં ઓળખાવો જોઈએ. રૂહાની મકસદ એ છે કે નજર આમ તેમ ભટકવાથી બચેલી રહે અને એકાગ્રતા ઉપલબ્ધ રહે જે કામયાબ જિંદગીના માટે અતિ જરૂરી છે. અરબોમાં કુરૈશના સિવાય અમુક કબીલાઓ નગ્નતાને અયબ સમજતા ન હતા એટલે સુધી કે હજ્જના દિવસોમાં કપડાં ઉતારીને ખાનાએ કા'બાનો તવાફ કરતા હતા. *(સુલૈમાન નદવી, સીરતુન્નબી, ભાગ–૬, પેજ–૪૪૮, ડો. તારચંદ તમદ્દુને હિંદ પર ઈસ્લામી અષરાત (ઉર્દૂ), પેજ–૧૫૧)*

હિંદુસ્તાનના અમુક ગૈર મુસ્લિમ હિંદુ જાતિના લોકો તો શર્મગાહો (લિંગ) સુધ્ધાંની ઈબાદત કરતા હતા. *(મોહસિને ફાની, દબિસ્તાને મઝાહિબ, મુંબઈ, ઈ.સ. ૧૮૨૬)*

ઈસ્લામમાં સતરપોશીને પવિત્રતા મળી અને સ્ત્રીઓ તથા પુરૂષો બંનેના માટે સતર ઢાંકવાની હદો નિશ્ચિત કરવામાં આવી જેની સમાજ પર આશ્ચર્યજનક અસરો ઉપસ્થિત થઈ. ઈસ્લામમાં એકાંતમાં પણ વિના કારણે સતર ખોલવું પસંદીદા નથી. એક સહાબીના પ્રશ્ન કરવા પર હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું :–

"ખુદા તો જુએ છે તેનાથી સૌથી વિશેષ હયા કરવી જોઈએ." *(સુનને તિર્મિઝી)*

નગ્નતાના બારામાં હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું: "કદી નગ્ન ન થાવ કેમ કે તમારી સાથે ફરિશ્તા રહે છે, તેઓ નગ્નતા વખતે જુદા થઈ જાય છે, તમે તેમનાથી શર્મ કરો અને હયા રાખો."

*(સુનને તિર્મિઝી)*

ઈસ્લામમાં પુરૂષોના માટે ડૂંટીથી ગુથણો સુધી, આઝાદ સ્ત્રીના માટે પેશાનીના વાળથી ઘૂંટી સુધી, લોંડીઓ માટે પેટ અને પીઠ સુધી સતર નિશ્ચિત થયું એટલે એ ભાગોને છુપાવવા શરીઅતની રૂએ અનિવાર્ય છે. એવો લિબાસ જેનાથી આ ભાગો ન છુપાય શકે તે મુસલમાનની શાનને પાત્ર નથી. દરેક મુસલમાન પુરૂષ તથા સ્ત્રીએ ઈસ્લામી ગૈરત (શર્મ)નો નમૂનો બનીને રહેવું જોઈએ. ડો. ઈકબાલે સાચુ કહ્યું છે :–

ગૈરત है બળી ચીઝ જહાંને તગો દૂ में
पहनाती है दरवेशको ताजे सरदारा

રોટી, કપડાં અને મકાન આપણી જિંદગીના મહત્વના હેતુઓમાંથી છે પણ આ ચીજો હુઝૂર ﷺ ના હેતુઓમાં ન હતી, અલ્બત્ત જરૂરિયાતમાંથી હતી. કાચાં પાકાં મકાન, સીધો સાદો લિબાલ, હલકો ફુલ્કો ખોરાક, અલ્લાહ ! અલ્લાહ ! બાકી બધું હવસ (મનેચ્છાઓ) છે.

હુઝૂરે અન્વર ﷺ એ એ ખયાલ કર્યો કે જિંદગીનો મૂળ હેતુ તો ઈબાદત છે, જિંદગી પેદા કરવાવાળા ખાલિકે એ જ ફર્માવ્યું અને હક્ક

ફર્માવ્યું. પણ ઈબાદતનો શબ્દ આવતાં જ આપણા દિમાગોમાં મસ્જિદની કલ્પના ચક્રાવો લેવા માંડે છે જેનાથી ખાસ કરીને નમાઝ પઢવાવાળો ગભરાય જાય છે અને ભડકવા લાગે છે ! બેશક ! નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, ફર્ઝ છે પણ ઈબાદતનો ભાવાર્થ તો ઘણો જ વિશાળ તથા સર્વક્ષેત્રિય છે. જિંદગીનું દરેક ક્ષેત્ર એમાં સામેલ છે. અફસોસ ! આપણી જિંદગીના હેતુઓમાં ઈબાદતની કલ્પના જ નથી ! બાકી સર્વ કાંઈ છે. ઈબાદત એ છે કે દરેક જાઈઝ કામ પોતાના નફ્સના માટે નથી બલ્કે અલ્લાહને રાજી કરવાના માટે કરવામાં આવે. એ જ અખ્લાક (સંસ્કાર)ની જાન છે, એનાથી નિય્યતોની વસંત છે. આપણી નિય્યતો ઠીક નથી એટલા માટે ચોતરફ નફસા નફસી છે. ઈબાદતની કલ્પના દષ્ટાંતરૂપ સમાજનું ઘડતર કરે છે જ્યાં સૌ એકબીજાની મદદ માટે દોડતા જોવા મળે, કોઈ કોઈની ઈર્ષા નથી કરતો, કોઈ કોઈની ટાંગ નથી ખેંચતો, આ માનવોનો સમાજ છે ! આ જાનવરો તથા ફાડી ખાનાર પશુઓનો સમાજ નથી.

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જાહેરી લિબાસ કરતાં વધારે બાતિની (આંત્રિક) લિબાસ પર જોર આપ્યું. હવે તો જાહેરી લિબાસ રહી ગયો ! બધું જોર એના પર જ છે અને બાતિની લિબાસને તો સામાન્યતઃ કોઈ જાણતુ પણ નથી ! જો જાહેર સંવારનારાઓને બતાવીએ તો પણ મોઢુ તાકતા રહી જાય !

આપણી નજર દરેક ચીજના જાહેર પર રહે છે. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નજરો ચીજોના બાતિન પર રહેતી હતી. *(ગુલામ રસૂલ સઈદી, શરહે મુસ્લિમ શરીફ, ભાગ–૩, પેજ–૯૮)*

તેમના ગુલામોની નજરો પણ બાતિન પર રહેતી હતી. વર્તમાનકાળના અમુક માનવોમાં કાંઈ જ ન રહ્યું, સર્વ કાંઈ કપડામાં આવી ગયું ! આજે કેવળ કપડાં પરથી માણસને પ્રતિષ્ઠા મળે છે, કાલે કપડાંને માણસથી પ્રતિષ્ઠા મળતી હતી.

ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થીંગડાં લાગેલાં કપડાં પહેરીને જઈ રહ્યા હતા. લંકાથી મદીના મુનવ્વરા આવનારા હિંદુઓએ જ્યારે આશ્ચર્યજનક મન્ઝર જોયો અને પાછા ફરતાં આંખે દેખ્યો હાલ લંકા જઈને સંભળાવ્યો તો સર્વ લોકો ફારૂકે આ'ઝમની યાદમાં થીંગડાં મારેલાં કપડાં પહેરવા લાગ્યા.★ *(બુઝુર્ગ બિન શહરયાર, અજાઈબે હિંદ બહવાલા હિંદુસ્તાન અરબોંકી નઝરમેં, લે. મસ્ઊદ આદમ નદવી, પેજ–૨૦૫)*

★ **નોંધ** : આ હદીષે પાક હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત પામેલ છે. એમાં કેટલીયે વાતો નોંધપાત્ર છે :–

**(૧)** સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ફર્માવ્યું કે "અમે તમારા સામાન નથી." પછી કોઈનો એવો દાવો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપણા જેવા છે એ કેટલો મહાન દાવો છે ! અને કેટલી મહાન ગુસ્તાખી છે ?! આ દાવો તો સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પણ નથી કર્યો ! જરા વિચારો તો ખરા !

**(૨)** આ હદીષે પાકથી જાણવા મળે છે કે સૂરએ ફતહની આયત નં. ૨ માં **લિઝન્બિક**માં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ **ઝનબ**ની નિસ્બત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રતિ કરી જેના પર આપ નારાજ થયા, એટલે કે નારાજગીના ભાવો ચહેરેથી પ્રદર્શિત થયા. એટલે કે સખ્ત નારાજ થયા. જાહેરી રીતે જોતાં આ નારાજગીની જગા ન હતી. નારાજગી દર્શાવે છે કે આપે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની **ઝનબ**થી પોતાની નિસ્બતે પસંદ ન ફર્માવી તો પછી બીજા લોકોની તો વાત જ શું કરવામાં આવે ! હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ એ આ શેઅરમાં એ રાઝ પરથી પર્દો ઉઠાવ્યો : (અર્થ) : **આપે બુલંદ મર્તબા મેળવ્યા અને અલ્લાહ તઆલાએ આપની ઉમ્મતના પાછલા ગુનાહ માફ કર્યા.** *(કશ્ફુલ ઈર્ફાન, પેજ–૪૦)* *(ફુટ નોંધ અનુસંધાન આગળના પેજ ઉપર...)*

અલ્લાહુ અકબર ! ફારૂકે આ'ઝમના વજૂદથી થીંગડાં મારેલાં કપડાંને એવી પ્રતિષ્ઠા મળી કે દરિયા પાર હિંદુ પણ તેમના ચાહક થઈ ગયા ! આજે આપણે ક્યાંથી ક્યાં પહોંચી ગયા ! કપડાં ફાટી ગયાં તો સીરત (ચરિત્ર) તાર તાર થઈ ગઈ. આ સીરત પણ કોઈ સીરત છે જે રાત દિવસના ચક્રને ભેટ ચઢી ગઈ ! સીરત તો એ છે જે જમાના પર પોતાનો સિક્કો મારી દે.

આપણે જરૂરતોને મકસદો બનાવી લીધા છે એ જ સૌથી મોટી ખરાબી છે. મકાનોની ટીપ ટોપ, કપડાંની સજાવટ માવજત અને સ્વાદિષ્ટ ખોરાકની તૈયારીઓમાં લાગેલા રહીએ છીએ, આપણી જાનથી ગાફેલ, અંજામથી બેખબર સવાર સાંજ વ્યસ્ત છીએ. સૂતાં જાગતાં એ જ ફિકરમાં મસ્ત તથા ગુંચવાયેલા રહીએ છીએ. સુકૂન મળે તો કેવી રીતે મળે ? દીવાનગી જ દીવાનગી છે ! એ જ દીવાનગીની પ્રતિ કુર્આને હકીમે આ પ્રમાણે નિર્દેશ કર્યો છે :–

الهكم التكاثر حتى زرتم المقابر۔ "તમને ગાફેલ રાખ્યા માલની અધિક તલબીએ (લાલચે) એટલે સુધી કે તમે કબ્રોનું મોઢું જોયું." *(સૂ. તકાષુર, આ. ૧,૨)*

હુઝૂર ﷺ એ આંખો મીંચીને જિંદગી ગુજારનારાઓને આંખો ખોલીને જિંદગી ગુજારવાનો સલીકો (તરીકો) બતાવ્યો, કપડાં પહેરવાની ચળવળ જ નથી કરી પણ સલીકો પણ બતાવ્યો. માણસને જાનવરથી અલગ પાડયો, પણ કેટલાક માણસો જાનવર બનવાનું પસંદ કરે છે ! હુઝૂર ﷺ એ બાતિન (અંતર)ના ઘડતર તથા માવજત પર જોર આપ્યું, આપે કમજોર જિંદગીને મજબૂત બનાવી, એવા પુખ્તા ઈન્સાન બનાવ્યા જાણે કે મજબૂત કિલ્લો ! એવા કમજોર ઈન્સાન નહીં જાણે રેતીના મહેલ કે માટીના ઢગલા !

હુઝૂરે અન્વર ﷺ ની વાતો ! પ્યારી પ્યારી વાતો ! મીઠી મીઠી વાતો ! તે વાતોની મીઠાશનો આલમ આશિકોના દિલોને પૂછો. બુધ્ધિવાળાઓ એ વાતોની મીઠાશથી અજાણ છે ! એ જ વાતો આખેરતનો સરમાયો છે, એ જ વાતો મહોબ્બતનો ઝખીરો છે. આવો ! એ જ વાતો કરીએ અને જાને દો આલમ ﷺ ની પ્યારી અદાઓનો નઝારો કરીએ.

હુઝૂરે અન્વર ﷺ પોતાનો કૌમી લિબાસ પહેરતા હતા. (શમાઈલે તિર્મિઝી) આપનો ઈર્શાદ છે : **"જે જે કૌમની જેવું રૂપ ધારણ કરે તે તેઓમાંથી જ છે."**

*(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૩, મિર્કાત, ભાગ–૧૮, પેજ–૨૫૫)*

*(ફુટ નોંધ અનુસંધાન પાછળના પેજનું ચાલુ....)*

**(૩)** ત્રીજી વાત એ છે કે નારાજગી પછી જલાલના આલમમાં ફર્માવ્યું, "હું તમારામાં સૌથી વિશેષ મુત્તકી છું અને તમારા સૌ કરતાં અલ્લાહનો ઈલ્મ ધરાવનાર છું." એટલે ખતા તથા કસૂર તો અજ્ઞાનતાના કારણે થાય છે, જે જાત ન કેવળ ચીજ બલ્કે ચીજોના ખાલિકનો ઈલ્મ ધરાવતી હોય, જ્યાં ઈલ્મ જ ઈલ્મ હોય, જ્યાં તકવો જ તકવો હોય, ત્યાં ખતા તથા લગઝિશ તો દૂર રહી ખિલાફે ઉલા (અફઝલથી વિપરિત)નો પણ અવકાશ નથી.

એક અન્ય હદીષે પાકમાં ફર્માવ્યું : "અને જે ચીજોથી બચવું જોઈએ તેનો સૌથી વિશેષ જાણનારો છું." *(શરહે મુસ્લિમ શરીફ, ભાગ–૩, પેજ–૯૯)*

આ હદીષોનો સાર એ છે કે જે જાત સૌથી વિશેષ મુત્તકી, જે સૌથી વધારે એ ચીજોનો ઈલ્મ ધરાવતી હોય, તો કોઈ માણસને એ નથી શોભતું કે "ઝનબ"ની નિસ્બત એની સાથે કરે. હા ! મૌલા તઆલા મુખ્તાર છે, તે તેના મહબૂબ છે, જે રીતે ચાહે ફર્માવે. અંગત નાઝની વાતો કોઈ બીજાને નથી કહેવામાં આવતી અને કોઈ સમજે તો શું સમજે ! અહીંની હાલત તો બુધ્ધિ તથા સમજથી એકદમ પર છે. –મસ્ઊદ

આ હદીષ પરથી કૌમી લિબાસ અને કૌમી આદતો તથા તૌર તરીકાઓના મહત્વનો અંદાઝો થાય છે. આ લિબાસ એવો હોવો જોઈએ જેને અમીર તથા ગરીબ બંને સમાન રીતે પહેરી શકે. મુસ્લિમ ઉમ્મતમાં કૌમી લિબાસના મહત્વનો એહસાસ નથી રહ્યો, તેની કૌમી વિશિષ્ટતા નષ્ટ થઈ ચૂકી છે. આપણે દિલો જાનથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદો પર અમલ કરવો જોઈએ. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમામાનો ઉપયોગ કર્યો. ફતહે મક્કાના પ્રસંગે કાળો અમામો પણ પણ શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ના કથનાનુસાર **મોટાભાગે સફેદ અમામો ઉપયોગમાં લેતા હતા.** આપનો એક અમામા શરીફ હતો જેનું નામ સહાબ હતું. *(મદારિજુન્નબુવ્વત, પેજ–૧૦૪૮, ભાગ–૨)*

અમામાના સંબંધે હુઝૂર અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ ઈર્શાદ ધ્યાનને પાત્ર છે :–

''અમામો મુસલમાનને માટે વકાર (પ્રતિષ્ઠા), અરબવાસીઓ માટે ઈજ્જત છે. જ્યારે અરબવાસીઓ અમામો ઉતારી દેશે તો ઈજ્જત પણ ઉતારી દેશે.'' *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૫, પેજ–૩૦૫)*

અરબ દેશો ખાસ કરીને સઊદી અરબમાં અમામા અદશ્ય થઈ ગયા અને તેનું સ્થાન અકાલે (રૂમાલ તથા દોરી વડે માથે રીંગ બને છે તેણે) લીધું અને અમામાના ઠેકાણે અકાલ કૌમી લિબાસ ઠર્યો. **એના બિદઅત હોવામાં કોઈ શક નથી પણ એના તરફ કોઈ ધ્યાન નથી કરતું ! કેમ કે અસલ બિદઅત એ છે જેનાથી સુન્નત નષ્ટ થઈ જાય.** હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અરબવાસીઓ માટે જે આગાહી કરી હતી તેને આપણે સગી આંખોએ જોઈ રહ્યા છીએ અને કાનો વડે સાંભળી રહ્યા છીએ. ગુમાવેલી ઈજ્જતને આપણે સુન્નતની પયરવી કરીને પામી શકીએ છીએ.

અલ્હમ્દુલિલ્લાહ ! અમામો ભારતખંડમાં મૌજૂદ છે પણ ક્રમે ક્રમે ઓછો થતો જઈ રહ્યો છે. ઉલમા તથા મશાઈખમાં રૂમાલ તથા ટોપીનો રીવાજ સામાન્ય થઈ ગયો છે. ટોપી તો સુન્નત છે, અલબત્ત ! પણ અમામાના સ્થાને રૂમાલ બિદઅત જણાય છે. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સફેદ ટોપી, યમનની ટોપીઓ, શામી ટોપી, મિસ્રી ટોપી, કાનોવાળી ટોપી, સર મુબારકથી ચીપકી જનાર ટોપી અને કિનારીવાળી ટોપી ઉપયોગમાં લીધી છે. *(શોઅબુલ્ ઈમાન, ભાગ–૫૦, પેજ–૧૭૫, ફૈઝુલ કદીર શરહે જામિઉસ્સગીર, ભાગ–૫, પેજ–૨૪૬)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે :–

''કપડાંમાં હુઝૂરને કમીસ પસંદ હતું.'' *(કાઝી અબ્દુસ્સલામ, લિબાસે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم, પેજ–૪૮)* એટલે ખિસ્સાવાળો કુર્તો જે સીરવાની નીચે પહેરવામાં આવે છે.

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ગરેવાન ક્યારેક ખભા પર હોતું, ક્યારેક બંધ હોતું, ક્યારે ખુલ્લુ હોતું. આપે ઉનનો લિબાસ અને કડક કપડાનો લિબાસ પણ પહેર્યો છે. *(શમાઈલે તિર્મિઝી, પેજ–૯૦)*

હઝરત ઓસામા બિન ઝૈદની રિવાયતના પ્રમાણે બીમારી વખતે કમજોરીના દરમ્યાન આપે યમની ચાદરમાં નમાઝ પઢાવી, જુમ્આ તથા ઈદોમાં યમની ચાદરનો ઉપયોગ કરતા હતા પછી લપેટીને મૂકી દેતા. *(સીરતુલ હલબિયહ્, ભાગ–૩, પેજ–૪૫૧)*

આપે ગાઢ લાલ રંગની ધારીદાર ચાદર અને જોડી પણ ઉપયોગમાં લીધી જેને હુલ્લા હમરા કહેવાતો હતો. અથવા જબરા (બે નકશીદાર યમની ચાદરો) કહેવામાં આવતું હતું. એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખૂબ જ પ્રિય હતી. *(મુસ્નદ, ભાગ–૬,*

*પેજ-૭૯૬, બુખારી શરીફ, ભાગ-૨, પેજ-૮૭, તથા શમાઈલે તિર્મિઝી, પેજ-૯૭, ૯૮, મુલ્લા અલી કારી)*

સિંધ (પાકિસ્તાન)માં આ ચાદરોને અજરક કહેવામાં આવે છે એમાં ગાઢ લાલ રંગ અને કાળી છપાઈવાળી ચાદરો જોડેલી હોય છે. પૂરાણા યુગથી આ ચાદરો સિંધથી યમન પહોંચાડવામાં આવતી હતી. અમુક મુહક્કિકોનો ખયાલ છે કે આ જ અજરકને યમની ચાદર કહે છે. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બે લીલી ચાદરો પણ ઉપયોગમાં લીધી. પ્રતિનિધિમંડળોના આગમનના સમયે લીલા રંગની આ ચાદરો અને તેહબંદ (લુંગી) ઉપયોગમાં લેતા હતા. જે એક અરસા સુધી ખલીફાઓ પાસે મેહફૂઝ રહી. જ્યારે એ ચાદર જર્જરીત થઈ ગઈ ચારેવ તરફ લેસ (ધારી) લગાડવામાં આવી. *(અલ્ વફા, પેજ-૨૭, સબલુલ્ હુદા વર્રશાદ, ભાગ-૭, પેજ-૩૧૨)*★

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હલકા રંગની બે જાફરાની (કેસરી) ચાદરો પણ ઉપયોગમાં લીધી. હઝરત આઈશા رضی اللہ عنہا ની રિવાયતના મુજબ બે કાળી ચાદરો પણ ઉપયોગમાં લેતા હતા. *(શમાઈલે તિર્મિઝી, પેજ-૯૯, ૧૦૦ તથા ૧૦૩)*

આપે "તીલ્સાન" (લાલ, સફેદ, કાળી ચાદરો), લાંબી પહોળી ચાદરો, ત્રિકોણ તથા ચોરસ રૂમાલો પણ ઉપયોગમાં લીધા. બુખરાની મોટી ધારવાળી ચાદર, કાળા રંગની ઊનની ચાદર પણ ઉપયોગમાં લીધી. એકવાર ફૂલદાર ચાદર પણ વાપરી પણ નાપસંદ કરતાં જલ્દીથી ઉતારી કાઢી. *(ઈબ્ને માજહ, પેજ-૨૬૨)*

બુર્દે સહરી પણ ઉપયોગમાં લીધી. ખમીસા (ચોરસ કાળી કમ્બલ), કતીફા (સફેદ ચાદર), સહૂલી (સફેદ કપડાં) પણ ઉપયોગમાં લીધાં. કતીફામાં સર મુબારકની તરફ એક નિશાન હતું. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ تعالیٰ عنہ એ એનું ધોવણ એક લાઈલાજ બીમારના નાકમાં ટપકાવ્યું તો તે બીમાર સાજો થઈ ગયો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૦૪૯, કરાચી)* આ ઐતિહાસિક બનાવમાં તે લોકો માટે બોધપાઠ છે જેઓ તબર્રુકાત પર યકીન નથી રાખતા. તબર્રુકાતનું વર્ણન તો કુર્આન મજીદમાં છે ! *(સૂરએ બકરહ, આ. ૨૪૮)*

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ને લીલો લિબાસ પસંદ હતો પણ **સફેદ લિબાસ સૌથી અધિક પસંદ હતો.** જેમ કે આપનો ઈર્શાદ છે :-

"જોઈએ કે તમે સફેદ લિબાસ પહેરો, તમારા જીવતા લોકો સફેદ કપડાં પહેરે અને તમારાં મુડદાંને પણ સફેદ કફન આપો કારણ કે એ તમારાં કપડાંમાં સૌથી બેહતર છે."

*(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ-૧૦૧)*

પાયજામો અને શલ્વાર (લેંગો) જો કે આપે નથી પહેર્યો પણ તેને પસંદ કરેલ છે અને ખરીદેલ પણ છે. *(ઈબ્ને માજહ, પેજ-૨૬૪)*

કુર્તો અને શલ્વાર એ આપણો કૌમી લિબાસ હોવો જોઈએ અને ખુદાના ફઝ્લથી એ જ કૌમી લીબાસ છે પણ અમુક ખાસ તબકાના લોકોને શાદી વગેરે ખાસ પ્રસંગોમાં આ લિબાસ પહેરવો સારો નથી લાગતો અને તેઓ ગૈરોના લિબાસ (કોટ, ટાઈ, પેન્ટ, શર્ટ) પહેરેલા જોવા મળે છે. **આપણી ચીજોને હકીર (નીચ) સમજવી અને ગૈરની અયોગ્ય ચીજોને પ્રતિષ્ઠા આપવી એ ઝિંદા કૌમોની નિશાની નથી, પણ બીમાર કૌમોની નિશાની છે.** આપણે આપણા તૌર તરીકા (રીત રીવાજ) છોડીને ગૈરોના

★ *ઈ.સ. ૧૯૯૪માં હિજાઝના મશ્હૂર આલિમ અને શયખે વક્ત શયખ મુહમ્મદ અલ્વી માલિકી مدظلہ العالی એ મદીના મુનવ્વરામાં મુઝ ફકીરને (મસ્ઊદ સાહબને) મહોબ્બતથી કરમ ફર્માવીને લીલી ચાદર અતા કરી અને પોતાના મુબારક હાથે પહેરાવી જેને ખિર્કો કહેવામાં આવે છે અને જે તેમના ખાનદાનમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી સંબંધિત છે.*

તૌર તરીકા અપનાવી લીધા છે, પરંતુ આ મહાન કુર્બાની ! આપવા છતાં કોઈના દિલમાં આપણી ઈજ્જત નથી !

લો વો ભી કહતે હૈં યે બે નંગો નામ હૈ
યે જાનતા અગર તો લૂટાતા ન ઘર કો મૈં

હુઝૂરે અન્વર ﷺ એ સાદો સુથરો લિબાસ પસંદ ફર્માવ્યો, ખૂબ ઉમદા લિબાસ પણ પહેર્યો, થીંગડાવાળાં કપડાં પણ ઉપયોગમાં લીધાં પણ "લિબાસે શોહરત"ને પસંદ નથી કર્યો. (એટલે એવો ગૈર મસ્નૂન (સુન્નત વિરૂધ્ધનો) લિબાસ જેનાથી કોઈ ખાસ વ્યક્તિ કે ટોળી અન્યોથી અલગ નજર આવે, અને ઓળખવામાં આવે.) *(તબકાતે ઈબ્ને સઅદ, ભાગ-૧, પેજ-૪૬૧, મિશ્કાત શરીફ, પેજ-૩૭૩, શરહે મુસ્લિમ, ભાગ-૨, પેજ-૩૮૪, અબૂ દાઊદ, ભાગ-૨, પેજ-૨૦૩, મજમઉઝ્ઝવાઈદ, પેજ-૮૨૨૮)*

હુઝૂર ﷺ એ વિવિધ પ્રકારના જભ્ભા પણ ઉપયોગમાં લીધા. હઝરત મુગીરહ ઈબ્ને શઅબા رضی اللہ عنہ ની રિવાયતના પ્રમાણે આપે રૂમી જભ્ભા પહેર્યા જેની બાંય ટૂંકી હતી. આપનો એક જભ્ભો લીલા સુંદુસ (રેશમ)નો હતો અને બીજો જભ્ભો અતલસ (રેશમ)નો હતો, આ ત્રણેવ જભ્ભા ગઝવાતમાં (જંગોમાં) ઉપયોગ કરતા હતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ-૧૦૪, મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૦૪૭)*

હુઝૂર ﷺ નો એક જભ્ભો હઝરત આઈશા رضی اللہ عنہا પાસે હતો જે તેમનાં બહેન અસ્મા બિન્તે અબૂબક્રે લઈ લીધો હતો. તે ફર્માવે છે; હું એને ધોઈને એનું ધોવણ શિફાયાબી (બીમારીથી તંદુરસ્તી પામવા)ના માટે બીમારોને આપતી હતી. *(હવાલો ઉપર મુજબ, પેજ-૧૦૪૮)*

હુઝૂરે અન્વર ﷺના અમુક તબર્રુકો હઝરત ઉમર ઈબ્ને અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ ની પાસે પણ હતાં જેને આપે એક ખાસ મકાનમાં સુરક્ષિત કરી રાખ્યાં હતાં અને સન્માનનીય લોકોને ઝિયારત કરાવતા હતા. *(હવાલો ઉપર મુજબ, પેજ-૧૦૪૯)*

**ઈસ્લામના દુશ્મનોની સાઝિશ એ છે કે આપણને હુઝૂરે અન્વર ﷺ થી નિસ્બત રાખનારી ચીજોથી અલગ કરી દેવામાં આવે જેથી લંગર તૂટી જાય અને જહાઝ ડૂબી જાય !** (મઆઝલ્લાહ !) અલ્લાહ તઆલા આપણને ઈસ્લામના દુશ્મનોની સાઝિશથી બચાવે, આમીન ! જેથી આપણે સહાબાએ કિરામ તથા સહાબિયાત رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ ના નક્શે કદમ ચાલીને તબર્રુકોની કદર તથા મહત્વનો એહસાસ પેદા કરીએ.

હુઝૂરે અકરમ ﷺ પ્રકૃતિની દૃષ્ટિએ સાદગીપસંદ હતા અને સામાન્યતઃ સાદો લિબાસ પહેરતા હતા. ભલે આપ શહેરમાં રહ્યા પણ આપે દીની ગામડામય સમાજ અને કરકસરને પસંદ ફર્માવી જેથી ગામડેથી આવનાર ગરીબો તથા ફકીરો મુલાકાત તથા વાત કરવામાં કોઈ ખચકાટ ન અનુભવે અને આર્થિક રીતે પણ મજબૂત રહે કેમ કે ખર્ચમાં ઉડાઉપણુ આર્થિકતાને ખોખરી કરી નાખે છે. આપણે પર્દા પર પર્દા નાખી રહ્યા છીએ અને આપણે અયોગ્ય રીતે અમીર તથા ગરીબ અને ઓફિસર તથા હાથ હેઠળનાઓ વચ્ચે દીવાલો ઉભી કરી રહ્યા છીએ. પ્રોટોકોલ ન હોય તો મોટામાં મોટી શખ્સિયતનો પળ વારમાં ભરમ ખુલી જાય. સઘળો તમાશો "હટો ! બચો !"નો છે. અલ્લાહ તઆલા આપણને હુઝૂર અન્વર ﷺ ની સાદગી અપનાવવાની તૌફીક અતા ફર્માવે, આમીન ! હુઝૂરે અન્વર ﷺ એ ફકીરાના જિંદગી પસાર કરી, કોઈ ચીજની બે જોડો હોતી, ન બે કુર્તા ન બે તેહબંદ ન બે ચાદરો ન નાલૈન શરીફની બે જોડીઓ. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ-૮૮, ૮૯, મવાહિબે લદુન્નિયા, પેજ-૫)*

વિસાલ મુબારકના સમયે શરીર મુબારક પર એક થીંગડાંવાળી ચાદર અને એક લુંગી હતી. હઝરત આઈશા رضی اللہ عنہا એ કસમ ખાઈને ફર્માવ્યું કે આપના શરીર મુબારક પર આ બે કપડાં મુબારક સિવાય કાંઈ ન હતું. *(મિશ્કાત શરીફ, પેજ–૩૭૩, શરહે મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૬, ૩૮૪, અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૩)*

ઝાહિરમેં ગરીબુલ્ ગુર્બા ફિર ભી યે આલમ
શાહોંસે સિવા સુતૂત સુલ્તાને મદીના

જો આપણે આપણી હાલતનું નિરીક્ષણ કરીએ તો અમુક જણાના તો એટલાં જોડ કપડાં વગેરે હશે કે ગણતાં ગણતાં થાકી જાવ ! જરા વિચાર કરો ! હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક જોડ તે પણ આટલી સાદી ! એ જ હાલત પાક બીવીઓની હતી. ફકીરના ખયાલમાં આપની તેમજ ઘરવાળાઓની આ ઈખ્તેયારી ગરીબી આપના મો'જિઝાઓમાંથી એક મો'જિઝો છે જેના પ્રતિ કોઈ ધ્યાન નથી કરવામાં આવ્યું. દુનિયામાં રહીને કુદરત ધરાવવા છતાં દુનિયાથી આટલા બધા બેતઅલ્લુક થઈ જવું ખૂબ હૈરતનાક છે ! ઈતિહાસમાં આવું કોઈ દષ્ટાંત નથી. આપણે ખારિકે આદાત (સામાન્ય નિયમ વિરૂધ્ધની) વાતોની તલાશ કરીએ છીએ, શું હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાદગી ખારિકે આદત નથી ? આપણી ફુઝૂલખર્ચીઓની હાલત એવી છે કે એક પત્રકારના કથનાનુસાર (તંત્રી : સાહિલ, મે–૧૯૮૯) પાક. માં કેવળ પ્રમુખના મહેલ અને વડા પ્રધાનના મહેલનો રોજનો ખર્ચ ૧ કરોડ રૂપિયા છે. એના પરથી એમના હાથ નીચેના ઓફિસરોની ફુઝૂલ ખર્ચીઓનો કયાસ કાઢી લો. જ્યાં સુધી આ બીમારી નથી જતી ત્યાં સુધી બીમાર તંદુરસ્ત નથી થતો. (હિંદમાં પણ એક વાર કેવળ અમુક જ દિવસોનો રાજ્ય સભાના અધ્યક્ષ નજમા હેપ્તુલ્લાહના બ્રેક ફાસ્ટ વગેરેનો ખર્ચ લાખોમાં બહાર પાડયો હતો. તેણી ગયા વર્ષે એનડીએ સત્તા પર હતી ત્યારે રાજસભાનાં અધ્યક્ષ હતાં.) જ્યાં સુધી ઉપરથી સ્થિતિ નહીં બદલાય તો નીચેથી સ્થિતિ નથી બદલાઈ શક્તી. મૌખિક લપસણાં નિવેદનોથી કોઈ ફાયદો નથી, અમલથી ક્રાંતિ સર્જાય છે.

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે નવો કુર્તો, અમામો કે ચાદર ઉપયોગમાં લેતા તો તેનું નામ તજવીઝ કરતા અને નામ લઈને જ તેને પોકારતા. આપે ઘરની દરેક ચીજનું નામ નક્કી કર્યું હતું. આપે દરેક વજૂદની તા'ઝીમ (સભ્યતા) શીખવાડી. પોતાના ગુલામોને કેવી અદબ શીખવાડી કે કોઈએ ન શીખવી હશે. એવી અદબ તો આ યુગમાં પણ જોવા નથી મળતી જેને પ્રગતિ તથા સભ્યતાનો યુગ કહેવામાં આવે છે !

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે નવુ કપડુ પહેરતા ત્યારે દુઆ પઢતા એ દુઆ મુબારક હદીષોમાં મળે છે, દા.ત. :–

**الـحـمدلله الذى كسانى هذاورزقنيه من غير حول منى وقوة۔**

''શુક્ર છે અલ્લાહ عزوجل નો જેણે મને આ પહેરાવ્યું અને મારી શક્તિ તથા તાકાત વિના આ મને અતા કર્યું.''

**الـلهم لك الحمدانت كسوتنيه اسئلك خميره وخير مـاصـنـع لـه واعوذبك من شره وشرما ماصنع له۔**

''હે અલ્લાહ ! શુક્ર છે, તેં જ મને પહેરાવ્યું. હું તારાથી એની ભલાઈનો અને જે હેતુ માટે આ પહેર્યું છે એની ભલાઈનો સવાલ કરી રહ્યો છું અને એની બુરાઈથી તથા જે હેતુના માટે એને બનાવવામાં આવ્યું છે એની બુરાઈથી પનાહ માંગું છું.''

**الـحـمدلـلـه الـذى كسـانى مـااوارى بـه عورتى واتجمل به فى حياتى۔**

"શુક્ર છે અલ્લાહ તઆલાનો જેણે મને તે કપડાં પહેરાવ્યાં જેનાથી હું મારું સતર ઢાંકુ છું અને મારી જિંદગીમાં તેનાથી શણગાર પામું છું."

લિબાસ શરીર તથા રૂહ બંને પર અસર અંદાઝ થાય છે એટલા માટે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેની બુરાઈથી પનાહ માંગીને મહાન નફસાની તથા અખ્લાકી રાઝની તરફ નિર્દેશ કર્યો. આપ ખાલિકે કાઈનાતના રાઝના જાણનાર હતા. અમ ગુનેહગારો પર કેટલુ બધું એહસાન ફર્માવ્યું !

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નાલૈન શરીફ (પગરખાં મુબારક) વાપર્યા. આપે જૂતી પહેરવાવાળાને સવાર અને જૂતી પહેરવાવાળીને સવારી ઠરાવી. આપે પીળા રંગની ના'લૈન ઉપયોગમાં લીધી. કાળો રંગ મના ફર્માવ્યો. અલ્બત્ત કાળા મોજા વાપર્યા, એ સુન્નત છે. કદી કદી આજીજી તથા ઈન્કેસારી (નમ્રતા)ના કારણે ઉઘાડા પગે પણ ચાલ્યા. એ પણ સાબિત છે. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૧૯૮, લિબાસે હુઝૂરે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم , પેજ–૯, ૧૦, મનાવી શરહે શમાઈલે તિર્મિઝી, પેજ–૧૮૫)*

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેહબંદ (લુંગી) બાંધવા અને શલ્વાર (લેંગો) પહેરવાના નિયમ શીખવાડયા કે તે ઘૂંટીઓથી ઊંચે રહે. હુઝૈફા ઈબ્ને યમાન رضی اللہ عنہ રિવાયત કરે છે :–

"હુઝૂર અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારી અથવા પોતાની પીંડલીનો હિસ્સો પકડીને ફર્માવ્યું, આ તેહબંદની જગા છે (એટલે આ તેહબંદની હદ છે) જો તને એના પર સબ્ર નથી તો એનાથી નીચે કરી લે, જો એના પર પણ સબ્ર નથી તો **તેહબંદનો ઘૂંટીઓ પર કોઈ હક્ક નથી.**" *(ઈબ્ને માજહ, પેજ–૨૬૪)*

હદીષે પાકનું છેલ્લુ વાક્ય ઘણુ જ અર્થપૂર્ણ છે અને બોધદાયક છે.

"તેહબંદ (લુંગી)નો ઘૂંટીઓ પર કોઈ હક્ક નથી."

હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ન કેવળ ઈન્સાનોના બલ્કે અંગોના હક્કોનો પણ નિર્દેશ કર્યો અને બીજી બાજુ મુસ્લિમ કૌમને નિરર્થક ફુઝૂલખર્ચીથી બચાવી જેને કરવાવાળાઓને કુર્આનમાં શૈતાનના ભાઈ કહ્યા છે.

ان المبذرين كانوا اخوان الشياطين۔

"બેશક ! ઉડાઉ લોકો શૈતાનના ભાઈ છે." (એટલે વિના જરૂરતે ખર્ચ કરનારા)

એટલા માટે શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ رحمۃ اللہ علیہ ના કથનાનુસાર ફકીહોની દષ્ટિએ ઈજારનું ઘૂંટીની નીચે સુધી લટકાવવું હરામ અને તદ્દન બિદઅત છે. આપણા શહેરી સમાજમાં આવા લોકો પુષ્કળ છે. એમાં શક નથી કે આર્થિક મજબૂતીનો આધાર કરકસર પર છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક તરફ ફુઝૂલખર્ચીથી બચાવ્યા અને બીજી તરફ નફ્સયાતી રોગોનો ઈલાજ દર્શાવ્યો, કેમ કે **સામાન્યતઃ એ જ લોકો તેહબંદ કે શલ્વાર ઘૂંટીની નીચે રાખે છે જેમને પોતાનો ભપકો પાડવાનો હોય છે અથવા પોતાની સુન્નત વિરૂધ્ધની આદતની સુધારણા કરવા નથી ચાહતા. જો એવું ન હોય તો ઘૂંટીથી ઊંચે રાખવામાં શું ખરાબી છે ? અને ઘૂંટીથી નીચે રાખવાના શા માટે આગ્રહી છે ?** અરબોમાં એ રીવાજ હતો કે લિબાસનો ખોળો લાંબો રાખતા અને તેહબંદ એટલુ નીચું રાખતા કે તે જમીન પર ઘસડીને ચાલતા. એ પૂરાની નિશાની સમજવામાં આવતી. અરબોના રઈસો તથા અમીરો એવું જ કર્યા કરતા હતા. આપણે ત્યાં પણ એવું થતુ રહે છે. એવા લોકોના માટે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે :

"જે કોઈ પોતાની ઈજાર (લુંગી કે લેંગો) ફખ્ર

**તથા ઘમંડને કારણે ઘસેડીને ચાલશે,** અલ્લાહ તઆલા કિયામતના દિવસે તેના પર નજર નહીં ફર્માવે." (એટલે જો કોઈ કશા ઉઝ્ર વિના એવું કરશે તે અલ્લાહ તઆલાની રહમતથી મેહરૂમ રહેશે.)

હઝરત સલ્મા رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ નું તેહબંદ પીંડલી સુધી રહેતું હતું. અને ફર્માવ્યું કે મારા આકા તથા મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم નું તેહબંદ પણ એ જ પ્રમાણે હોતું.

જયારે એ જણાઈ ગયું કે હુઝરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક આદત એ હતી તો પછી મુસ્તફાના ગુલામો માટે ચર્ચાનો કોઈ વિષય બાકી રહેતો નથી તેહબંદ કે શલ્વાર વધુમાં વધુ એ હદ સુધી રાખવું જોઈએ જેની આપે રજા આપી, છેલ્લી હદ ઘૂંટી છે. જ્યાં સુધી ઘૂંટીથી ઉપર વાળવાનો સવાલ છે તો એમાં કરાહત એ સમયે છે જયારે વાળવાથી શલ્વાર કે તેહબંદ વિકૃત સ્વરૂપનું (કઢંગુ) થઈ જાય અને માણસ અસભ્ય જણાવા લાગે. કરાહતનું મૂળ કારણ લિબાસનું હુસ્ન તથા ખૂબસૂરતી મેહરૂમ થવું છે. હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવો લિબાસ પસંદ નથી ફર્માવ્યો જેના પ્રતિ નજરો ઉઠવા લાગે અને સ્ત્રીઓ માટે એવું કપડું પસંદ નથી ફર્માવ્યું જેનાથી અંદરનું શરીર પ્રદર્શિત થાય. *(તબકાતે ઈબ્ને સઅદ, ભાગ-૮, પેજ-૫૦, અહમદ ઈબ્ને હંબલ શૈબાની, મુસ્નદ, ભાગ-૬, પેજ-૭૯૬)*

આપે ભડકીલો (ભપકાદાર) રંગ પણ પસંદ નથી કર્યો. એ પણ પસંદ નથી કર્યું કે સ્ત્રીઓ પુરૂષોનો ડ્રેસ પહેરે અને પુરૂષો સ્ત્રીઓનો લિબાસ પહેરે. એવા સ્ત્રી તથા પુરૂષો પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ લઅ્નત ફર્માવી છે. *(બુખારી શરીફ, ભાગ-૨, પેજ-૮૭૪, તિર્મિઝી શરીફ, પેજ-૩૯૬, અબૂ દાઊદ શરીફ, પેજ-૧૧૪)*

આજકાલ લિબાસના મામલામાં પુરૂષ તથા સ્ત્રી બાગી (વિદ્રોહી) જણાય છે. પુરૂષો ગુથણોથી ઉપર ચડ્ડી પહેરવા લાગ્યા છે, પાટલૂન તો એવું સામાન્ય છે કે જાણે એમનું જ થઈ ગયું ! જે બેહયાઈની નજીક છે. જે હેતુસર કપડુ પહેરવામાં આવે છે તેનો મકસદ એ નથી કે શરીરને ગિલાફ (ફીટ કવર) ચઢાવી દેવામાં આવે ! બલ્કે મૂળ ધ્યેય શરીરને છુપાવવાનો છે.

સૌથી તકલીફદાયક વાત એ છે કે પાટલૂન પહેરનારના માથે ટોપી અને ચહેરા પર દાઢી ન હોય તો તે મુસલમાન જણાતો જ નથી ! જ્યાં સુધી એવું બતાવવામાં ન આવે કે આ મુસલમાન છે. (આ કેવી મુસલમાની છે ! અલ્લાહની પનાહ ! **મુસલમાનને મુસલમાન દેખાવું નથી ગમતું !** *-અનુવાદક*)

એ મુસલમાન જ શું જે ઓળખનો મોહતાજ હોય ! સ્ત્રીઓ ! (અલ્લાહની પનાહ !) સ્ત્રીઓ પણ બગાવત (વિદ્રોહ) પર ઉતરી આવી છે ! કાશ ! કે તેણીઓ સુધી કોઈ પ્યાર મહોબ્બત સાથે કુર્આનની તથા ઈસ્લામની વાતો પહોંચાડે. સ્ત્રીઓમાં દીનની ઘણી મહોબ્બત અને તડપ છે પણ કોઈ બતાવે તો ખરું !

આપણે સુન્નત પ્રમાણેના લિબાસ અને તરીકાઓને આપણા ઘરોમાં સરકારી તથા ગૈર સરકારી કક્ષાએ આમ કરવા જોઈએ. આપણી કરજદાર જિંદગીના માટે સાદગી ઘણી જ મહત્વની છે અને એ ત્યારે જ શક્ય છે જયારે આપણે નફ્સની ગુલામી ત્યજીને અલ્લાહની ઈબાદત કરીએ. કાશ ! કે આપણા દિલોમાં સદાકત તથા સચ્ચાઈ ઘર કરી જાય અને દોરંગીપણુ ખત્મ થઈ જાય. આપણે તનની સાથે સાથે મનને પણ સંવારવા લાગીએ જેથી જિંદગીની ખરી મજા આવી જાય. (આમીન)

યક રંગી વ આઝાદી અય હિંમતે મર્દાના

*(બરકાતે ખ્વાજા મંથલી, જાન્યુઆરી-૨૦૦૫)*